RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૧૫    શુક્રવાર તા.૨૮-૦૮-૨૦૨૬    અંક : ૫૮ વર્ષ : ૨૨    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# નેપાળ પૂર પ્રકોપમાં મૃત્યુઆંક વધીને ૫૦૦ની નજીક

## ૧૪૦૦ લોકો હજુ પણ ગુમ: ૨૯૦ ભારતીયોની શોધખોળ યથાવત, તળાવ તૂટતા ફરી પૂરનું જોખમ

કાઠમંડુ,

નેપાળ-તિબેટ બોર્ડર પર બુધવારે સવારે આવેલા અચાનક પૂરથી નેપાળના રસૂવા સહિત ઘણા વિસ્તારોમાં ભારે તબાહી મચી ગઈ. પૂર અને ભૂસ્ખલનથી બંને દેશોમાં અત્યાર સુધીમાં ૪૭૫ જેટલા લોકોના મોત થયા છે, અને મૃત્યુ આંક ૫૦૦ નજીક છે.જ્યારે લગભગ ૧,૪૦૦ લોકો હજુ પણ ગુમ છે. આમાં લગભગ ૨૯૦ ભારતીયો પણ સામેલ છે.

પૂરનું પાણી તિબેટ તરફથી નેપાળમાં આવ્યું હતું અને હવે જે તળાવમાં પાણી જમા છે, તેના ફરીથી તૂટવાથી ફરી પૂર આવવાનું જોખમ યથાવત છે.

ચીને જણાવ્યું છે કે રસૂવાગઢી બોર્ડરથી



૧૮ કિમી ઉપર તિબેટની લ્હેંદે નદીમાં એક નવી બેરિયર તળાવ બની ગયું છે. તળાવ લગભગ ૦.૧૧ ચોરસ કિમીમાં ફેલાયેલું છે. તેમાં લગભગ ૨૦૦ કરોડ લિટર પાણી જમા છે. આગામી ૩ દિવસમાં ૩૦૦ કરોડ લિટર વધુ પાણી આવી શકે છે.

ચીન-નેપાળ સરહદ પર આવેલા ગ્યિરોંગ કાઉન્ટીમાં આગામી ત્રણ દિવસ સુધી વરસાદ પડવાનું અનુમાન છે. આ વિસ્તાર તાજેતરના ભૂસ્ખલનથી ખરાબ રીતે પ્રભાવિત થયો છે. અધિકારીઓએ આગળ પણ ભૂસ્ખલન અને પૂરનો ભય વ્યક્ત કર્યો છે.ચીનના પ્રાકૃતિક સંસાધન મંત્રાલયે અગાઉ ચેતવણી આપી હતી કે નેપાળમાં ભૂસ્ખલનના કારણે બનેલી અસ્થાયી બંધ જેવી સંરચના તૂટી શકે છે. તેની પાછળ એક તળાવ બની રહ્યું છે. જો આ સંરચના તૂટશે તો નીચાણવાળા વિસ્તારોમાં ફરીથી પૂર આવી શકે છે.

### ૨૫૦૦ ગ્લેશિયર સરોવરો કોઈપણ સમયે તબાહી સર્જી શકે છે

ભારતના ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૨૭ પ્રદેશો કુદરતી આપત્તિઓની દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ છે. હિમાલય ક્ષેત્રમાં આવેલી ૨૫૦૦થી વધુ ગ્લેશિયર સરોવરો જોખમી સ્થિતિમાં છે, જ્યારે ૪૦૦થી વધુ ગ્લેશિયર ઝડપથી પીગળી રહ્યા છે. આ સરોવરો ફાટવાથી આવતા વિનાશક પૂરના જોખમનું મૂલ્યાંકન કરવાની ટેકનોલોજી તો બની ગઈ છે, પરંતુ લોકોના જાનમાલનું રક્ષણ કરવું હજુ પણ મોટો પડકાર છે. તાજેતરમાં નેપાળની ભોટેકોશી નદીમાં ગ્લેશિયર તળાવ ફાટવાને કારણે ભારે તારાજી સર્જાઈ હતી. ગૃહ મંત્રાલયની સંસદીય સમિતિના ૨૬૧મા અહેવાલમાં જણાવાયું છે કે નદીના પટમાં ગેરકાયદે દબાણો અને યોગ્ય આયોજનના અભાવે પૂરનું નુકસાન સતત વધી રહ્યું છે.

### પૂર બાદ ૯૦ જેટલા અમેરિકી નાગરિકો ગુમ

નેપાળ-તિબેટ સરહદી વિસ્તારમાં વિનાશક અચાનક આવેલા પૂર બાદ લગભગ ૯૦ અમેરિકી નાગરિકોની હજુ સુધી કોઈ ભાળ મળી નથી.અમેરિકી વિદેશ વિભાગે જણાવ્યું કે તેમને કોઈ અમેરિકી નાગરિકના મોતની માહિતી મળી નથી. તો બીજી તરફ, ૩ અમેરિકી નાગરિકોને બચાવી લેવામાં આવ્યા છે. ગુમ અમેરિકી નાગરિકોમાંથી ઘણા લોકો તિબેટમાં કૈલાશ પર્વતની તીર્થયાત્રા પર ગયા હતા. કૈલાશ પર્વત હિન્દુ, બૌદ્ધ અને અન્ય ધર્મોના લોકો માટે પવિત્ર માનવામાં આવે છે. ગુમ લોકોમાં ૩૨ દેશોના ૭૦૦ થી વધુ વિદેશી નાગરિકો સામેલ છે. નેપાળ ટુરિઝમ બોર્ડના જણાવ્યા અનુસાર, તેમાંથી ઓછામાં ઓછા ૫૧૭ વિદેશી નાગરિકો નેપાળમાં લાપતા છે. જ્યારે ચીનના અધિકારીઓના જણાવ્યા અનુસાર ૨૬૦ લોકો ચીનમાં લાપતા છે.

# ક્યાંક રાહત તો ક્યાંક વરસાદનું જોખમ, ૨ સપ્ટે. સુધી ભારે વરસાદની આગાહી

નવીદિલ્હી,

દેશના વિવિધ રાજ્યોમાં ચોમાસાની પેટર્નમાં સતત બદલાવ જોવા મળી રહ્યો છે. એક તરફ જ્યાં કેટલાક રાજ્યોમાં વરસાદ નબળો પડવાને કારણે રાહત મળી રહી છે, તો બીજી તરફ પૂરગ્રસ્ત ઓડિશામાં હજુ પણ મુશ્કેલીઓ યથાવત છે અને આગામી દિવસોમાં વરસાદનું જોખમ વધુ વધી શકે છે.

ઓડિશામાં પૂરના કારણે સર્જાયેલી ગંભીર પરિસ્થિતિમાંથી હજુ સુધી સંપૂર્ણ રાહત મળી નથી. રાજ્યના કેન્દ્રપારા, ભદ્રક અને જાજપુર સહિતના જિલ્લાઓના હજુ પણ ૧૮૭ ગામો પૂરમાં ઘેરાયેલા છે, જ્યાં આશરે ૭૬,૦૦૦ લોકો પૂરના પાણીથી પ્રભાવિત છે. આ ચોમાસામાં ભારે વરસાદને કારણે ઓડિશા પહેલેથી જ બે વાર પૂરનો ભોગ બની ચૂક્યું છે, જેનાથી ૧,૮૯૫ ગામોના લાખો લોકો અસરગ્રસ્ત થયા છે. જોકે, રાહતની વાત એ છે કે રાજ્યની મુખ્ય નદીઓનું પાણીનું સ્તર હાલ ખતરાના નિશાનથી નીચે વહી રહ્યું છે. સ્પેશિયલ રિલીફ કમિશનર (SRC) કાર્યાલય દ્વારા રાહત અને પુનઃસ્થાપનની કામગીરી યુદ્ધના ધોરણે પરંતુ, મુશ્કેલીઓ હજુ ટળી નથી કારણ કે ભારતીય હવામાન વિભાગ (IMD) એ ૨ સપ્ટેમ્બર સુધી ઓડિશામાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. બંગાળની ખાડીમાં સર્જાનારા નવા લો-પ્રેશરને કારણે બાલાસોર, મયુરભંજ, ભદ્રક, કેઓંઝર સહિતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના છે. ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને માછીમારોને ૩૦ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર દરમિયાન દરિયામાં ન જવાની સખત સલાહ આપવામાં આવી છે.

### રાજસ્થાન અને યુપીમાં ચોમાસું નબળું પડ્યું

બીજી બાજુ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં ચોમાસાની પ્રવૃત્તિઓ નબળી પડી રહી છે. રાજસ્થાનમાં ચોમાસાની ચાપ ઉત્તર ભારત તરફ ખસતાં આગામી ચાર દિવસ સુધી વરસાદ નબળો રહેવાની અને મોટાભાગના વિસ્તારોમાં વાતાવરણ સ્વચ્છ રહેવાની ધારણા છે. રાજ્યમાં અત્યાર સુધી સામાન્ય કરતાં ૨૧ ટકા ઓછો વરસાદ નોંધાયો છે, જોકે તાજેતરમાં કોટા અને ભરતપુર વિભાગમાં હળવોથી મધ્યમ વરસાદ પડ્યો છે.

# નાણામંત્રી નિર્મલા સીતારામન આજથી અમેરિકાના પ્રવાસે

નવીદિલ્હી,

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મળા સીતારામન ૨૮ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બર સુધીના છ દિવસીય મહત્વપૂર્ણ અમેરિકા પ્રવાસે જઈ રહ્યા છે. પોતાના આ પ્રવાસ દરમિયાન તેઓ શિકાગો ખાતે વૈશ્વિક રોકાણકારો અને અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે બેઠકો કરશે. આ ઉપરાંત તેઓ પોલ્સ્કી સેન્ટરની મુલાકાત લઈને ભારત અને અમેરિકા વચ્ચે વેપાર, દ્વિપક્ષીય રોકાણ, ઈનોવેશન અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે પરસ્પર સહયોગ વધારવા અંગે વિગતવાર ચર્ચા કરશે.

# દેશભરમાં ૨૫,૦૦૦થી વધુ જગ્યાઓ પર ગ્રામીણ ડાક સેવકની ભરતીની જાહેરાત

## ૩૧ ઓગસ્ટથી ભરતી માટે શરુ થશે રજીસ્ટ્રેશન પ્રક્રિયા

નવીદિલ્હી,

ઈન્ડિયા પોસ્ટમાં સરકારી નોકરીની તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે મોટી ખુશખબર છે. ઈન્ડિયા પોસ્ટે ગ્રામીણ ડાક સેવક એટલે કે GDS ભરતી ૨૦૨૬ માટે નોટિફિકેશન જાહેર કર્યું છે. ગુજરાતમાં ૪૯૯ સહિત દેશભરમાં ૨૫,૦૦૦થી વધુ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. આ ભરતી માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા ૩૧ ઓગસ્ટ ૨૦૨૬થી શરૂ થશે. ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકશે.

ઈન્ડિયા પોસ્ટની GDS ભરતીમાં ગુજરાત સર્કલ માટે કુલ ૪૯૯ જગ્યાઓ ઉપલબ્ધ છે. આ જગ્યાઓ રાજ્યની વિવિધ ડિવિઝનમાં વહેંચાયેલી છે. ગુજરાતના ઉમેદવારો પોતાની પસંદગીની ડિવિઝન મુજબ ખાલી જગ્યાઓની વિગતો જોઈને અરજી કરી શકશે.ઈન્ડિયા પોસ્ટ GDS ભરતી ૨૦૨૬ માટે ૩૧ ઓગસ્ટ ૨૦૨૬થી રજિસ્ટ્રેશન શરૂ થશે. ઉમેદવારો ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી વન ટાઈમ રજિસ્ટ્રેશન કરાવી શકશે.

રજિસ્ટ્રેશન બાદ ૨ સપ્ટેમ્બર ૨૦૨૬થી ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ થશે. ઉમેદવારો ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી અરજી કરી શકશે. અરજીમાં સુધારો કરવા માટે ૨૩ સપ્ટેમ્બરથી ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન કરેકશન વિન્ડો ખુલ્લી રહેશે.

### ઓનલાઈન અરજી કેવી રીતે કરવી?

ઉમેદવારોએ ઈન્ડિયા પોસ્ટની સત્તાવાર વેબસાઈટ પર જઈને જીડીએસ ભરતી માટે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ અરજી ફોર્મમાં જરૂરી વિગતો ભરવાની રહેશે. અરજીની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ ફી ભરીને ફોર્મ સબમિટ કરવાનું રહેશે. અંતે કન્ફર્મેશન પેજ ડાઉનલોડ કરીને તેની નકલ સાચવી રાખવી જોઈએ. જીડીએસ ભરતી માટે ૧૦મું પાસ ઉમેદવારો અરજી કરી શકશે. ઉમેદવારે ૧૦મા ધોરણમાં ગણિત અને અંગ્રેજી વિષયનો અભ્યાસ કરેલો હોવો જોઈએ. આ ઉપરાંત સ્થાનિક ભાષાનો અભ્યાસ કરેલો હોવો પણ જરૂરી છે. ઉમેદવારોની ઉંમર ૧૮થી ૪૦ વર્ષ વચ્ચે હોવી જોઈએ. મેરિટ યાદી ૧૦મા ધોરણમાં ઉમેદવારોએ મેળવેલા ગુણના આધારે તૈયાર થશે.

# અમેરિકા અને કેનેડાની કંપનીઓને મુખ્યમંત્રીએ વાયબ્રન્ટ ગુજરાત માટે આપ્યું ખાસ આમંત્રણ



અમદાવાદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમેરિકા અને કેનેડાનો સફળ પ્રવાસ કરીને અમદવાદ પરત ફર્યા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં વધુમાં વધુ વૈશ્વિક મૂડીરોકાણ આવે એવો અમારો પ્રયત્ન રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વૈશ્વિક સંબંધો અને તેમના પરનો વિશ્વાસ અમને આ પ્રવાસમાં જોવા મળ્યો છે. વડાપ્રધાન પરના સંપૂર્ણ વિશ્વાસના કારણે લોકોએ આજે દરેક સેક્ટરમાં મૂડી રોકાણને પ્રાધાન્ય આપ્યું છે. દરેક સેક્ટરમાં લોકો મૂડી રોકાણ કરવા ઈચ્છે છે.

ભારતમાં આવતું રોકાણ પછી આપણા રાજ્ય ગુજરાતમાં આવે એ માટે મારા આ પ્રયાસો હતા. સેમિકન્ડક્ટર, એઆઈ, ડેટાસેન્ટર, ઉત્પાદન વગેરે માટે, ગિફ્ટ સિટી માટે આર્થિક ક્ષેત્રે કામ કરતી મોટામાં મોટી કંપનીઓ સાથેની બેઠક ઘણી સારી રીતે પૂર્ણ થઈ છે અને સારી રહી છે. વિશ્વના લોકો ગુજરાતમાં રોકાણ માટે ઉત્સુક છે. ગુજરાતમાં ખૂબ સારૂ મૂડી રોકાણ આવશે. વૈશ્વિક રોકાણકારો અને ઈન્વેસ્ટર્સને આગામી ૧૦ અને ૧૨ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ વડાપ્રધાનની પ્રેરણાથી યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં કોલાબ્રેશન તથા પાર્ટનરશીપ માટે આમંત્રણ આપવામાં પણ આવ્યું છે. પ્રતિનિધિ મંડળે સાન ફ્રાન્સિસ્કો,વોશિંગ્ટન ડી.સી. અને ન્યુયોર્કમાં રોકાણકારો, ટેક્નોલોજી અગ્રણીઓ અને યુવા ઉદ્યોગસાહસિકો તથા ઈનોવેટર્સ તેમજ ગુજરાતી ડાયસ્પોરા સાથે મુલાકાતો કરી હતી.

## લોકસભા સચિવાલય દ્વારા રાહુલ ગાંધીને નોટિસ



નવીદિલ્હી,

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સામે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ અસંસદીય ભાષાનો ઉપયોગ કરવાના આરોપમાં વિશેષાધિકાર ભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લોકસભા સચિવાલય દ્વારા રાહુલ ગાંધીને વિશેષાધિકાર હનનની નોટિસ જારી કરીને ૨૮ ઓગસ્ટ સુધીમાં આ મામલે પોતાનો સ્પષ્ટ પક્ષ અને જવાબ રજૂ કરવા માટે સમય આપવામાં આવ્યો છે. આ સમગ્ર બાબત હાલ લોકસભા અધ્યક્ષના વિચારાધીન છે.



# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૮ સપ્ટેમ્બરે નવસારીની મુલાકાતે

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવસારીના ગ્રીડ હાઈવે પર આકાર પામેલા દેશના પ્રથમ એઆઈ સુસજ્જ અને હાઈટેક જિલ્લા ભાજપ કાર્યાલય 'નમો કમલમ'નું ઉદ્ઘાટન કરશે



નવસારી,

દેશના રાજકીય ઈતિહાસમાં કદાચ પ્રથમ વખત એવું બનવા જઈ રહ્યું છે. જ્યારે દેશના પ્રધાનમંત્રી કોઈ જિલ્લા કક્ષાના રાજકીય કાર્યાલયનું લોકાર્પણ કરશે. આગામી ૮ સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવસારીના ગ્રીડ હાઈવે પર આકાર પામેલા દેશના પ્રથમ એઆઈ સુસજ્જ અને હાઈટેક જિલ્લા ભાજપ કાર્યાલય 'નમો કમલમ'નું ઉદ્ઘાટન કરશે. ૧૦ કરોડથી વધુના ખર્ચે અને માત્ર પોણા બે વર્ષના વિક્રમી સમયમાં તૈયાર થયેલું આ કોર્પોરેટ શૈલીનું કાર્યાલય માત્ર રાજકીય ગતિવિધિઓનું કેન્દ્ર નહીં, પરંતુ આધુનિક ટેકનોલોજી અને ગ્રીન એનર્જીનું એક આદર્શ મોડલ સાબિત થવા જઈ રહ્યું છે ૪૦,૦૦૦ સ્ક્વેર ફૂટના વિશાળ કેમ્પસમાં પથરાયેલું નવસારી જિલ્લા ભાજપનું આ 'નમો કમલમ' આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, હાઈ-સ્પીડ ઈન્ટરનેટ, સોલર પેનલ અને વોટર હાર્વેસ્ટિંગ જેવી સુવિધાઓથી સજ્જ છે.

પરંતુ આ મુલાકાતનું સૌથી મોટું પાસું છે - પ્રધાનમંત્રીના આગમન સાથે જોડાયેલો જનકલ્યાણનો મહાયજ્ઞ. વડાપ્રધાનના આગમનને વધાવવા માટે સમગ્ર નવસારી જિલ્લામાં કલેક્ટર તંત્ર અને ભાજપ સંગઠન દ્વાર ટીબી મુક્ત નવસારી, કુપોષણ નાબૂદી, ૩૫૦ થી વધુ ગામોમાં સ્વચ્છતા અભિયાન અને સુકન્યા સમૃદ્ધિ જેવી કલ્યાણકારી યોજનાઓને જનભાગીદારીથી ઘર-ઘર સુધી પહોંચાડવામાં આવી રહી છે. એક તરફ સંગઠનની સુસજ્જતા અને બીજી તરફ છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓનો પહોંચતો લાભ – નવસારી દેશ સામે વિકાસ અને સુશાસનનું નવું શિખર સર કરવા જઈ રહ્યું છે.

તાજેતરમાં નવસારી ખાતે આયોજિત 'સંવાદ' કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી અને સાંસદ સી.આર. પાટીલે એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક જાહેરાત કરી છે. નવસારીમાં એક અત્યાધુનિક કોર્પોરેટ શૈલીનું જિલ્લા ભાજપ કાર્યાલય સંપૂર્ણપણે તૈયાર થઈ ગયું છે, અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ભવ્ય કાર્યાલયના ઉદ્ઘાટન માટે પોતાનો કિંમતી સમય ફાળવવાની સંમતિ આપી દીધી છે. નોંધનીય છે કે, પ્રધાનમંત્રી બન્યા બાદ નરેન્દ્ર મોદી પ્રથમ વખત કોઈ જિલ્લા કક્ષાના ભાજપ કાર્યાલયનું લોકાર્પણ કરવા જઈ રહ્યા છે, જે આ પ્રસંગને ઐતિહાસિક બનાવે છે.

સી.આર. પાટીલ દ્વારા આ કાર્યાલયનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું અને માત્ર પોણા બે વર્ષના ટૂંકા ગાળામાં જ આ પ્રોજેક્ટ સાકાર થઈ ગયો છે. આશરે ૧૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે અને ૪૦૦૦૦ સ્ક્વેર ફૂટના વિશાળ વિસ્તારમાં ફેલાયેલું આ કાર્યાલય કોઈપણ મલ્ટીનેશનલ કંપનીની આધુનિક ઓફિસને પણ ટક્કર મારે તેવું છે.

# જીએસઆરટીસીનો નવો કીર્તિમાન : એક જ દિવસમાં ૮૮ હજારથી વધુ ટિકિટનું બુકિંગ

## ડિજિટલ સેવાઓ અને મોબાઈલ એપ્લિકેશનને નાગરિકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ

અમદાવાદ,

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ-જીએસઆરટીસી દ્વારા મુસાફરોની સુવિધા માટે શરૂ કરવામાં આવેલી ડિજિટલ સેવાઓ અને મોબાઈલ એપ્લિકેશનને રાજ્યના નાગરિકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે.

જીએસઆરટીસી મોબાઈલ એપ દ્વારા એક જ દિવસમાં સૌથી વધુ ૮૮,૬૨૬ મુસાફરોએ એડવાન્સ બુકિંગ કરી નવો રેકોર્ડ સ્થપાયો છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં સ્વચ્છ, સુરક્ષિત અને સલામત મુસાફરી પૂરી પાડવાની રાજ્ય સરકારની કટિબદ્ધતાના પરિણામે લાખો મુસાફરો હવે સ્માર્ટફોન થકી સરળતાથી બુકિંગ કરી રહ્યા છે.

ગઈકાલે તા. ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ જીએસઆરટીસી મોબાઈલ એપ દ્વારા સમગ્ર દિવસ દરમિયાન કુલ ૮૮,૬૨૬ મુસાફરોએ પોતાની મુસાફરી માટે એડવાન્સ ટિકિટ બુક કરાવી છે. નિગમના ઈતિહાસમાં મોબાઈલ એપ્લિકેશન થકી એક જ દિવસમાં થયેલું આ અત્યાર સુધીનું સર્વોચ્ચ બુકિંગ છે. આ ઐતિહાસિક આંકડા સાથે અગાઉ નોંધાયેલા રેકોર્ડ ની વાત કરીએ તો તા. ૪ નવેમ્બર ૨૦૨૪ એ ૮૫,૨૪૭ ટિકિટ બુકિંગ અને તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૫ એ ૮૫,૨૦૫ ટિકિટ બુકિંગ નોંધાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે જીઈ્ઝ દ્વારા મુસાફરોને બસ સ્ટેન્ડ પર લાંબી લાઈનોમાં ઊભા રહેવામાંથી મુક્તિ મળે તે હેતુથી જીએસઆરટીસી ટિકિટ બુકીંગ અને બસના ચોક્કસ સમય-લોકેશનની માહિતી માટે જીએસઆરટીસી ટીકીટ લાઈવ જેવી આધુનિક મોબાઈલ એપ્સ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# વડોદરા, સોમનાથ, એકતાનગર અને પાવાગઢને ભીક્ષાવૃત્તિ મુક્ત કરાશે

## ભીક્ષાવૃત્તિ કરનારા લોકોને ૬ માસ આશરો આપી રોજગારલક્ષી તાલીમ આપી પગભર બનાવવામાં આવશે

ગાંધીનગર,

કેન્દ્ર સરકારની સ્માઈલ ભીક્ષાવૃત્તિ મુક્ત અભિયાનના પ્રથમ તબક્કા સુંદર પ્રદર્શન કરનારા ગુજરાતના ચાર શહેરો વડોદરા, ગીર સોમનાથ, એકતાનગર અને પાવાગઢમાં આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકો માટે પુનઃસ્થાપન પ્લાન બનાવવામાં આવ્યો છે. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના અધિક સચિવ શ્રીમતી મોના ખંધારે વડોદરા ખાતે અભિયાનના સુદ્રઢ અમલીકરણ માટે આ બેઠક યોજીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ઉક્ત વિભાગ દ્વારા સપોર્ટ ફોર માર્જિનાલાઈઝ્ડ ઈન્ડીવિડ્યુઅલ ફોર લાઈવલીહૂડ એન્ડ એન્ટરપ્રાઈઝ (સ્માઈલ) અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેમાં સુંદર પ્રદર્શન કરનારા દેશના ૨૫ જિલ્લાઓમાં ગુજરાતના વડોદરા, એકતાનગર, ગીર સોમનાથ અને પાવાગઢનો સમાવેશ થયો છે. પ્રથમ તબક્કામાં ગુજરાતના આ ચારેય સ્થળોને ભીક્ષાવૃત્તિ મુક્ત કરવામાં આવશે.

આ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન, જિલ્લા વહીવટી તંત્ર, આરોગ્ય, સમાજ સુરક્ષા, રોજગાર અધિકારી સહિતના વિભાગોના સંકલિત પ્રયાસોથી ભીક્ષાવૃત્તિ સાથે જોડાયેલા લોકોને આશરો આપવામાં આવશે.

જ્યાં તેમના

# ચાર મહિનામાં ૧ લાખથી વધુ નાગરિકોએ ઘરેબેઠા મેળવ્યા પ્રમાણપત્ર : સુગમ ડિજિટલ ગુજરાતને અભૂતપૂર્વ પ્રતિસાદ

## વિદ્યાર્થીઓ અને રોજગારવાંચ્છુઓ માટે જાતિ, આવક અને EWS સહિતના પ્રમાણપત્રો હવે ઓનલાઈન

અમદાવાદ,

રાજ્ય સરકાર દ્વારા નાગરિક સેવાઓના ડિજિટાઈઝેશનને વધુ વેગ આપીને કલ્યાણકારી અને શૈક્ષણિક યોજનાઓ માટેના જાતિ, આવક સહિતના વિવિધ ૦૭ પ્રમાણપત્રો ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ પહેલના પરિણામે છેલ્લા ચાર મહિનામાં એક લાખથી વધુ નાગરિકોએ 'સુગમ ડિજિટલ ગુજરાત' પોર્ટલ મારફતે આ ઓનલાઈન સેવાઓનો સફળતાપૂર્વક લાભ મેળવ્યો છે તેમ વિકસતી જાતિ કલ્યાણ નિયામકની યાદીમાં જણાવાયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને રાજ્ય મંત્રી ડૉ. મનીષાબેન વકીલના નેતૃત્વમાં 'સુગમ ડિજિટલ ગુજરાત' પહેલ શરૂ કરવામાં આવી છે.

યાદીમાં વધુમાં જણાવાયું છે કે, 'સુગમ ડિજિટલ ગુજરાત' પોર્ટલ મારફતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર, નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર, આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર, બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર, ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, વિચરતી-વિમુક્ત જાતિ પ્રમાણપત્ર તેમજ આવકનું પ્રમાણપત્ર જેવા વિવિધ પ્રમાણપત્રો હવે નાગરિકો સરળતાથી ઓનલાઈન મેળવી શકશે.

આ ડિજિટલ પહેલના પરિણામે હવે નાગરિકોને સાત મહત્વપૂર્ણ પ્રમાણપત્રો મેળવવા માટે સરકારી કચેરીઓમાં જવાની જરૂર રહેશે નહીં. નાગરિકો ઘરેબેઠા આ પ્રમાણપત્રો માટે ઓનલાઈન અરજી કરી શકશે અને e-Sign ધરાવતા ડિજિટલ પ્રમાણપત્રો સીધા જ ઓનલાઈન મેળવી શકશે. આ ઉપરાંત, આ પ્રમાણપત્રો WhatsĂ અને Digi Locker જેવા સુવિધાજનક માધ્યમો પર પણ ઉપલબ્ધ થશે, જેથી નાગરિકો તેને સુરક્ષિત રાખીને ગમે ત્યારે સરળતાથી ઉપયોગમાં લઈ શકશે.

આ સુવિધાથી ખાસ કરીને વિદ્યાર્થીઓ અને સરકારી નોકરીની તૈયારી કરતા યુવાનોને મોટી રાહત મળશે. એડમિશન, સ્કોલરશિપ અને ભરતી પ્રક્રિયામાં જરૂરી એવા આ પ્રમાણપત્રો હવે દસ્તાવેજોની ચકાસણી બાદ તુરંત s e-Sign સાથે ઓનલાઈન મળી જશે. પરિણામે વહીવટી વિલંબ ઘટશે, સમગ્ર સિસ્ટમમાં પારદર્શિતા આવશે અને નાગરિકોને તમામ શૈક્ષણિક તેમજ રોજગારલક્ષી સેવાઓ સમયસર પૂરી પાડી શકાશે.

# આસામના મુખ્યમંત્રીએ સહ-પરિવાર સોમનાથ મહાદેવની પૂજા અર્ચના કરી

અમદાવાદ,

હાલમાં ચાલી રહેલા પવિત્ર શ્રાવણ માસ દરમિયાન આસામના મુખ્યમંત્રીશ્રી હિમંત બિસ્વા સરમા સહ-પરિવાર પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શને આવ્યા હતા. સોમનાથ પહોંચેલા મુખ્યમંત્રી સરમાએ ભક્તિભાવ પૂર્વક ભગવાન સોમનાથને શીશ નમાવી જળાભિષેક, સોમેશ્વર મહાપૂજા અને ધ્વજા પૂજા કરી હતી.

સોમનાથ મંદિર ખાતે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે મુખ્યમંત્રીએ પરિવાર સાથે ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો હતો. તેમણે બિલ્વ પત્રો અને પુષ્પો અર્પણ કરી ભગવાન સોમનાથની પૂજા-અર્ચના કરી હતી. શ્રાવણ માસમાં સોમનાથ મહાદેવના દર્શન કરવાનું પોતાનું સૌભાગ્ય ગણાવતા તેમણે સોમનાથ મંદિરની ભવ્યતા તેમજ તેના આધ્યાત્મિક અને ધાર્મિક મહત્વની પ્રશંસા કરી હતી.

મુખ્યમંત્રીના સોમનાથ આગમન દરમિયાન ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ સોમનાથ મંદિરના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કલેક્ટર જીતેન્દ્રસિંહ વાઘેલાએ તેમનું સ્વાગત કરી સોમનાથ મહાદેવની તસવીર ભેટ અર્પણ કરી હતી.

સોમનાથ મુલાકાત દરમિયાન હિમંતા બિસ્વા સરમાએ યુનિફોર્મ સિવિલ કોડ (UCC)ના મુદ્દે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કોંગ્રેસને મહિલા વિરોધી પક્ષ ગણાવી આક્ષેપ કર્યો હતો કે દેશમાં UCC લાગુ ન થવા પાછળ કોંગ્રેસ જવાબદાર છે. મહિલાઓને કોંગ્રેસનો સંપૂર્ણ બહિષ્કાર કરવાની પણ તેમણે અપીલ કરી હતી.

# અમદાવાદના નિકોલમાં આવેલ બંધ મકાનમાં તસ્કરોની ખેપ : રૂ.૬.૭૭ લાખની મત્તાની ચોરી

## નિકોલ પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી

અમદાવાદ,

અમદાવાદમાં તસ્કરોનો આતંક ફરી સામે આવ્યો છે. શહેરના નિકોલ વિસ્તારમાં વૃદ્ધ દંપતી પોતાના પુત્રને મળવા સુરત ગયા હતા, ત્યારે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તસ્કરો બાલ્કનીનો દરવાજો ખોલીને ઘરમાં પ્રવેશ્યા અને દાગીના તથા રોકડ સહિત કુલ રૂ.૬.૭૭ લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં નિકોલ પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.



નિકોલના કઠવાળા ગેલેક્ષી હોમ્સ બંગલોઝમાં રહેતા ૬૯ વર્ષીય દિનેશ પંચાલ નિવૃત્ત જીવન જીવે છે. ગત ૧૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ તેઓ પત્ની સાથે સુરત રહેતા પોતાના પુત્રને મળવા ગયા હતા. ઘર બંધ હોવાથી તસ્કરોએ આ તકનો લાભ લીધો હતો. દંપતી સુરત ગયા બાદ બીજા દિવસે પાડોશીએ દિનેશ પંચાલને ફોન કર્યો હતો. પાડોશીએ તેમના ઘરની પાછળની બાલ્કનીનો દરવાજો ખુલ્લો હોવાની જાણ કરી હતી. આથી દિનેશ પંચાલે પોતાના પૌત્રને ઘરે જઈને તપાસ કરવા કહ્યું હતું અને પોતે પણ તાત્કાલિક અમદાવાદ પરત આવ્યા હતા.

ઘરે પહોંચીને દંપતીએ તપાસ કરતાં ઘરની અંદરનો સામાન વેરવિખેર પડેલો જોવા મળ્યો હતો. ઘરમાં ચોરી થઈ હોવાનું સ્પષ્ટ થતાં તેમણે કબાટ સહિતની વસ્તુઓ તપાસી હતી. તપાસ દરમિયાન રોકડ રકમ અને દાગીના સહિતની મત્તા ગાયબ હોવાનું સામે આવ્યું હતું.

# સુરતમાં વિદ્યાર્થીઓને નશાકારક દવાઓ પહોંચાડતા ઓનલાઈન રેકેટનો પર્દાફાશ

## તમિલનાડુમાં ૧,૦૦૦થી વધુ ટાપેન્ટાડોલ દવાના પેકેટ મોકલવામાં આવ્યા હોવાનું ખુલ્યું

સુરત,

નશાના કાળા કારોબાર સામે સુરત પોલીસનું વધુ એક મોટું ઓપરેશન, સરથાણા પોલીસે ગોકુલમ આર્કેડમાં આવેલી એક દુકાન પર દરોડો પાડી ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના શિડ્યુલ ૐ૧ કેટેગરીની દવાઓનું વેચાણ કરવાના આરોપમાં કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી નિકુંજ ગજેરા ઓનલાઈન માધ્યમથી નશાકારક દવાઓનું વેચાણ કરતો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી દ્વારા તમિલનાડુમાં ૧,૦૦૦થી વધુ ટાપેન્ટાડોલ દવાના પેકેટ મોકલવામાં આવ્યા હોવાનો ખુલાસો થયો છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ સુધી પણ નશાકારક દવાઓ પહોંચાડવામાં આવી હોવાની માહિતી પોલીસને મળી છે.

આ મામલે તપાસ દરમિયાન વિદ્યાર્થીઓ કોલ્ડ્રિંક્સ અને ફ્રૂટ જ્યુસમાં દવા ભેળવીને નશો કરતા હોવાની વિગતો પણ સામે આવી હોવાનું પોલીસે જણાવ્યું છે. આ મામલે પોલીસે દવાઓના ઓનલાઈન વેચાણ અને સપ્લાય સાથે સંકળાયેલા નેટવર્ક અંગે વધુ તપાસ શરૂ કરી છે. પોલીસના દરોડા દરમિયાન આરોપી પાસેથી ૨૦૦થી વધુ દવાના પેકેટ્સ તેમજ ત્રણ લેપટોપ જપ્ત કરવામાં આવ્યા છે.

# ગુજરાત ભાજપમાં રાષ્ટ્રીય નેતાઓની એન્ટ્રી: તરુણ ચૂગ અને સતીશ પુનિયા ગુજરાતના પ્રવાસે આવશે

## ગુજરાત ભાજપના નવા પ્રભારી તરીકે નિમણૂંક થયા બાદ તરુણ ચૂગ પ્રથમ વખત ગુજરાત પ્રવાસે આવશે

અમદાવાદ,

ગુજરાત ભાજપ માટે આગામી દિવસોમાં બે મહત્વપૂર્ણ દિવસો રહેશે. ભાજપના બે રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ગુજરાત ભાજપના નવા પ્રભારી તરીકે નિમણૂંક થયા બાદ તરુણ ચૂગ પ્રથમ વખત ગુજરાત પ્રવાસે આવશે, જ્યારે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી સતીશ પુનિયા પણ ગુજરાતની મુલાકાત લેશે.

૨ સપ્ટેમ્બરે ગુજરાત ભાજપના પ્રભારી તરુણ ચૂગ ગુજરાત આવશે. પ્રભારી તરીકે જવાબદારી સંભાળ્યા બાદ આ તેમની પ્રથમ ગુજરાત મુલાકાત હશે. તેમના પ્રવાસ દરમિયાન ગાંધીનગર સ્થિત કમલમ કાર્યાલય ખાતે બે મહત્વપૂર્ણ બેઠકો યોજાશે. પ્રથમ બેઠકમાં પ્રદેશ ભાજપના નેતાઓ અને સરકારના નેતાઓ સાથે પરિચય બેઠક યોજાશે, જેમાં સંગઠન અને સરકારના આગેવાનો સાથે તરુણ ચૂગ ચર્ચા કરશે.

આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષ પૂર્ણ થવા અને તેમના જન્મદિવસ નિમિત્તે યોજાનારા વિવિધ કાર્યક્રમોની તૈયારીઓ અંગે પણ મહત્વપૂર્ણ બેઠક યોજાશે. આ બેઠકમાં પ્રદેશ ભાજપના આગેવાનો ઉપરાંત સરકારના મંત્રીઓ અને અન્ય નેતાઓ ઉપસ્થિત રહેશે. આગામી કાર્યક્રમોને લઈને સંગઠનાત્મક આયોજન અને જવાબદારીઓ અંગે ચર્ચા થવાની શક્યતા છે.બીજી તરફ ૩૦ ઓગસ્ટના રોજ ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી સતીશ પુનિયા ગુજરાતની મુલાકાતે આવશે. અમદાવાદ શહેરમાં યોજાનારા 'મન કી બાત' કાર્યક્રમમાં તેઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં રાજસ્થાની સમાજના આશરે એક હજાર લોકો ઉપસ્થિત રહેવાના છે. એક તરફ નવા પ્રભારી તરુણ ચૂગની પ્રથમ ગુજરાત મુલાકાત દરમિયાન સંગઠન અને આગામી કાર્યક્રમોને લઈને બેઠકો યોજાશે, તો બીજી તરફ સતીશ પુનિયાની હાજરીમાં અમદાવાદમાં મન કી વાત કાર્યક્રમ યોજાશે. ભાજપના બે રાષ્ટ્રીય નેતાઓના ગુજરાત પ્રવાસને આગામી સંગઠનાત્મક અને જાહેર કાર્યક્રમોની દ્દષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

# અમદાવાદ શહેરમાં યુવાનો સુધી નશાનો સપ્લાય પહોંચાડતા નેટવર્ક સામે પોલીસનું મેગા ઓપરેશન

## અમદાવાદ શહેર પોલીસે પ્રથમ વખત ૧૫૦થી વધુ ડ્રગ્સ હોટસ્પોટને ઓળખી કાઢ્યા

અમદાવાદ,

અમદાવાદ શહેર પોલીસે પ્રથમ વખત ૧૫૦થી વધુ ડ્રગ્સ હોટસ્પોટને ઓળખી કાઢ્યા છે. સતત દરોડા અને કાર્યવાહીના આધારે ડ્રગ્સના પેડલર્સ તથા ટ્રાફિકર્સ વારંવાર જ્યાંથી ઝડપાયા છે તે સ્થળોને ઓળખી નાર્કોટિક્સની સપ્લાય ચેઈન તોડવાનો પ્રયાસ શરૂ કરાયો છે. ડિટેક્શન ઓફ ક્રાઈમ બ્રાંચ (ડીસીબી) અને સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રૂપ (એસઓજી)ની હાલની કામગીરીને વધુ મજબૂત બનાવતાં નવી એન્ટિ-ડ્રગ ટાસ્ક ફોર્સ શહેરનાં ૪૯ પોલીસ સ્ટેશનમાંથી પાંચ-પાંચ અધિકારી અને કર્મચારીને મેપ કરાયેલાં સ્થળોએ તહેનાત કરશે.

આ ટીમો આવા વિસ્તારો પર નજર રાખશે, શંકાસ્પદ પેડલર્સ અને ટ્રાફિકર્સને ઓળખશે તથા સ્થાનિક સ્તરે ડ્રગ્સના સપ્લાય અંગે મળતી માહિતીના આધારે કાર્યવાહી કરશે. પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર એસજી હાઈવે અને સિંધુ ભવન રોડ પર અનેક હોટસ્પોટ ઊભા થયા છે. અહીં ડ્રગ્સના પેડલર્સ પોલીસની નજરથી બચવા માટે વારંવાર પોતાની રીત બદલતા હોવાનું પણ સામે આવ્યું છે. કેટલાક કિસ્સામાં શંકા ન જાય તે માટે મહિલાઓનો કુરિયર અથવા સપ્લાયર તરીકે ઉપયોગ કરવામાં આવતો હોવાનું પણ જાણવા મળ્યું છે.

પોલીસે નાર્કોટિક્સ સંબંધિત કેસોમાં અગાઉ ઝડપાયેલા પેડલર્સ અને ટ્રાફિકર્સની એક યાદી તૈયાર કરી છે અને તેમના પર સતત નજર રાખવામાં આવી રહી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર રેલવે સ્ટેશનો અને ખાનગી તથા સરકારી બંને બસ ડેપો પર ડ્રગ્સની હેરાફેરી પર નજર રાખવા માટે એનસીબીના અધિકારીઓ અને કર્મચારીઓની ગુપ્ત ટીમો પણ તહેનાત કરવામાં આવી છે. શહેરમાં પ્રવેશતાં અને બહાર જતાં વાહનોના લાઈવ સીસીટીવી ફૂટેજ મેળવવા માટે એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર આવેલા કેટલાક પેટ્રોલ પંપ સાથે પણ જોડાણ કરવામાં આવ્યું છે.

શાળા-કોલેજો પર પણ ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. શંકાસ્પદ પેડલર્સ તેમજ ડ્રગ્સ ખરીદનારાઓ પર નજર રાખવા માટે પોલીસ બોડી વોર્ન છુપાયેલા કેમેરા અને ગુપ્ત દેખરેખનો ઉપયોગ કરશે.

# નરોડામાં ૧.૧૭ કરોડનું હાઈ-પ્રોફાઈલ કોકેઈન જપ્ત, ૨૦ હજાર માટે કોલેજિયન પેડલર બન્યો

## હાઈ-પ્રોફાઈલ પાર્ટીઓમાં વપરાતું અને સૌથી મોંઘું ગણાતું નશાકારક ડ્રગ્સ કોકેઈન ઘૂસાડવાનો પર્દાફાશ

અમદાવાદ,

અમદાવાદ શહેર હવે ધીમે ધીમે ડ્રગ્સ માફિયાઓનું એપી-સેન્ટર બની રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. હાઈ-પ્રોફાઈલ પાર્ટીઓમાં વપરાતું અને સૌથી મોંઘું ગણાતું નશાકારક ડ્રગ્સ કોકેઈન મોટા પાયે ઘૂસાડવાનો પર્દાફાશ થયો છે. નરોડા પોલીસે નાના ચિલોડા પાસેથી એક એવા શખ્સને ઝડપી પાડ્યો છે, જેની પાસેથી ૨૩૪ ગ્રામ કોકેઈન મળ્યું છે, જેની બજાર કિંમત સવા કરોડ રૂપિયા જેટલી થવા જાય છે. ડ્રગ્સ ક્યાંથી આવ્યું, કોને આપવાનું હતું અને આ નેટવર્ક પાછળ કોણ છે? અને કોકેઈન ડ્રગ્સના કાળા કારોબારના મૂળ ક્યાં સુધી છે તેને લઈને નરોડા પોલીસે વધુ તપાસ હાથધરી છે

અમદાવાદમાં યુવાધનને બરબાદ કરવા માટે ડ્રગ્સ માફિયાઓ હવે કોલેજના વિદ્યાર્થીઓનો જ ઉપયોગ કરવા લાગ્યા છે. નરોડા પોલીસની સર્વેલન્સ ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, એક શખ્સ નાના ચિલોડા તરફથી નશાકારક પદાર્થ લઈને આવી રહ્યો છે. નરોડા પોલીસની આ બાતમીના આધારે નરોડા પોલીસે નરોડા વિસ્સંતારના જયગાંધીનગર સોસાયટી પાસે વોચ ગોઠવી અને પિસ્તા કલરનું શર્ટ પહેરેલા એક શંકાસ્પદ યુવકને ઊભો રાખવામાં આવ્યો હતો જેની તપાસ કરવા માં આવી હતી ત્યારે યુવકની તલાશી લેતા પોલીસની આંખો પણ પહોળી થઈ ગઈ... યુવક પાસેથી પાસેથી ૨૩૪.૦૧ ગ્રામ હાઈ ક્વોલિટીનું ગેરકાયદેસર કોકેઈન મળી આવ્યું, જેની બજાર કિંમત ૧ કરોડ ૧૭ લાખ ૫૦૦ રૂપિયા આંકવામાં આવી રહી છે નરોડા પોલીસની પૂછપરછ અને તપાસમાં પકડાયેલા આરોપીનું નામ નરેશ મેઘારામ સૈન હોવાનું સામે આવ્યું છે. જે ૨૨ વર્ષીય નરેશ સૈન મૂળ રાજસ્થાનના જાલોરનો વતની છે અને તે હજુ કોલેજમાં અભ્યાસ કરે છે. નરેશ સૈન પોલીસ પૂછપરછમાં કબૂલાત કરી છે કે તેને ઉદયપુર બસ સ્ટેન્ડ ખાતે એક અજાણ્યા શખ્સે આ કોકેઈન ભરેલું પાર્સલ આપી ગયો હતો. કોકેઈન ડ્રગ્સની ડિલિવરી અમદાવાદમાં રવિ કુમાર નામના શખ્સને શાહીબાગના નમસ્તે સર્કલ પાસે કરવાની હતી. ત્યારે પેડલર નરેશ સૈન રવીને ડિલીવર કરે એ પહેલાં જ નરોડા પોલીસના હાથે આવી ચઢ્યો હતો. ત્યારે નરોડા પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે નરેશ સૈન માત્ર એક ડિલિવરી બોય છે અને નરેશ સૈન ને એક ડિલિવરી કરવાના ૨૦,૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા. ત્યારે નરેશ સૈન પૈસાની લાલચમાં ડ્રગ્સના મોટા નેટવર્કનો પ્યાદુ બની ગયો છે.

સૌરાષ્ટ્ર આસપાસ

# પવિત્રા દ્વાદશી નિમિત્તે VYO શ્રીનાથ ધામ હવેલી ખાતે ઉમટ્યું હજારો વૈષ્ણવોનું ઘોડાપૂર



રાજકોટ : પવિત્રા દ્વાદશીના પાવન અવસરે ફઈ શ્રીનાથ ધામ હવેલી ખાતે હજારો વૈષ્ણવોએ પૂજયપાદ વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીને પવિત્રા ધરાવી ગુરુભાવ વ્યકત કર્યો હતો.

શ્રીનાથ ધામ હવેલી ખાતે રાજભોગ દર્શન તેમજ સાંજે હિંડોળા દર્શનમાં લગભગ ૬થી ૭ કલાક વૈષ્ણવોનું ઘોડાપૂર જોવા મળ્યું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત વૈષ્ણવોએ પૂજ્યશ્રીને પવિત્રા ધરાવી, આશીર્વાદ પ્રાપ્ત કરી પોતાના ગુરુ પ્રત્યેની શ્રદ્ધા, સમર્પણ અને ગુરુભાવ વ્યક્ત કરી ધન્યતા અનુભવી હતી.

પવિત્રા માત્ર એક પવિત્ર સૂત્ર નથી, પરંતુ સમગ્ર વર્ષની સેવા શ્રી ગુરુ અને શ્રી ગોવિંદના ચરણોમાં સમર્પિત કરવાનો ભાવ છે. વર્ષભર પ્રભુએ આપેલી સેવાની તક અને કૃપા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી, આવનાર વર્ષમાં પણ સેવા અવિરત રહે તેવી ભાવના સાથે પવિત્રા ધરાવવામાં આવે છે.

આજથી લગભગ ૫૦૦ વર્ષ પૂર્વે પવિત્રા એકાદશી–દ્વાદશીના આ પાવન દિવસોમાં પુષ્ટિમાર્ગના પ્રાગટ્યનો દિવ્ય પ્રસંગ બન્યો હતો. તેથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે પવિત્રા એકાદશી–દ્વાદશીનું વિશેષ આધ્યાત્મિક અને ઐતિહાસિક મહત્ત્વ છે અને આ પાવન દિવસોને પુષ્ટિમાર્ગના પ્રાગટ્ય દિવસ તરીકે વિશેષ ભાવપૂર્વક ઉજવવામાં આવે છે.

અહીં ઉલ્લેખનીય છે કે, પવિત્રા દ્વાદશીના પાવન દિવસે પૂજ્યપાદ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીને મોટી સંખ્યામાં વૈષ્ણવોએ શ્રીનાથ ધામ હવેલી ખાતે ઉપસ્થિત રહી પૂજ્યશ્રીને પવિત્રા ધરાવ્યા હતા. વૈષ્ણવોએ આ અવસરે પોતાના ગુરુ પ્રત્યેનો શ્રદ્ધા, સમર્પણ અને ગુરુભાવ વ્યક્ત કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

શ્રીનાથ ધામ હવેલી ખાતે કલાકો સુધી સર્જાયેલું આ ભક્તિમય અને ભાવવિભોર વાતાવરણ ગુરુ, ગોવિંદ અને વૈષ્ણવના અતૂટ સંબંધનું જીવંત દર્શન બની રહ્યું હતું.

# નેપાળ દુર્ઘટનામાં રાજકોટના -જય કોટેચા સહિત ૧ ૨ ગુજરાતી લાપત્તા



રાજકોટઃનેપાળમાં સર્જાયેલી ભયંકર જળ હોનારતમાં ૩૦૦ જેટલા ભારતીયો લાપતા હોવાનું બહાર આવ્યું છે તેમાં રાજકોટની જય કોટેચા નામની એક વ્યકિત હોવાના અહેવાલ મળ્યા છે આ સિવાય અમદાવાદ, સુરત, આણંદ, વડોદરા અને વલસાડ પંથકના હોવાનું બહાર આવ્યું છે.

નેપાળના ભયાનક પુરપ્રકોપમાં અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ લોકોનો ભોગ લેવાઈ જ ચુકયો છે અને ભારત સહિત બે ડઝન જેટલા દેશોના ૧૫૦૦ જેટલા લોકો લાપતા છે તેઓની શોધખોળ માટે નેપાળ સરકાર દ્વારા સૈન્ય સહિતની રાહત બચાવ ટુકડીઓને તૈનાત કરવામાં આવી છે.

ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા સતાવાર આંકડાકીય રીપોર્ટમાં એવું જાહેર કરવામાં આવ્યું હતું કે, પુરપ્રકોપ વચ્ચે ૨૧ ભારતીયોઓને બચાવી લેવામાં આવ્યા છે. જયારે હજુ ૨૮૮ ભારતીય નાગરીકો લાપતા છે.

એવું જાણવા મળ્યું છે કે લાપતા ભારતીયોમાં પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, ગુજરાત સહિતના રાજ્યોના યાત્રાળુ તથા પ્રવાસીઓ સામેલ છે. કેટલાક લોકો કૈલાસ માનસરોવરની યાત્રાએ ગયા હતા અને તેમાં પુરપ્રકોપમાં લાપતા બન્યા છે.

ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી ૧૨ ગુજરાતીઓ લાપતા બન્યા છે, આમાંથી મોટા ભાગના કૈલાસ માનસરોવરની યાત્રાએ હતા. રાજકોટના જય કોટેચા નામની વ્યકિતનું નામ પણ લાપતા થયેલા લોકોના લીસ્ટમાં સામેલ છે.

આ સિવાય અમદાવાદના દિનેશ પટેલ, ભાવિક રાવલ, અશોક કાપડી, સુરતના પરેશ પટેલ, જ્યોતિ પટેલ, મીનાક્ષી રામાણી, વડોદરાના કિન્નરી પટેલ, મિહીર પટેલ, આણંદના બિમલકુમાર પટેલ, જયમીના પટેલ તથા વલસાડના રોમા ઈંટવાળા નામની વ્યકિતનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નેપાળ જળ હોનારતમાં મોટી સંખ્યામાં ભારતીયો લાપતા હોવાથી ગુજરાત સરકાર દ્વારા પણ હેલ્પલાઈન શરૂ કરી દેવામાં આવી હતી અને ગુજરાતમાંથી લોકો ફસાયેલા છે કે કેમ તેના વિશે માહિતી મેળવવાનું શરૂ કરી દીધુ હતું જેના પગલે આ વિગતો બહાર આવી છે.

# ભાજપઃ 'મન કી બાત' સૌરાષ્ટ્ર ઝોનના ઈનચાર્જની બેઠક યોજાઈ



રાજકોટઃ

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો લોકપ્રિય કાર્યક્રમ 'મન કી બાત' દ્વારા દર માસના અંતિમ રવીવારે 'મન કી બાત' કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કાર્યક્રમને વધુને વધુ યુવાનોને સાથે જોડવાના મન કી બાત કાર્યક્રમની લોકપ્રિયતા વધે તે માટે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માજી અને પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકરજીની સુચના અન્વયે સૌરાષ્ટ્ર ઝોનના મન કી બાત ના ઈન્ચાર્જઓની એક બેઠક રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે મન કી બાતના સૌરાષ્ટ્રના ઈન્ચાર્જ પૃથ્વિસિંહ વાળાની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ હતી.

# રીબડાથી હીરાસર એરપોર્ટ SIX લેન હાઈવે પ્રોજેકટમાં ગઢડાની ખેતીની જમીન સંપાદન કરવા સામે વિરોધ : કલેકટર સમક્ષ ધા

## જમીનનું પુરૂ વળતર આપવા માંગણીઃ ખેડૂતો દ્વારા આવેદનપત્ર અપાયું

રાજકોટઃ

રીબડાથી હીરાસર એરપોર્ટ સુધીના ગ્રીનફીલ્ડ સીકસલેન હાઈવે પ્રોજેકટમાં ૨૪ ગામોની ૧૮૦૦ વીઘા જમીન સંપાદન કરવાની કામગીરી હાલ ચાલી રહી છે જેની સામે ખેડૂતોમાં વિરોધ ભભૂકી ઉઠયો છે.



જેમાં રાજકોટ તાલુકાના ગઢકા ગામના ખેડુત ખાતેદારોએ આજે જીલ્લા કલેકટર કચેરી ખાતે ઉમટી પડી આ મામલે કલેકટર તંત્રને આવેદનપત્ર સુપ્રત કરી રજૂઆત કરી હતી. આ અંગે ગઢકાના સરપંચ અને ખેડૂતોએ જણાવેલ હતું કે ગત તા.૧૪ ઓગસ્ટના ગેઝેટ જાહેરનામા દ્વારા (રાજકોટ બાયપાસ) નેશનલ હાઈવે ૨૭ના કી.મી. ૦થી ૪૩.૯૧૯ના પ્રોજેકટના નિર્માણ, જાળવણી અને સંચાલન હેતુસર જમીન સંપાદન કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. આ ગેઝેટમાં ગઢકા ગામની જમીનનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. દેશના વિકાસ અને પ્રગતિના કાર્યોને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ. પરંતુ ખેડૂતોની કિંમતી જમીન કે તેના કોઈ ભાગના સૂચીત સંપાદનને કારણે ખેડૂત પરીવારની આજીવીકાના મૂળભૂત અધિકાર ઉપર સીધી અને વિપરીત અસર પડી રહી છે. જેથી સદરહુ ગેઝેટ સામે તેઓએ વાંધા રજુ કરેલ છે.


ખેડુતોએ જણાવેલ હતું કે અમારી જમીન અત્યંત ફળદ્રુપ છે અને અમારા પરીવારના ભરણપોષણ તથા આજીવિકાનો એક માત્ર આધાર છે. જો આ જમીનનું સંપાદન કરવામાં આવશે તો તે અમારી આર્થીક અને સામાજીક સ્થિરતાને સંપૂર્ણપણે છીન્નભીન્ન કરી દેશે. આ સૂચીત માર્ગ એલાઈનમેન્ટની આસપાસ સરકારી પડતર જમીન, ગૌચર જમીન અને ખરાબાનો ખૂબ મોટો વિસ્તાર ઉપલબ્ધ છે. જેથી આ પ્રોજેકટની વર્તમાન એલાઈનમેન્ટ બદલવા બાબતે ગંભીરતાથી વિચારણા કરવામાં આવે તે જરૂરી છે. આ માટે તાત્કાલીક સાઈટ ઉપર ઝીણવટભરી ભૌતીક ચકાસણી કરવામાં આવે અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી નવેસરથી સરકારી જમીનોનો પુનઃસર્વે કરવામાં આવે તે જરૂરી છે. આ પ્રોજેકટના માર્ગમાં થોડો ફેરફાર રી અલાઈનમેન્ટ કરવાથી અને ખેડૂતોની અત્યંત કિંમતી અને જીવાદોરી સમાન ખાનગી જમીનો બચાવી શકાય તેમ છે. આ ઉપરાંત જમીન ગુમાવવાના બદલામાં યોગ્ય અને ન્યાયી વળતર મેળવવું એ જમીન માલિકનો બંધારણીય અને કાયદાકીય અધિકાર છે. વળતર નકકી કરતી વખતે જમીન કયાં વિસ્તારમાં આવેલ છે તેની આસપાસનો ઔદ્યોગીક તથા વાણિજિયક વિકાસ કેવો છે અને જમીનની ભૌગોલિક તથા ખેતીલાયક ક્ષમતા કેટલી છે.

# વાંસજાળીયા-રાણાવાવ રેલવે ટ્રેક પર ઉંટ ફસાતા અનેક ટ્રેનો થંભી ગઈ : ઉંટને રેસ્કયુ કરી દુર કરાયો

## દાદર-પોરબંદર ટ્રેનનાં લોકો પાયલટે ટ્રેક ઉપર ઉંટ નિહાળતા ઈમરજન્સી બ્રેક મારી ટ્રેનને થંભાવી દીધી

રાજકોટઃ

વાંસજાળિયા-રાણાવાવ રેલખંડમાં ૨૭ ઓગસ્ટના વહેલી સવારે ઊંટ રેલવે ટ્રેક પર આવી જવાની ઘટનામાં લોકોપાઈલટની સતર્કતા અને ત્વરિત કાર્યવાહીથી સંભવિત અકસ્માત ટળી ગયો. ટ્રેન નંબર ૧૯૦૧૫ દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસના લોકોપાઈલટ શ્રી કાલિદાસ તથા સહાયક લોકોપાઈલટ જગદીશ સાહુએ વાંસજાળિયા નજીક બ્રિજ નંબર ૯૫ પર ટ્રેકની વચ્ચે ઊંટ બેઠેલો જોયો. તેમણે તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને સુરક્ષિત અંતરે રોકી દીધી.



ઘટના આશરે ૦૪:૩૦ વાગ્યાની છે. સહાયક લોકોપાઈલટે સ્થળ પર જઈ તપાસ કરતાં જાણવા મળ્યું કે ઊંટ બ્રિજના ભાગમાં ફસાયેલો હતો. તેની જાણ તાત્કાલિક ટ્રેન મેનેજર એસ. પી. મીણા, રેલવે કંટ્રોલ તથા વાંસજાળિયા સ્ટેશન સુપરિન્ટેન્ડન્ટને કરવામાં આવી.

મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માના નિર્દેશ અનુસાર રેલવે અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું. ઊંટને સુરક્ષિત રીતે ટ્રેક પરથી બહાર કાઢવા માટે જરૂરી સાધનો સાથે ક્રેનની પણ મદદ લેવામાં આવી. સંકલિત અને ત્વરિત પ્રયાસોના પરિણામે આશરે ૦૮:૪૫ વાગ્યે ટ્રેકને સુરક્ષિત રીતે ક્લિયર કરી રેલવે ટ્રાફિક પુનઃસ્થાપિત કરવામાં આવ્યો.

રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓએ પ્રશંસનીય તત્પરતા તથા સંકલનનો પરિચય આપ્યો. ઊંટને પણ સુરક્ષિત રીતે ટ્રેક પરથી બહાર કાઢવામાં આવ્યો.આ ઘટનાને કારણે સુરક્ષાની દૃષ્ટિએ ટ્રેન નંબર ૫૯૨૧૪ પોરબંદર-ભાણવડ અને ટ્રેન નંબર ૫૯૨૧૩ ભાણવડ-પોરબંદર દૈનિક પેસેન્જર ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવી પડી. ટ્રેન નંબર ૧૯૦૧૫ દાદર-પોરબંદર ૪ કલાક ૩૨ મિનિટ, ટ્રેન નંબર ૧૯૨૦૭ પોરબંદર-રાજકોટ ૩ કલાક ૧૫ મિનિટ, ટ્રેન નંબર ૧૨૯૦૫ પોરબંદર-શાલીમાર ૫૫ મિનિટ તથા ટ્રેન નંબર ૫૯૫૫૭ પોરબંદર-ભાવનગર ૨ કલાક ૪૩ મિનિટ મોડી દોડી હતી.

મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ લોકોપાઈલટ અને સહાયક લોકોપાઈલટની સતર્કતા તેમજ રેસ્ક્યુ ઓપરેશનમાં જોડાયેલા અધિકારીઓ અને કર્મચારીઓની ત્વરિત કાર્યવાહી અને પ્રશંસનીય કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા. સતર્કતા, સંવેદનશીલતા અને સુરક્ષા-આ જ ભાવનગર મંડળની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

# માતા-પુત્ર બંનેને આવાસ લાગ્યા! મનપાની યોજનામાં વધુ એક કૌભાંડ સામે આવ્યું

## મવડી અને લાઈટહાઉસ યોજનાના દસ્તાવેજ પકડી પાડતા હાઉસીંગ ચેરમેન ,આંતરિક રાજકારણથી ખદબદતા વિભાગમાં ઓપરેશનની જરૂર

રાજકોટઃ રાજકોટ મહાપાલિકામાં છેલ્લા મહિનાઓથી વહીવટી ડખ્ખાના કારણે અવારનવાર વિવાદમાં આવતા આવાસ યોજના વિભાગમાં કૌભાંડ જેવું એક પ્રકરણ બહાર આવ્યું છે. એક જ પરિવારના બે સભ્યો એવા માતા-પુત્રને ૨૦૨૩ અને ૨૦૨૫ એમ બે વર્ષમાં બે આવાસ લાગ્યાનું ધ્યાન પર આવતા હાઉસીંગ કમીટીના ચેરમેન દિલીપભાઈ લુણાગરીયાએ તાત્કાલીક અધિકારીને તપાસના આદેશ આપ્યા છે. તો અગાઉ પણ આવી રીતે એક જ પરિવારના સભ્યોએ એકથી વધુ જગ્યાએ આવાસના લાભ લીધા છે કે કેમ તેની પણ વિગતો ચકાસવા સૂચના આપી છે. રાજકોટ મહાનગરમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારો માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાઓની યોજનાઓ ચાલે છે. હાલ સેંકડો આવાસ ખાલી હોવા અને ખખડી ગયા હોવા છતાં નવા હાઉસીગ પ્રોજેકટ માટે તૈયારીઓ થઈ રહી છે ત્યારે શહેરના એક જ પરિવારને બે-બે આવાસ ફાળવાયા હોવાની હકીકત બહાર આવી છે.

આ અંગે તપાસનો આદેશ કરીને વિગત આપતા ચેરમેન દિલીપભાઈ લુણાગરીયાએ જણાવ્યું હતું કે હાર્દિક અશોકભાઈ જોશી અને હેમાબેન અશોકભાઈ જોશી નામના માતા-પુત્રને ૨૦૨૩માં મવડીની કૃષ્ણ ટાઉનશીપમાં એચ-૧૦૨ અને ૨૦૨૫માં જીજાબાઈ ટાઉનશીપ લાઈટહાઉસ (સ્માર્ટ સીટી)માં ૧૦/૭૦૮ નામનું કવાર્ટર લાગ્યું હતું. આ અંગે ચેરમેનને ફરિયાદ મળતા દસ્તાવેજો ચકાસ્યા હતા જેમાં આ હકીકત બહાર આવતા કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમમાં આવી ગરબડ કઈ રીતે થઈ તે તપાસીને પગલા લેવા આદેશ કરાયો છે.

આ આવાસ વિભાગ દ્વારા બંને આવાસ કોના નામે ફાળવાયા, બંને લાભાર્થીઓ વચ્ચેનો પારિવારિક સંબંધ શું છે, અરજી વખતે કઈ વિગતો અને દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હતા તથા યોજનાના નિયમો મુજબ બંને ફાળવણી યોગ્ય છે કે કેમ તે સહિતની બાબતોની તપાસ કરવામાં આવશે પરંતુ જાગૃત ચેરમેન પાસે તમામ હકીકત આવી ગઈ ત્યારે મોટુ સેટઅપ ધરાવતો આવાસ યોજના વિભાગ અને તેના અધિકારીઓ શું કરે છે તે સવાલ પણ ઉઠયો છે.




આવાસ ફાળવણી પહેલાં લાભાર્થીની વિગતોની ચકાસણી થતી હોવા છતાં જો એક જ પરિવારને બે લાભ મળ્યા હોય તો તે કઈ રીતે શક્ય બન્યું? તેની વિગતો મંગાવવામાં આવી છે. ભુતકાળમાં આવાસને સીલ મારવાની કાર્યવાહી થઈ છે પરંતુ સોગંદનામા આધારે આ લોક ફરી ખોલી દેવામાં આવે છે. જો નવા નિયમો આવે તો કાર્યવાહી કડક થશે અને ખરા લાભાર્થીને છત મળશે.

બીજી તરફ અગાઉ આવાસ યોજના વિભાગના વડા સામે કર્મચારીઓની ફરિયાદ, અધિકારી દ્વારા ચાર્જશીટ આપવાની ઘટના જાણીતી છે. આ જ વિભાગના પ્રવેશદ્વાર પર ભ્રષ્ટાચાર ન કરવાના મોટા સ્ટીકર પણ ચોંટાડવામાં આવ્યાનું રોજ અરજદારો જોઈ રહ્યા છે તે પણ ઉલ્લેખનીય છે. વડાપ્રધાન અને મુખ્યમંત્રીના નામ સાથેની આવાસ યોજનામાં થયેલી ગોલમાલ બદલ ગત ટર્મમાં ભાજપના મહિલા કોર્પોરેટર પાર્ટીમાં સસ્પેન્ડ પણ થયા હતા.

# રાહુલ દ્રવિડ - વિરેન્દ્ર સેહવાગના પુત્રો રાજકોટમાં રમશે

## ઓસ્ટ્રેલિયા અન્ડર-૧૯ સામેના બે વન-ડે એક ચાર દિવસીય મેચ રાજકોટમાં રમાશે



રાજકોટઃટીમ ઈન્ડીયા હાલ શ્રીલંકાના પ્રવાસે છે તથા આગામી સમયમાં ભરચકક ક્રિકેટ સીઝન જામશે તે સમયે ઓસ્ટ્રેલિયા અન્ડર-૧૯ સામે ભારતની ટીમ અન્ડર ૧૯ના બે વનડે તથા એક મલ્ટી-ડે ક્રિકેટ મેચ રાજકોટમાં રમાશે.જયારે વધુ એક મલ્ટી ડે મેચ અમદાવાદમાં રમાશે. આ માટે આજે ક્રિકેટ શેડયુલ તથા અન્ડર-૧૯ ટીમની જાહેરાત થઈ છે. જેમાં પુર્વ ક્રિકેટર રાહુલ દ્રવિડ તથા વિરેન્દ્ર સેહવાગના પુત્રોની અન્ડર-૧૯ ટીમમાં સ્થાન મળ્યું છે.

અન્ડર-૧૯ની વનડે ટીમનું નેતૃત્વ લક્ષ્ય રાયચંદાનીને અપાયુ છે. જે માટે અલગ અલગ ટીમ જાહેર થઈ છે. મલ્ટી ડે ક્રિકેટ મેચ માટે કેપ્ટન તરીકે યશબર્ધન ચૌહાણની પસંદગી થઈ છે.

ટીમ ઈન્ડીયા પણ સેલીબ્રીટી જેન-આલ્ફાનો સમાવેશ થયો છે. પુર્વ ક્રિકેટર રાહુલ દ્રવિડ તથા વિરેન્દ્ર સેહવાગના પુત્રો હવે અન્ડર-૧૯ ટીમ ઈન્ડીયા તરફથી રમશે. અન્વય દ્રવિડ તથા આર્યવીર સેહવાગને ઓસ્ટ્રેલિયા અન્ડર-૧૯ ટીમ સામે ભારતની ટીમ-અન્ડર ૧૯માં સ્થાન મળ્યું છે.

આજે ટીમની પસંદગી જાહેર થઈ હતી. આર્યવીર એ જમણેરી બેટસમેન છે. તેણે કુચ બિહાર ટ્રોફીમાં મેઘાલય સામે ૨૯૭ રન ફટકાર્યા હતા અને સૌનું ધ્યાન ખેંચ્યું હતું તો અન્વય દ્રવિડ જે અગાઉ જુલાઈમાં શ્રીલંકા સામે અન્ડર-૧૯ની ટીમમાં પસંદ થયો હતો.

વનડે ટીમ:લક્ષ્ય રાયચંદાની (કેપ્ટન) યશબર્ધન ચૌહાણ (વાઈસ કેપ્ટન), રજત બહેલ (વિ.કી.) આર્યવીર સેહવાગ, વી.કે.વીનીત, કુશાગ્ર ઓઝા, અર્જુન રાજપૂત, મનવ ચૌહાણ, અન્વય દ્રવિડ (વિ.કી.) વી.યશવીર, રોહિત યાદવ, શવીન વીબોધ, મોહિત ઉલ્વા, સી.વેંકટેશ, કાવ્ય પટેલ

મલ્ટી ડે ટીમ:યશબર્ધન ચૌહાણ, લક્ષ્ય રાયચંદાની, (વિ.કી.), સાગર વિર્ક, કુશાગ્ર ઓઝા, મનવ ચૌહાણ, કુશ પટેલ, માનવ ક્રિષ્ના (વિ.કી.), અભિનવ બિશ્વાસ, રોહિત યાદવ, ઈશાન ઓમ, અમાન અકરમ, પ્રણવ રાઘવેન્દ્ર, પ્રિયાંશુ સિંઘ, મોહિત ઉલ્વા, આર્યન યાદવ

# તિબેટના સરહદી વિસ્તારમાં પૂર વચ્ચે ફસાયેલા માટે ભારતીય દૂતાવાસ દ્વારા હેલ્પલાઈન નંબર જાહેર

રાજકોટઃતિબેટના સરહદી વિસ્તારોમાં અચાનક આવેલા પૂરની પરિસ્થિતિને કારણે ફસાયેલા ભારતીય નાગરિકોની મદદ માટે ભારતીય દૂતાવાસ દ્વારા એડવાઈઝરી અને હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે. ચીનમાં આવેલા ભારતીય દૂતાવાસ દ્વારા ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ એક સત્તાવાર એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

જે મુજબ, ચીનમાં સ્થળ પર તૈનાત સ્થાનિક અધિકારીઓનો સંપર્ક નંબર ૦૦૮૬ ૧૩૯ ૮૯૯૯ ૦૦૧૨ છે. આ ઉપરાંત, બેઈજિંગ સ્થિત ભારતીય દૂતાવાસનો સંપર્ક નંબર ૦૦૮૬ ૧૮૫ ૧૪૨૮ ૪૯૦૫ છે, જેના પર વોટ્સએપ દ્વારા પણ સંપર્ક કરી શકાશે.

દૂતાવાસ દ્વારા કાઠમંડુ સ્થિત ભારતીય દૂતાવાસના હેલ્પલાઈન નંબરો પણ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં +૯૭૭ ૯૮૫ ૧૩૧ ૬૮૦૭ અને +૯૭૭ ૯૭૦ ૯૧૦ ૭૫૦૦નો સમાવેશ થાય છે. આ બંને નંબરો પર પણ વોટ્સએપના માધ્યમથી સંપર્ક સાધી શકાશે.

બેઈજિંગ સ્થિત ભારતીય દૂતાવાસની યાદીમાં જણાવાયું છે કે, અસરગ્રસ્ત ભારતીય નાગરિકોને તમામ શક્ય મદદ પૂરી પાડવા માટે દૂતાવાસ સ્થાનિક સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં છે. દૂતાવાસ દ્વારા તમામ ભારતીયોને સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવતી તમામ સત્તાવાર સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા વિનંતી કરવામાં આવી છે.

# વોર્ડ નં.૧ના શ્યામનગર આરોગ્ય કેન્દ્રને મળ્યું NQAS પ્રમાણપત્ર

રાજકોટઃશ્યામનગર શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને NQAS પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. ભારત સરકાર દ્વારા રાજકોટ શહેરના શ્યામનગર શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને નિયત ગુણવત્તાસભર સેવાઓ માટે ૯૪.૮૫ ટકા સાથે રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. આ સિદ્ધિ રાજકોટ શહેરની આરોગ્ય સેવાઓની ગુણવત્તા અને કાર્યક્ષમતાના ઉચ્ચ સ્તરને દર્શાવે છે.

વોર્ડ નં. ૧ નાં શ્યામનગર શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સરકાર દ્વારા નિયુક્ત ટીમ દ્વારા આપવામાં આવતી આરોગ્ય સેવાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય કક્ષાના સમીક્ષકો ડો. સુશીલ દેશમુખ તેમજ ખુશ્બુબેન પંડ્યા દ્વારા મૂલ્યાંકન કરવામાં આવેલ હતું. આ ચકાસણીમાં કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. હર્ષિદા નમેરા તથા તેમની



ટીમ દ્વારા કરવામાં આવતી કામગીરી અને સેવાઓની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1 / 6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# વોશિંગ્ટનના ફરમાનથી વીસ લાખ લોકોનાં સપના અટવાયા

અમેરિકા હંમેશા પોતાને તકોની ભૂમિ તરીકે ઓળખાવતું રહ્યું છે. દુનિયાભરના પ્રતિભાશાળી યુવાનો, સંશોધકો, ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓ માટે તે એક સ્વપ્ન સમાન દેશ રહ્યો છે. પરંતુ વોશિંગ્ટનથી આવેલા તાજેતરના સમાચારે આ સ્વપ્ન પર ગંભીર પ્રશ્નાર્થ મૂક્યો છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રશાસને દુનિયાભરમાં આવેલા અમેરિકી દૂતાવાસો અને વાણિજ્ય દૂતાવાસોમાં નવા વિઝા મુલાકાત સમય પર રોક લગાવવાનો આદેશ આપ્યો છે. આ રોક તમામ શ્રેણીના વિઝા માટે લાગુ પડશે અને નવી તારીખો ક્યારે જાહેર થશે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. પ્રશાસનનું કહેવું છે કે વિઝા આપવાની સમગ્ર પ્રણાલીને વધુ સુદૃઢ અને પારદર્શક બનાવવા માટે આ પગલું જરૂરી છે. ઉપર ઉપરથી આ વાત પ્રણાલી સુધારણાની લાગે, પરંતુ તેની પાછળના સંકેતો અને તેની તાત્કાલિક અસરો ખૂબ જ ચિંતાજનક છે. ખાસ કરીને ભારત માટે, જ્યાં નવી દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા અને હૈદરાબાદ એમ પાંચ કેન્દ્રો પર દર વર્ષે લાખો લોકો વિઝા માટે અરજી કરે છે, ત્યાં આ નિર્ણયે અનિશ્ચિતતાનું મોટું વાદળ ઊભું કર્યું છે.આ નિર્ણયને એકલવાયા ઘટના તરીકે જોઈ શકાય નહીં. થોડા સમય પહેલા જ એચ-વન બી વિઝાની ફીમાં થયેલા અસાધારણ વધારાએ ભારતીય વ્યાવસાયિકો પર મોટો આર્થિક બોજ નાખ્યો હતો. હવે મુલાકાત સમય પર જ રોક લાગવાથી પરિસ્થિતિ વધુ વિકટ બની છે. પ્રાથમિક અંદાજ મુજબ લગભગ વીસ લાખ ભારતીયો આ નિર્ણયથી સીધી કે આડકતરી રીતે પ્રભાવિત થઈ શકે છે. તેમાં ઉચ્ચ અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ, માહિતી પ્રૌદ્યોગિકી ક્ષેત્રના નિષ્ણાતો, સંશોધકો, તબીબો અને પોતાના પરિવારજનોને મળવા ઇચ્છતા સામાન્ય નાગરિકોનો સમાવેશ થાય છે. વિઝા પ્રક્રિયા એ માત્ર કાગળોની ચકાસણી નથી, તે બે દેશો વચ્ચેના માનવ સંબંધોનો સેતુ છે. જ્યારે આ સેતુ જ બંધ કરી દેવામાં આવે ત્યારે માત્ર વ્યક્તિઓની અવરજવર નથી અટકતી, જ્ઞાન, મૂડી અને વિશ્વાસની આપ-લે પણ અટકી જાય છે. અમેરિકાના પોતાના સત્તાવાર આંકડા જણાવે છે કે ભારતીય વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોએ અમેરિકાના અર્થતંત્ર, શિક્ષણ અને નવીનતામાં અત્યંત મહત્વનું યોગદાન આપ્યું છે. આ યોગદાનને અવરોધવાથી અમેરિકાને પણ લાંબા ગાળે નુક્સાન થશે.

પ્રશાસનની દલીલ છે કે વર્તમાન વિઝા પ્રણાલીમાં ઘણી ખામીઓ છે, તપાસ પ્રક્રિયા વધુ કડક બનાવવી જરૂરી છે અને રાષ્ટ્રીય સુરક્ષા માટે આ રોક અનિવાર્ય છે. આ દલીલમાં આંશિક સત્ય હોઈ શકે, કારણ કે કોઈપણ દેશને પોતાની સીમાઓ અને પ્રવેશ પ્રક્રિયાને સુરક્ષિત રાખવાનો પૂરો અધિકાર છે. પ્રણાલીમાં સુધારો આવકાર્ય પણ છે. પરંતુ સુધારાના નામે સમગ્ર પ્રક્રિયાને અનિશ્ચિત સમય માટે થંભાવી દેવી એ ઉપચાર કરતાં રોગને વધુ ઘાતક બનાવવા જેવું છે. સુધારાનો માર્ગ દ્વાર બંધ કરવાનો નહીં, દ્વારને વધુ વ્યવસ્થિત કરવાનો હોવો જોઈએ. જો તપાસ વધુ સઘન કરવી હોય તો અધિકારીઓની સંખ્યા વધારવી, ડિજિટલ ચકાસણીને વધુ મજબૂત બનાવવી અને સમયમર્યાદા નક્કી કરીને પારદર્શક પ્રક્રિયા જાહેર કરવી જોઈએ. અચાનક રોક લગાવી દેવાથી વિશ્વભરના દૂતાવાસોમાં અરાજકતા ફેલાય છે, અરજદારોના ભવિષ્ય અધ્ધરતાલ થઈ જાય છે અને બે દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં પણ કડવાશ આવે છે. આ પગલું વહીવટી કાર્યક્ષમતા કરતાં રાજકીય સંદેશ તરીકે વધુ દેખાય છે.આ સંદર્ભમાં એક અગ્રણી હિન્દી દૈનિકે પોતાના અગ્રલેખમાં નોંધ્યું હતું કે આ પ્રકારના એકતરફી પ્રતિબંધથી પ્રતિભા પલાયન અટકશે નહીં, માત્ર કાનૂની માર્ગ બંધ થશે અને અમેરિકાની વૈશ્વિક છબી સંકુચિત તથા અવિશ્વસનીય બનશે.

# સાનુકૂળ વર્ષાથી આંબલામાં આધ્યાત્મિકતા અને પ્રાકૃતિકનો સમન્વય



ફ્રાઈડે ફોટો સ્ટોરી
- જયદીપ એ. દવે.

ગયા વર્ષ જેટલી રેકર્ડબ્રેક નહીં પરંતુ સચરાચર વરસેલી વર્ષાથી સિહોર પંથકની ધરામાં ચેતન રેડાયું છે. જેના પગલે સમૃદ્ધિનો સરવાળો થશે એવી ધરતીપુત્રોને આશા બંધાણી છે. તો સિહોર તાલુકાના પ્રાકૃતિક લાવણ્યથી ભરપૂર આંબલા ગામમાં સૌંદર્યના નવા સમીકરણો રચાઈ રહ્યા છે. વાકિયા હનુમાન અને તિરુપતિના આધ્યાત્મિક ઉર્જા વેરતા મંદિરો,આસપાસ આવેલ, દિવેલા, ચણા, કપાસ અને ઘઉંની સમૃદ્ધ વાડીઓ અને ઠીક ઠીક ભરેલા ખોડીયાર જલધારા તળાવના મનમોહક પેકેજ થી ચાલુ દિવસ દરમ્યાન પણ મુલાકાતીઓ અહીં પધારી રહ્યા છે.

# જેને હારતાં આવડે તે જીતે

**વિશેષ**

પતન થાય, હારી જવાય, નિરાશા મળે કે નિષ્ફળતાઓ મળે ત્યારે જ માણસનું પાણી મપાય છે. માણસનું સાચું સત્વ દુઃખ અને સંઘર્ષમાં જ દીપી ઉઠે છે. સંઘર્ષમાંથી પાર ઉતરનાર જ જિંદગીનો સ્વાદ માણી શકે છે. જગતમાં તમારી પાસેથી કોઈ ઝૂંટવી ના શકે એવી કોઈ વસ્તુ હોય તો તે છે હિંમત અને આત્મસન્માન

ગંગા નદીના કિનારે કનખલ પાસે થોડા થોડા અંતરે મહર્ષિ ભરદ્વાજ અને મહર્ષિ રૈભ્યના આશ્રમ હતા. બન્ને મહર્ષિ મિત્રોહતા. રૈભ્ય શાસ્ત્રજ્ઞા હતા. તેમને વૈદિક જ્ઞાનમાં રૂચિ હતી. રૈભ્યના બે પુત્રો અર્વાવસુ અને પરાવસુ પિતાની માફક ધર્મશાસ્ત્રોનું અધ્યયન કરી વિદ્વાન થયા હતા. ભરદ્વાજજી તપસ્વી હતા. તેમને તપમાં વધારે રૂચિ હતી. તેમનો પુત્ર યવક્રીત પણ ભણવાની માથાકૂટમાં પડયા વગર તપ કરીને જ્ઞાની થવા માંગતો હતો. જો કે સમાજમાં ભરદ્વાજ કરતાં રૈભ્ય અને તેમના પુત્રોનું માન વધારે હતું. લોકો તેમના વૈદિક જ્ઞાનની પ્રશંસા કરી તેમને આદર આપતા. આ વાત યવક્રીતને ખૂંચતી. તેને તપસ્વી પિતાની અવગણનાથી દુઃખ થતું. તેનામાં ધર્મશાસ્ત્રોના મોટા મોટા ગ્રંથોનું અધ્યયન કરી ગુરૂની કસોટીમાંથી પાર ઉતરી જ્ઞાની થવામાં સહેજેય ઉત્સાહ નહોતો. તેને ભણવાની લાંબી વિધિ કંટાળાજનક લાગતી. એટલે તેણે વૈદિક જ્ઞાન મેળવવા તપનો માર્ગ અપનાવ્યો. ઉગ્ર તપ શરૂ કર્યું. તેનું કઠોર તપ જોઈ ઈન્દ્ર તેની પાસે આવ્યા. 'યવક્રીત, જ્ઞાની થવા તપની નહિ અધ્યયનની જરૂર છે. તું પ્રયત્ન કર. (યત્નવાન સુખમેધતે) પ્રયત્નશીલ માણસ જ સુખ પામે છે. તું સદ્ગુરૂ પાસે જા. નિષ્ફળતાનો ભય રાખ્યા વગર નિષ્ઠાપૂર્વક નિરંતર અભ્યાસ કર. તને જરૂર સફળતા મળશે. પણ ઈન્દ્રની વાત તેણે ના માની. તપ ચાલુ રાખ્યું. ઈન્દ્રએ ફરી આવી તેને સમજાવ્યો. 'યવક્રીત, તું કોશિશ તો કર. એકવાર અધ્યયન શરૂ કરીશ એટલે તને એમાં રસ જાગશે. (કૃતં મે દક્ષિણે હસ્તે, જયો મે સવ્ય હસ્તઃ) જેના જમણા હાથમાં કર્મ અને પુરૂથાર્થ હોય છે, તેના ડાબા હાથમાં કુદરતી રીતે જ વિજય આવી જાય છે.' પણ યવક્રીત જીદ્દી હતો. તેણે નદી કિનારે હવન શરૂ કર્યો. શરીરનું એક એક અંગ કાપી અગ્નિમાં હોમવાનો નિશ્ચય કર્યો. ઈન્દ્રને લાગ્યું યવક્રીતને હવે જુદી રીતે સમજાવવો પડશે. ઈન્દ્રએ અત્યંત વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું. નદી કિનારે આવી ગયા. જ્યારે યવક્રીત ગંગાસ્નાન કરવા આવ્યો ત્યારે તેની નજર પડે એ રીતે કિનારે પડેલી રેતી ખોબામાં ભરી ભરીને ગંગામાં નાખવા લાગ્યા. યવક્રીતે જોઈને કહ્યું. 'વિપ્રવર, આ શું કરી રહ્યા છો ?' કમરથી ઝૂકેલા બ્રાહ્મણે કહ્યું. 'ગંગા નદી વિશાળ છે. લોકોને આ પારથી પેલે પાર જતાં તકલીફ પડે છે. હંર તેમના માટે આ રીતે રેતી નાખીને એક પુલ બનાવી રહ્યો છું.' યવક્રીત હસ્યો. 'ભગવન્ આ તો વ્યર્થ પ્રયત્ન છે. ગંગાના જોશીલા પ્રવાહમાં રેતીથી કેવી રીતે પુલ બાંધી શકાય ? આ અસંભવ, અસાધ્ય કાર્ય છે. ખોટી મહેનત ના કરો. બ્રાહ્મણરૂપે ઈન્દ્રએ કહ્યું, 'તું જેમ અધ્યયન કર્યા વગર ફક્ત તપ દ્વારા વૈદિકજ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છે છે એમ હું પણ કરું છું. તું જો ભણ્યા વગર જ્ઞાની થવાનું અસાધ્ય કામ સાધ્ય કરી શકે તો હું કેમ ના કરી શકું ?' યવક્રીતની આંખો ખૂલી ગઈ. તે સમજી ગયો કે બ્રાહ્મણરૂપમાં ઈન્દ્ર છે. 'દેવરાજ, ક્ષમા કરો. મને મારી ભૂલ સમજાઈ ગઈ. ખરેખર, જ્ઞાન પ્રાપ્ત કરવાનો એક જ માર્ગ છે. અધ્યયન, નિરંતર અભ્યાસ, નિષ્ફળતાનો ડર રાખ્યા વગર સદ્ગુરૂ પાસે બેસીને ધીરજથી જ્ઞાન પ્રાપ્ત કરવું.'

'શોર્ટકટ'થી મળેલી સફળતા લાંબુ ટકતી નથી. સંતોષ આપતી નથી. સફળતા મેળવવી હોય તો મુશ્કેલી સામે નહિ પણ મુશ્કેલીની આરપાર નજર કરવી પડે છે. ક્યારેક એક જ નિષ્ફળતાથી માણસ તૂટી જાય છે પણ જેના મનમાં ધ્યેય સ્પષ્ટ હોય, હિંમત હોય, ખુમારી હોય, જીતવાની જીદ હોય તેને સફળતા મળે જ છે. કોઈ પરાજય કાયમી નથી હોતો - ધ્યેય કાયમી હોય ચે. રસ્તામાં ખાડા કે બમ્પ આવે ત્યારે સજાગ ડ્રાઈવર ગાડી થોડીવાર ધીમી કરી એ આડશ (ઁક્ષ્ક્ષિડ?મી) પાર કરી આગળ વધે છે. તે ત્યાં રોકાઈ જતો નથી. પણ જે અડચણોથી ગભરાઈને આગળ વધવાનું માંડી વાળે છે તેની હાર નક્કી થઈ જાય છે. જે પ્રયત્ન છોડીને બેસી રહે છે તેનું પતન શરૂ થઈ જાય છે. આપણામાં રહેલી શક્તિઓ વપરાવા માટે થનગની રહી હોય છે, પણ જે ખુદમાં રહેલી સંભાવનાઓ ઓળખતો નથી તે પ્રયત્ન કર્યા વગર જ હારી જાય છે.ઓલિમ્પિક વિશ્વ વિજેતા ખેલાડી બોબ રિચાર્ડસએ કહ્યું હતું, 'ઘણા લોકોમાં ઓલિમ્પિક વિજેતા બનવાની સંભાવનાઓ હોય છે પણ તે પ્રયત્ન કરતાં નથી. હું વાંસકૂદમાં જીત્યો ત્યારે કમ સે કમ પચાસ લાખ લોકો મને હરાવી શકે તેમ હતા. કદાચ તે મારા કરતાં વધુ મહાન, ઝડપી અને શક્તિશાળી હતા પરંતુ નિષ્ફળતાના ડરથી એમણે પોલ ઉઠાવ્યો જ નહિ.

# સૂર્ય, ઊંઘ અને સક્રિયતા એ જ સાચી કુદરતી ઔષધ

## ચાલવાનું છોડશો તો તાકાત છૂટી જશે, ઊંઘને અવગણશો તો મન થાકી જશે, સક્રિય રહેશો તો જીવન મહેકી જશે. સો વર્ષ જીવવાની વાત સાચી લાઈફ સ્ટાઈલ છે

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

અમેરિકાના પ્રસિદ્ધ ચિકિત્સક સર વિલિયમ ઓસ્લરે એક વખત અત્યંત માર્મિક વાક્ય કહ્યું હતું કે,

"ઉત્તમ ચિકિત્સક રોગની સારવાર કરે છે, પણ મહાન ચિકિત્સક તો રોગથી પીડાતા માણસની સારવાર કરે છે."

આ વાક્ય જીવનના ઉત્તરાર્ધના સત્યને સમજવા માટે ચાવીરૂપ છે. સાઠ વર્ષ વટાવ્યા પછી શરીર નબળું પડે છે એવું આપણે સૌ કહીએ છીએ, પરંતુ ખરેખર તો શરીર નબળું પડતું નથી, આપણે તેને નબળું પાડીએ છીએ. ઉંમર કોઈ એક રાતમાં તાકાત છીનવી લેતી નથી, તે તો વર્ષો સુધી કરેલી નાની નાની બેદરકારીઓનું વ્યાજ સાથેનું વળતર છે. જે વ્યક્તિ ચાલવાનું છોડી દે છે, તેનું શરીર ધીરે ધીરે ચાલવાનું ભૂલી જાય છે. પગ એ માત્ર શરીરને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાનું સાધન નથી, તે હૃદયનો બીજો સાથી છે. જ્યારે નિયમિત ડગલાં મંદ પડે છે ત્યારે રક્તનું પરિભ્રમણ શિથિલ બને છે, સ્નાયુઓમાં જકડાઈ આવવા લાગે છે અને સાંધાઓ પોતાની લચકતા ગુમાવવા લાગે છે. રોજ સવારે ઉઠીને થોડુંક ચાલવું એ કસરત નથી, એ તો જીવનને આપેલું નિમંત્રણ છે કે તું હજુ મારી અંદર વહે છે.

તેવી જ રીતે નિદ્રા એ વૃદ્ધાવસ્થાની સૌથી મોટી દવા છે. આજના સમયમાં લોકો સાત કલાકથી ઓછી ઊંઘને પોતાની વ્યસ્તતાનું પ્રમાણપત્ર માને છે, પરંતુ સાઠ પછી આ ટેવ મન અને શરીર બંને પાસેથી ભારે કિંમત વસૂલ કરે છે. ઊંઘ દરમિયાન જ શરીર પોતાનું સમારકામ કરે છે, દિવસભર ઘસાયેલા કોષો નવા બને છે, યાદશક્તિ વધુ મજબૂત બને છે અને હૃદયને આરામ મળે છે. જે વ્યક્તિ ઊંઘ સાથે સમાધાન કરે છે તેના સ્વભાવમાં ચીડિયાપણું આવે છે, તેની રોગપ્રતિકારક શક્તિ નબળી પડે છે અને દિવસભર થાકનો અનુભવ થાય છે. પૂરતી ઊંઘ એ આળસ નથી, એ તો પ્રકૃતિએ આપેલું વરદાન છે જેને સમયસર સ્વીકારવું જ પડે.

શરીરના બંધારણની વાત આવે ત્યારે પ્રોટીનનું મહત્વ સોનાની જેમ અમૂલ્ય છે. ઉંમર વધવાની સાથે લોકો ખોરાકમાંથી પ્રોટીન ઓછું કરી નાખે છે, એમ સમજીને કે હવે પચશે નહીં. પરંતુ સત્ય તેનાથી તદ્દન વિપરીત છે. પ્રોટીન વિના સ્નાયુઓ ધીરે ધીરે ઓગળવા લાગે છે, જેને તબીબી ભાષામાં સાર્કોપેનિયા કહે છે. હાથમાંથી વસ્તુઓ પડી જવી, સીડી ચડતા હાંફ ચડવો, કે ઉભા થતા ટેકાની જરૂર પડવી એ બધું પ્રોટીનની ઉણપના જ સંકેતો છે. દાળ, કઠોળ, દૂધ, દહીં, ઈંડા અને સોયા જેવા સાદા ખોરાકમાંથી મળતું પ્રોટીન એ શરીરના પાયાનો પથ્થર છે, તેને અવગણવો એટલે પોતાના જ ઘરના પાયાને નબળો કરવો.

સૂર્યપ્રકાશથી દૂર ભાગવું એ પણ એક મોટી ભૂલ છે. ઘણા વડીલો તડકામાં બેસવાનું ટાળે છે, પણ તેમને ખબર નથી કે સૂર્યના કોમળ કિરણોમાં વિટામિન ડી નો ભંડાર છુપાયેલો છે. વિટામિન ડી વિના કેલ્શિયમ હાડકામાં જમા થતું નથી અને હાડકાં અંદરથી પોલા થવા લાગે છે. સવારના તડકામાં દસ પંદર મિનિટ બેસવું, બગીચામાં ફરવું કે અગાસીમાં ચા પીવી એ માત્ર ટેવ નથી, એ હાડકાંને આપેલું જીવનદાન છે. જે શરીરને સૂર્યનો સ્પર્શ નથી મળતો તે ધીરે ધીરે પોતાની મજબૂતાઈ ગુમાવી દે છે અને નાની અમથી ઠોકર પણ મોટા ફ્રેક્ચરનું કારણ બની જાય છે.

એક બીજી ખૂબ જ અગત્યની વાત એ છે કે વજન ઉપાડવાનું અને કામ કરવાનું છોડી દેવું. નિવૃત્તિ પછી ઘણા લોકો વિચારે છે કે હવે આરામ કરવો છે, એટલે તેઓ કોઈ પણ વસ્તુ ઉપાડવાનું ટાળે છે. પરંતુ સ્નાયુનો નિયમ ખૂબ સરળ છે, જેનો ઉપયોગ થતો નથી તે નાશ પામે છે. રોજિંદા જીવનમાં થેલી ઉપાડવી, ખુરશી ખસેડવી, બગીચામાં પાણી પાવું કે પોતાના કપડાં જાતે ધોવા જેવી નાની પ્રવૃત્તિઓ સ્નાયુઓને જીવંત રાખે છે. જ્યારે આપણે શરીરને કહીએ છીએ કે તારે હવે કામ કરવાની જરૂર નથી, ત્યારે શરીર પણ તે વાત માની લે છે અને પોતાની તાકાત સંકેલી લે છે. તેથી સક્રિય રહેવું એ શોખ નથી, એ તો જરૂરિયાત છે.

શારીરિક નબળાઈ કરતા પણ વધુ ખતરનાક છે માનસિક નબળાઈ. જે વ્યક્તિ આખો દિવસ ફરિયાદોમાં સમય વિતાવે છે, તે હલનચલન કરતા વધુ થાકી જાય છે. ફરિયાદ કરવાથી શરીરમાં નકારાત્મક હોર્મોન્સ ઉત્પન્ન થાય છે, મન ઉદાસ રહે છે અને આત્મવિશ્વાસ ડગમગવા લાગે છે. તેના બદલે જે વ્યક્તિ નાની નાની ખુશીઓમાં વ્યસ્ત રહે છે, મિત્રો સાથે વાત કરે છે, હસે છે અને કંઈક નવું શીખવાનો પ્રયત્ન કરે છે તેનું મન હંમેશા યુવાન રહે છે. ગતિ એ જ જીવન છે અને સ્થિરતા એ જ મૃત્યુની શરૂઆત છે, એટલે ફરિયાદને બદલે પ્રવૃત્તિને પસંદ કરવી એ જ સાચો માર્ગ છે.




આ બધામાં સૌથી ઊંડી અસર આપણા પોતાના વિચારોની પડે છે. હું હવે ઘરડો થઈ ગયો છું એવું વારંવાર બોલવાથી શરીર પણ એ જ ભાષા સમજવા લાગે છે. મગજ એ શરીરનો માલિક છે, તે જેવો આદેશ આપે છે શરીર તેવું જ વર્તન કરવા લાગે છે. જો તમે પોતાને વૃદ્ધ, અશક્ત અને લાચાર માનશો તો તમારી ટેવો પણ તેવી જ બની જશે. તમે ચાલવાનું ટાળશો, નવા લોકોને મળવાનું બંધ કરશો અને ધીરે ધીરે એકલતામાં સરી જશો. પરંતુ જો તમે એમ માનશો કે ઉંમર એ માત્ર એક આંકડો છે અને હજુ ઘણું કરવાનું બાકી છે તો તમારું શરીર પણ તમારો સાથ આપશે. વિચારોમાં તાકાત છે અને એ તાકાત જ શરીરમાં ઉતરે છે.

અંતે એ સમજવું ખૂબ જરૂરી છે કે સાઠ પછી આવતી નબળાઈ કોઈ અકસ્માત નથી, તે તો વર્ષો સુધી અવગણાયેલી નાની નાની સારી ટેવોનું પરિણામ છે. આજે તમે જે ચાલવાનું ટાળો છો, જે ઊંઘ પૂરી નથી કરતા, જે પૌષ્ટિક ખોરાક નથી લેતા અને જે સૂર્યપ્રકાશથી દૂર ભાગો છો તે બધાનો હિસાબ શરીર દસ વર્ષ પછી માંગે છે. તેથી હજુ સમય છે. સક્રિય રહો, સમાજ સાથે જોડાયેલા રહો, મનને પ્રસન્ન રાખો અને તમારા શરીરને દરરોજ એક કારણ આપો કે તે મજબૂત રહે. કારણ કે શરીર ત્યાં સુધી જ મજબૂત રહે છે જ્યાં સુધી તેને મજબૂત રહેવાનું કારણ મળતું રહે છે. વૃદ્ધાવસ્થા એ જીવનનો અંત નથી, એ તો જીવનનો એવો ઉત્સવ છે જ્યાં અનુભવ અને ડહાપણ ભેગા થાય છે, બસ તેને માણવા માટે શરીર અને મનને તૈયાર રાખવા પડે.

# સંજય બાંગરની પુત્રી અનાયા ઓસ્ટ્રેલિયામાં એલિટ મહિલા ક્રિકેટ રમવા માટે તત્પર



મુંબઈ,

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સંજય બાંગરની પુત્રી અનાયા બાંગરે દાવો કર્યો છે કે તે હવે માર્ચ ૨૦૨૭ થી ઓસ્ટ્રેલિયામાં એલિટ મહિલા ક્રિકેટ રમવા માટે લાયક છે. જો તે સ્પર્ધાત્મક ક્રિકેટમાં પાછી ફરે છે અને પોતાના પ્રદર્શનથી પ્રભાવિત થાય છે, તો તે મહિલા બિગ બેશ લીગ માં પણ રમવા માટે લાયક બની શકે છે. અનાયાએ કહ્યું કે ક્રિકેટમાં પાછા ફરવાની સંભાવના તેના માટે ખૂબ જ ભાવનાત્મક ક્ષણ છે. તેના સંક્રમણ પછી તેણીએ ક્રિકેટથી દૂર રહેવું પડ્યું, અને એક સમયે, તેણીને લાગ્યું કે તેની ક્રિકેટ કારકિર્દી સમાપ્ત થઈ ગઈ છે.

અનાયાએ કહ્યું કે બાળપણથી જ ક્રિકેટ તેની ઓળખનો અભિન્ન ભાગ રહ્યો છે. તેથી, મેદાનમાં પાછા ફરવાની સંભાવના ફક્ત મહિલા લીગમાં રમવાની તક નથી, પરંતુ તેણીની પ્રિય રમતમાં પાછા ફરવાની તક છે. તેણીએ કહ્યું, "હું હવે માર્ચ ૨૦૨૭ થી ઓસ્ટ્રેલિયામાં મહિલા બિગ બેશ લીગમાં રમવા માટે લાયક છું. આ મારા માટે ખૂબ જ ભાવનાત્મક ક્ષણ છે, કારણ કે એક સમયે, મને ખરેખર લાગ્યું હતું કે મેં ક્રિકેટ કાયમ માટે ગુમાવી દીધું છે." અનાયાના મતે, સંક્રમણ પછી ક્રિકેટથી દૂર રહેવું એ તેના જીવનના સૌથી મુશ્કેલ અનુભવોમાંનો એક હતો. હવે, તેનું લક્ષ્ય સ્પર્ધાત્મક ક્રિકેટમાં પાછા ફરવાનું અને ફરી એકવાર પોતાને સાબિત કરવાનું છે.તેણીએ કહ્યું કે તેનું આગામી લક્ષ્ય શારીરિક અને સ્પર્ધાત્મક રીતે પોતાને મજબૂત બનાવવાનું છે જેથી તેણીને ડબ્લ્યુબીબીએલ ફ્રેન્ચાઈઝ દ્વારા પસંદગી માટે વિચારી શકાય. અનાયા માટે પાત્ર બનવુંએ પહેલુંપગલુંછે, પરંતુવાસ્તવિક પડકાર તેના મેદાન પરના પ્રદર્શન દ્વારા ફ્રેન્ચાઈઝીને પ્રભાવિત કરવાનો રહેશે.તેણીએ કહ્યું, "મારે હજુ પણ ફ્રેન્ચાઈઝીને ખાતરી આપવાની જરૂર છે કે હું તેમની ટીમમાં યોગદાન આપી શકું છું."અનાયા ઓસ્ટ્રેલિયન લીગ ક્રિકેટમાં પાછા ફરવાની, નિયમિતપણે તાલીમ લેવાની અને તેના ક્રિકેટ કૌશલ્ય પર કામ કરવાની યોજના ધરાવે છે. તેનું ધ્યાન ચારેય ક્ષેત્રોમાં પોતાને મજબૂત બનાવવા પર છે: બેટિંગ, બોલિંગ, ફિલ્ડિંગ અને ફિટનેસ.અનયાનું અંતિમ લક્ષ્ય ૨૦૨૭ માં ડબ્લ્યુબીબીએલમાં રમવાની તક મેળવવાનું છે. આ હાંસલ કરવા માટે, તે પહેલા સ્પર્ધાત્મક ક્રિકેટમાં પાછા ફરવા માંગે છે અને તેની લય અને ફિટનેસ પાછી મેળવવા માંગે છે.

# નો-બોલ પર ફ્રી-હિટનો નિયમ ટેસ્ટમાં પણ લાગુ થવો જોઈએ : સાઈરાજ બહુતુલે




કોલંબો,

કોલંબોના એસએસસી ગ્રાઉન્ડ ખાતે ભારત અને શ્રીલંકા વચ્ચેની બીજી ટેસ્ટ મેચના ચોથા દિવસના અંતે, ટીમ ઈન્ડિયાની પકડ મજબૂત હતી. આ ટેસ્ટ શ્રેણી પછી અને તે પહેલાં પણ ટીમ ઈન્ડિયા માટે એક સમસ્યા ઝડપથી ઉભરી આવી છે, તે છે સ્પિન બોલરો દ્વારા વધુ પડતી સંખ્યામાં નો-બોલ ફેંકવામાં આવી રહ્યા છે. કોલંબો ટેસ્ટના ચોથા દિવસની વાત કરીએ તો, ભારતીય સ્પિનરોએ કુલ ૧૦ નો-બોલ ફેંક્યા. ટીમ ઈન્ડિયાના સ્પિન બોલિંગ કોચ, સાઈરાજ બહુતુલે, આ મુદ્દા અંગે ચિંતા વ્યક્ત કરી છે, અને ટેસ્ટમાં પણ ફ્રી-હિટ નિયમ લાગુ કરવાનું સૂચન કર્યું છે. તેમના મતે, આનાથી ફેંકાયેલા નો-બોલની સંખ્યા ઘટી શકે છે.

ભારતીય ટીમના સ્પિન બોલિંગ કોચ સાઈરાજ બહુતુલે, શ્રીલંકા સામે કોલંબો ટેસ્ટમાં ચોથા દિવસની રમત પછી એક પ્રેસ કોન્ફરન્સમાં સ્પિનરો દ્વારા ફેંકાયેલા નો-બોલની સંખ્યા વધુ હોવા અંગેના પ્રશ્નના જવાબમાં કહ્યું, "હું નિયમોનો રક્ષક નથી, પરંતુ જો ફ્રી-હિટ દાખલ કરવામાં આવે તો, નો-બોલની સંખ્યા ચોક્કસપણે ઘટી શકે છે. કોઈપણ ટીમ નો-બોલિંગ દ્વારા વધારાના બોલ અને વધારાના રન આપવા માંગતી નથી. બોલરોને નેટ સેશન દરમિયાન નો-બોલ વિશે સતત યાદ અપાવવામાં આવે છે." દરમિયાન, બહુતુલેએ મજાકમાં નો-બોલ સમસ્યાને ઉકેલવા માટે ટેસ્ટ ક્રિકેટમાં ફ્રી હિટ્સ શરૂ કરવાનું સૂચન કર્યું, જે મર્યાદિત ઓવરના ક્રિકેટમાં થાય છે.ભારતીય ટીમના સ્પિન બોલિંગ કોચે વધુમાં ઉમેર્યું, "આ એવી બાબત છે જેના પર અમે કામ કરી રહ્યા છીએ. ક્યારેક ક્યારેક આ ચોક્કસપણે ચિંતાનો વિષય છે. પરંતુ જ્યારે કોઈ બોલર ખૂબ જ પ્રયત્ન કરે છે અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં વિકેટ મેળવે છે, ત્યારે તેઓ પોતાને વધુ પડતો પરિશ્રમ કરે છે. જો કે, આ કોઈ બહાનું નથી.

# બાબર આઝમે મેચના એક દિવસ પહેલા સ્વીકાર્યું હતું કે તેઓ ૧૦૦ ટકા ફિટ નથી



કરાંચી,

શું બાબર આઝમ સંપૂર્ણપણે ફિટ છે? શું તે ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં કેપ્ટન તરીકે રમતા જોવા મળશે? બાબરે પોતે આ પ્રશ્નનો જવાબ આપ્યો છે. ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન વચ્ચેની ટેસ્ટ શ્રેણીની બીજી મેચ આજથી લોર્ડ્સમાં રમાશે. આ મેચના એક દિવસ પહેલા, બાબરે તેમના સ્વાસ્થ્ય અંગે અપડેટ આપ્યું છે. પાછલી મેચ ઈનિંગથી હાર્યા બાદ પાકિસ્તાની ટીમ અહીં પહોંચી હતી. હવે, શ્રેણી ગુમાવવાનો ખતરો તેમના પર મંડરાઈ રહ્યો છે.

પાકિસ્તાનના ટેસ્ટ કેપ્ટન બાબર આઝમ મેદાનમાં પાછા ફરવા માટે તૈયાર છે. લોર્ડ્સ ટેસ્ટ પહેલા, બાબરે કહ્યું હતું કે તેણે થોડા પ્રેક્ટિસ સત્રો પૂર્ણ કર્યા છે અને મેચ માટે ૯૦ ટકા ફિટ છે. આનો અર્થ એ છે કે તે મેચના એક દિવસ પહેલા સુધી સંપૂર્ણપણે ફિટ નહોતો, જે તે પોતે સ્વીકારે છે. શ્રેણી પહેલા બાબર આઝમ હાથની ઈજા સામે ઝઝૂમી રહ્યો હતો, જે તેને પ્રેક્ટિસ સત્ર દરમિયાન થયો હતો. બાબરે કહ્યું કે જ્યારે પણ તે પાકિસ્તાનનું નેતૃત્વ કરે છે, ત્યારે તે તેના માટે ગર્વની વાત છે. તે કોઈપણ કિંમતે આગામી મેચ રમવા માંગે છે.

હવે પ્રશ્ન એ છે કે, બાબર આઝમ કયા નંબર પર બેટિંગ કરશે? સામાન્ય રીતે, તે ચોથા નંબર પર બેટિંગ કરે છે, જ્યાં અબ્દુલ્લા શફીકે છેલ્લી મેચમાં બેટિંગ કરી હતી, પ્રથમ ઈનિંગમાં અડધી સદી ફટકારી હતી, પરંતુ બીજી ઈનિંગમાં સસ્તામાં આઉટ થયો હતો. બાબર ઈચ્છે છે કે અબ્દુલ્લા ચોથા નંબર પર બેટિંગ કરે. આનો અર્થ એ છે કે બાબર ત્રીજા નંબર પર આવવાની યોજના બનાવી રહ્યો છે. પાકિસ્તાની ટીમ હાલમાં ત્રણ ટેસ્ટ મેચની શ્રેણીમાં ૦.૧ થી પાછળ છે. જો તેઓ આ મેચ પણ હારી જાય છે, તો શ્રેણી ગુમાવી દેવામાં આવશે. પાકિસ્તાની ટીમ પહેલાથી જ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે છે અને હવે ફાઈનલની દોડમાંથી બહાર થઈ શકે છે.શ્રેણીની પહેલી મેચમાં, પ્રથમ બેટિંગ કરતી પાકિસ્તાની ટીમ ફક્ત ૧૭૧ રન જ બનાવી શકી હતી.

# દક્ષિણ આફ્રિકાના ખેલાડી ડીન એલ્ગરે ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી, ૨૧ વર્ષની કારકિર્દીનો અંત



નવીદિલ્હી,

દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ખેલાડીઓમાંના એક ડીન એલ્ગરે આખરે ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. જોકે, તેઓ પહેલાથી જ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા હતા. ડીન હવે લગભગ ૩૯ વર્ષના છે. તેમણે દક્ષિણ આફ્રિકાનું નેતૃત્વ કર્યું અને ઘણી ઐતિહાસિક જીતનો સાક્ષી બન્યો. એલ્ગરે પોતે નિવૃત્તિ જાહેર કરી છે. તેમણે ભારત સામે પોતાની છેલ્લી ટેસ્ટ રમી હતી.

ડીન એલ્ગરે ૨૦૧૨ માં આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ કર્યું હતું. જોકે, તે તે પહેલાં પણ સતત ક્રિકેટ રમી રહ્યો હતો. તેણે પોતાની પહેલી મેચ ૨૦૦૬ માં રમી હતી. તેને પહેલી વાર એબી ડી વિલિયર્સની કેપ્ટનશીપ હેઠળ વનડે ટીમમાં બોલાવવામાં આવ્યો હતો, અને તે વર્ષે પાછળથી, તેણે ગ્રીમ સ્મિથની કેપ્ટનશીપ હેઠળ ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. ૨૦૨૪ માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા જઈ રહેલા એલ્ગર ત્યારથી એસેક્સ માટે રમી રહ્યા છે. આ વર્ષની સીઝનના અંતે તે પોતાનું બેટ લટકાવશે.

એલ્ગરે દક્ષિણ આફ્રિકા માટે ૮૬ ટેસ્ટ મેચ રમી હતી, જેમાં ૫૩૪૭ રન બનાવ્યા હતા. જેમાં ૧૪ સદી અને ૨૩ અડધી સદીનો સમાવેશ થાય છે. તેણે એક વખત ૧૯૯નો સ્કોર કર્યો હતો પરંતુ તે તેની બેવડી સદી સુધી પહોંચવામાં નિષ્ફળ ગયો હતો. ડીને આઠ વનડે રમી હતી, જેમાં ૧૦૪ રન બનાવ્યા હતા. જોકે, તે કોઈ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યો ન હતો. ડીન એલ્ગરના ફર્સ્ટ-ક્લાસ આંકડા વધુ સારા છે. તેણે ૨૭૯ મેચ રમી છે અને લગભગ ૧૯,૦૦૦ રન બનાવ્યા છે, જેમાં ૫૫ સદી અને ૭૭ અડધી સદીનો સમાવેશ થાય છે.

નિવૃત્તિની જાહેરાત કરતા ડીન એલ્ગરે જણાવ્યું કે તે હવે ૩૯ વર્ષનો છે અને હવે તે નાના નથી થઈ રહ્યો.

# નેપાળ પૂર: સોનુ સૂદે મદદનો હાથ લંબાવ્યો, કૃપા કરીને પ્રાર્થના કરો : મનીષા કોઈરાલા




મુંબઈ,

નેપાળના રાસુવા ક્ષેત્રમાં ભોટેકોશી નદીમાં આવેલા ભારે પૂર પછી પરિસ્થિતિ ચિંતાજનક છે. આ કુદરતી આફતમાં ૯૫ લોકોના મોત થયાની પુષ્ટિ થઈ છે અને ૫૦૦ થી વધુ લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે. પૂરની પરિસ્થિતિ વચ્ચે સોનુ સૂદે નેપાળને મદદનો હાથ લંબાવ્યો છે. મનીષા કોઈરાલાએ પણ એક પોસ્ટ શેર કરી છે.અભિનેતા સોનુ સૂદ હંમેશા જરૂરિયાતમંદોને મદદ કરવાની વાત આવે ત્યારે આગળ રહે છે. તેઓ પૂરનો સામનો કરી રહેલા નેપાળને ટેકો આપવા માટે પણ આગળ આવ્યા છે. તેમણે નેપાળના લોકોને પ્રોત્સાહન આપતા પોતાના એકાઉન્ટમાંથી એક પોસ્ટ શેર કરી.

સોનુ સૂદે લખ્યું, "નેપાળ, તમે એકલા નથી. અમે ખોરાક, આશ્રય અને બધું ફરીથી બનાવવામાં મદદ કરવાની હિંમત સાથે તમારી પાસે આવી રહ્યા છીએ."

નેપાળી મૂળની લોકપ્રિય બોલિવૂડ અભિનેત્રી મનીષા કોઈરાલાએ પણ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી. તેમણે લોકોને આ પૂર દરમિયાન નેપાળ માટે પ્રાર્થના કરવાની અપીલ કરી.

# સીજેપી વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારી રિયા આહિર 'બિગ બોસ ૨૦'માં પ્રવેશ કરશે?



મુંબઈ,

તમે સીજેપી વિરોધ પ્રદર્શન દરમિયાન રિયા આહિરનો એક વીડિયો રાત્રે સોશિયલ મીડિયા પર વાયરલ થતો જોયો હશે. આ વીડિયોમાં, સોશિયલ મીડિયા પ્રભાવશાળી અને અભિનેત્રી રિયા આહિર પોલીસ વાનને હાથથી રોકતી જોવા મળી હતી. બાદમાં, રિયા આહિરના વિપક્ષી પાર્ટીના નેતાઓ સાથેના વીડિયોએ ભારે ચર્ચા જગાવી હતી. હવે, એવી અટકળો ચાલી રહી છે કે તે સલમાન ખાનના રિયાલિટી શોમાં દેખાઈ શકે છે. "બિગ બોસ ૨૦" માટે તાજેતરમાં રિલીઝ થયેલા નવા પ્રોમોએ આ અટકળોને વધુ વેગ આપ્યો છે. આ ટીઝરમાં, સલમાન ખાન "બિગ બોસ ૧૯" ના "ફ્રેન્સ ડિસિઝન" ના લોકપ્રિય ખ્યાલને ફરીથી રજૂ કરે છે.

નવા પ્રોમોમાં, દર્શકોને રિયા આહિર અને લવ ગિલ વચ્ચે પસંદગી કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. સૌથી વધુ દર્શકોના મત મેળવનાર સ્પર્ધકને "બિગ બોસ" ના મુખ્ય ઘરમાં સીધા પ્રવેશવાની તક આપવામાં આવશે. જોકે પ્રોમોએ માત્ર સોશિયલ મીડિયા પર પ્રેમ મેળવ્યો જ નહીં, પરંતુ તેની તીવ્ર ટીકા પણ થઈ. ઘણા લોકોએ તેના પર ફક્ત પ્રચાર અને ફૂટેજ માટે જંતર-મંતર વિરોધમાં ભાગ લેવાનો આરોપ લગાવ્યો.પોતાના પરના આરોપોનો જવાબ આપવા માટે, રિયાએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક ચાહકની ટિપ્પણીનો સ્ક્રીનશોટ શેર કર્યો. ટિપ્પણીમાં કહેવામાં આવ્યું હતું કે તે કાર્યકર્તા નથી, કે તે તેનો વ્યવસાય નથી. તેણીએ ફક્ત એક વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો જે સંયોગથી વાયરલ થયો હતો. આ પછી, લોકો તેની પાસેથી સામાજિક કાર્યને કારકિર્દી તરીકે આગળ ધપાવવાની અપેક્ષા રાખવા લાગ્યા. વાસ્તવમાં, તે વ્યવસાયે એક અભિનેત્રી, મોડેલ અને ઉદ્યોગસાહસિક છે. ચાહકના સંદેશમાં આગળ કહેવામાં આવ્યું હતું કે જો તેણીને ભારતના સૌથી મોટા રિયાલિટી શોમાં ભાગ લેવાની તક મળે, તો તે શા માટે હાર માની લે? દરેકને કારકિર્દી બનાવવાનો અને આજીવિકા મેળવવાનો અધિકાર છે. તેણીએ એક વાર અવાજ ઉઠાવ્યો હોવાથી તેણી પર હંમેશા સામાજિક ચળવળનું નેતૃત્વ કરવા માટે દબાણ કરવું અન્યાયી છે. જે લોકો કાર્યકર્તાત્વ પ્રત્યે આટલા ગંભીર છે તેઓએ બીજા પર આધાર રાખવાને બદલે જમીન પર કામ કરવું જોઈએ.રિયા આહિરે આ ચાહક સંદેશને ટેકો આપતા કહ્યું કે આ પોસ્ટ તેના મનની સ્થિતિને સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત કરે છે. તેણીએ સ્પષ્ટ કર્યું કે જ્યારે તે હંમેશા જે સાચું છે તેના માટે ઊભા રહેવાની ઈચ્છા રાખે છે, ત્યારે તે એક કલાકાર પણ છે. જ્યારે પણ કોઈ મહાન અભિનય અથવા કારકિર્દીની તક આવે છે, ત્યારે તે ચોક્કસપણે તેને સ્વીકારશે. રિયાએ એ પણ ખુલાસો કર્યો કે તેણીએ જંતર મંતરના વિડિઓમાંથી એક પૈસો પણ કમાયો નથી જેણે તેને આટલી ખ્યાતિ આપી. તેણીએ સમજાવ્યું કે તે છેલ્લા ૧૩ વર્ષથી થિયેટરમાં સક્રિય રીતે કામ કરી રહી છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લ | શિ | શિ | ભા | ઐ | ગ | ર | હા | ગ | ખ | દા | ન |
| મ | ક્ષ | મ | ધ | એ | ણ | આ | કી | ર | આ | મ | બા |
| ર | ણ | કા | ર | અ | ર | સ | ન | દા | બં | ર | અં |
| શિ | ક્ષ | ક | ઈ | તી | ગ | ત | ર | કા | સા | ધ | ખ |
| ન | ણે | જી | સ | ન | રી | કા | બિ | ખ | દ | સ | તુ |
| મો | ર | ણ | આ | કુ | વા | મ | લ | ણ | સા | બ | કા |
| વિ | ભો | રી | ચી | હા | બ | ઉ | કા | લી | પ્ર | ઈ | શ |
| વિ | ચા | બં | બ | ભા | સા | બં | પ્રા | ણા | તી | બં | બ |
| જ્ઞા | સ | ર | લી | ડી | પ્રા | ઊ | વા | કા | મા | ગં | મા |
| ન | ક | ર | ણા | રા | જ | વિ | ઇ | મ | તી | હિ | બ |
| સા | ધ | ન | વા | રા | ણા | ણ | સ | ભો | હિ | ક | મા |
| સા | લ | સ | બા | ળો | ળ | એ | ડી | શિ | ઈ | અઃ | ડો |

શબ્દ શોધો

મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# સની લિયોન અને તેના પતિ સામેના છેતરપિંડીના કેસને કોર્ટે ફગાવી દીધો



મુંબઈ,

સની લિયોન અને તેના પતિ સામે દાખલ કરાયેલી કથિત છેતરપિંડીની ફરિયાદ અંગે, કોર્ટે ચુકાદો આપ્યો કે તેમની સામે છેતરપિંડીનો કોઈ કેસ બનતો નથી અને વિવાદ ફક્ત વ્યવસાયિક કરાર સાથે સંબંધિત છે.ફરિયાદીના જણાવ્યા મુજબ, તેમણે સની લિયોનને તેલુગુ ફિલ્મમાં કામ અપાવવામાં મદદ કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે બંને પક્ષો વચ્ચે કુલ ૧.૭૫ કરોડનો કરાર થયો હતો, અને તેમને નિશ્ચિત ટકાવારી પર આધારિત કમિશન મળવાનું હતું. જૈને આરોપ લગાવ્યો હતો કે તેમને થોડી ચુકવણી મળી હતી, પરંતુ બાકીની રકમ અને તેમનું કમિશન ચૂકવવામાં આવ્યું ન હતું. ત્યારબાદ તેમણે સની લિયોન અને અન્ય લોકો વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬ (વિશ્વાસ ભંગ), ૪૨૦ (છેતરપિંડી) અને ૫૦૬ (ગુનાહિત ધાકધમકી) હેઠળ ફરિયાદ દાખલ કરી હતી.

અંધેરીની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટે ૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ જૈનની ફરિયાદ ફગાવી દીધી હતી. ત્યારબાદ તેમણે આ નિર્ણયને દિંડોશી કોર્ટમાં પડકાર્યો હતો. જૈને દાવો કર્યો હતો કે મેજિસ્ટ્રેટ કોર્ટે તેમની ફરિયાદ યોગ્ય રીતે તપાસ કર્યા વિના જ રદ કરી દીધી હતી.

સુનાવણી દરમિયાન, સેશન્સ કોર્ટે દસ્તાવેજો, ટેક્સ ઈન્વોઈસ અને પક્ષકારો વચ્ચેની વાતચીતની તપાસ કરી. કોર્ટે જણાવ્યું હતું કે આ બધું સ્પષ્ટપણે દર્શાવે છે કે વિવાદમાં વાણિજ્યિક વ્યવહારનો સમાવેશ થાય છે.

# અંશુલા કપૂરે તેના લગ્નનો એક વિડિઓ શેર કર્યો, ભાઈ અર્જુન કપૂર તેની માતાને યાદ કરીને ભાવુક થયો



મુંબઈ,

જુલાઈ ૨૦૨૬ માં રોહન ઠક્કર સાથે લગ્ન કરનાર અંશુલા કપૂરે તેમના લગ્નના એક મહિના પછી સોશિયલ મીડિયા પર તેમના લગ્નના રિસેપ્શનનો એક અદ્રશ્ય વિડિઓ શેર કર્યો છે. આ ભાવનાત્મક વિડિઓમાં, તેનો ભાઈ અને અભિનેતા અર્જુન કપૂર સ્ટેજ પર ભાષણ આપતા જોવા મળે છે. મુંબઈના તાજ લેન્ડ્સ એન્ડ ખાતે આયોજિત ભવ્ય સમારોહમાં બોની કપૂર, જાહ્નવી કપૂર અને ખુશી કપૂર સહિત આખો પરિવાર હાજર હતો. જોકે, આ આનંદદાયક પ્રસંગે પણ, અર્જુન અને અંશુલા તેમની સ્વર્ગસ્થ માતા મોના શૌરી કપૂરની ગેરહાજરી અનુભવી રહ્યા હતા.

સ્ટેજ પર બોલતી વખતે, અર્જુન કપૂરે તેની માતાને યાદ કરી. તેણે કહ્યું કે જો તેની માતા આજે તેની સાથે હોત, તો તે લગ્નની વિધિઓ અને ઉજવણીના દરેક ક્ષણનો સંપૂર્ણ આનંદ માણી શકત. અર્જુને સમજાવ્યું કે તેની માતા ફક્ત વરરાજાના પરિવારની દરેક ઈચ્છાનું ધ્યાન રાખતી નહોતી, પરંતુ સાથે નાચતી અને ગાતી તમામ મહેમાનોનું વ્યક્તિગત રીતે મનોરંજન પણ કરતી હતી. તેના ભાષણ દરમિયાન, અર્જુનનો અવાજ કર્કશ થઈ ગયો અને તે તેના આંસુ રોકી શક્યો નહીં. બહારના વરસાદનો ઉલ્લેખ કરતા, તેણે કહ્યું કે વરસાદ તેની માતાના આનંદના આંસુ અને તેના આશીર્વાદ સિવાય બીજું કંઈ નહોતું, જે નવદંપતી પર વરસાવ્યું હતું. અંશુલા તરત જ સ્ટેજ પર દોડી ગઈ અને અર્જુનને દિલાસો આપ્યો, જે રડી રહ્યો હતો અને તેના ભાઈને ભેટી પડ્યો.વીડિયોના આગળના ભાગમાં, અર્જુને અંશુલાનું ઘર છોડ્યા પછી અનુભવેલા અંતર વિશે વાત કરી. તેણે સ્વીકાર્યું કે અંશુલા દૂર ન ગઈ ત્યાં સુધી તેને ખ્યાલ નહોતો કે અંશુલા તેના જીવનમાં કેટલી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# રાજકોટમાં ગુ. હા. બોર્ડ રંગોલી પાર્કમાં સોલાર સિસ્ટમ નાખવા અને બી.યુ.પરમિશન આપવા મુખ્યમંત્રીને રજુઆત

## કાયદાકીય શરતો જી.એચ.બી.એ પુર્ણ નહિ કરતા ફલેટ ધારકો ઉપર જંગી વિજ બિલનો બોજ

રાજકોટ,

રાજકોટમાં કાલાવડ રોડ, મોટા મવા સ્થિત ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા નિર્મિત પંડિત દીનદયાળનગર (રંગોલીપાર્ક સોસાયટી) ના ૧૭ હાઇ-રાઇઝ ટાવર્સના ૧૧૬૪ ફ્લેટ ધારકોએ નિયમોનુસાર સોલાર સિસ્ટમ સ્થાપિત કરવા અને કાયદાકીય શરતો પૂર્ણ કરી બિનશરતી બી.યુ.પરમીશન તથા પર્યાવરણીય એનઓ. સી.મેળવવા અંગે માનનીય મુખ્યમંત્રીશ્રીને પત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી છે.

કાયદાકીય જોગવાઈઓ નિયમ ૨૫.૬.૧ (ટેબલ ૨૫.૬-૨) મુજબ ગૃપ હાઉસીંગ શ્રેણી હેઠળ આવતા આવાસો માટે કનેક્ટેડ લોડના લઘુત્તમ ૫ ટકા અથવા (ઉપલબ્ધબ છતની જગ્યા)ના ૨૦ વોટ/ચોરસ ફૂટ બેમાંથી જે વધારે હોય તે ક્ષમતાની સોલાર સિસ્ટમ લગાવવી કાયદાકીય રીતે અનિવાર્ય છે.

આ અંગે શરતી બી.યુ.પરમીશનઃ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળના સાઈટ વેરિફિકેશન રિપોર્ટ (ફાઈલ નં. મોટા મવા/ ૧૪૩૭/૨૩૦૬) માં સોલાર લાઈટિંગ અંગે વાંધો ઉઠાવાયો હતો. હાઉસિંગ બોર્ડ દ્વારા સોલાર સિસ્ટમ નાખવાની લેખિત ખાતરી આપવામાં આવતા રૂડા દ્વારા માત્ર શરતી બી.યુ.પરમીશન આપવામાં આવી હતી, જે આજે ૧૦ વર્ષ પછી પણ બિનશરતી થઈ નથી.

વર્ષ ૨૦૧૬માં મકાનોનો કબજો સોંપાયાને એક દાયકો વીતી ગયો હોવા છતાં કાયદાકીય પરવાનગીઓ અધ્ધતરતાલ છે. સોલાર નેટ-મીટરિંગ સિસ્ટમ સ્થાપિત ન થવાને કારણે ૧૧૬૪ મધ્યશમવર્ગીય પરિવારોને લિફ્ટ, વોટર પંપ અને કોમન લાઈટિંગ માટે દર મહિને આશરે ૪,૩૪,૯૭૨/- નું જંગી વીજ બિલ ભરવાની ફરજ પડી રહી છે. ગુજરાત હાઉસીગ બોર્ડ રાજકોટના કાર્યપાલક ઈજનેરશ્રીના પત્ર મુજબ આ પ્રોજેક્ટફના અગાઉ મંજૂર થયેલ બજેટમાંથી બચેલી રકમ સેવિંગ્ઝ ફંડમાંથી જ સોલાર પ્રોજેક્ટય આસાનીથી પૂર્ણ થઈ શકે તેમ છે. આ માટે સરકારી તિજોરી કે રહીશો પર નવો કોઈ નાણાકીય બોજ આવશે નહીં.

રંગોલી પાર્કના લોકોની મુખ્ય માંગણીઓ મુજબ (૧) ઓન-ગ્રીડ સોલાર સ્થાપનાઃ મંજૂર થયેલ ટેરેસ ફલોર પ્લાન (સ્કેલ ૧:૨૦૦) મુજબ તમામ ૧૭ ટાવરો પર તાત્કાલિક ઓન-ગ્રીડ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવે તેમજ (૨) બચત ફંડનો ઉપયોગઃ પ્રોજેક્ટરના બચેલા સેવિંગ્ઝ ફંડમાંથી આ કામગીરી માટે નાણાકીય મંજૂરી આપવામાં આવે અને (૩) બિનશરતી બી.યુ. કાયદાકીય જોગવાઈઓ પૂર્ણ કરી સોસાયટીને સત્વીરે કાયદેસરની બિનશરતી બી.યુ.પરમીશન તથા એનરોલ્ટમેન્ટ એનઓસી અપાવવામાં આવે તેવી ફલેટ ધારકો વતી ભીખાલાલ વ્રજલાલ સહાયતા, રંગોલી પાર્ક સોસાયટી ફ્લેટ હોલ્ડર હિતરક્ષક સમિતિ, પંડિત દીનદયાળનગર, મોટા મવા, કાલાવડ રોડ, રાજકોટ દ્વારા જણાવાયું છે.

# રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે ગુજરાતની જનતાને હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા પૂર્વ સંસદસભ્ય રામભાઈ મોકરીયા

રાજકોટ,

રક્ષાબંધન માત્ર ભાઈ-બહેનના પવિત્ર સ્નેહ, વિશ્વાસ અને લાગણીનું પર્વ નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિમાં પરસ્પર પ્રેમ, રક્ષણ, જવાબદારી અને પરિવારના મૂલ્યોને વધુ મજબૂત બનાવતું પાવન પર્વ છે. રાખડીનો પવિત્ર દોરો ભાઈ-બહેનના અતૂટ સંબંધ, સ્નેહ અને જીવનભરના સાથનું પ્રતિક છે.



તેમણે જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિમાં બહેન દ્વારા ભાઈના કાંડે બાંધવામાં આવતી રાખડી માત્ર એક દોરો નથી, પરંતુ તેમાં લાગણી, વિશ્વાસ, આશીર્વાદ અને એકબીજાના સુખ-દુઃખમાં સાથ આપવાનો સંકલ્પ સમાયેલો છે. રક્ષાબંધનનો આ પવિત્ર તહેવાર આપણને પરિવાર અને સમાજમાં પ્રેમ, એકતા, સંવાદિતા તથા પરસ્પર સન્માનની ભાવનાને વધુ મજબૂત કરવાની પ્રેરણા આપે છે.આ પવિત્ર પર્વની ઉજવણી સાથે આપણે આપણા પરિવારના સંસ્કારો, ભારતીય પરંપરાઓ અને ભાઈ-બહેનના પવિત્ર સંબંધોને વધુ ગાઢ બનાવવાનો સંકલ્પ કરીએ. સમાજમાં મહિલાઓ પ્રત્યે સન્માન અને સુરક્ષાની ભાવના વધુ મજબૂત બને તથા દરેક બહેનને સન્માનપૂર્વક, સુરક્ષિત અને આત્મનિર્ભર જીવન જીવવાની તક મળે તે દિશામાં સૌએ સાથે મળીને પ્રયત્ન કરવો જોઈએ.

ગુજરાતની પ્રગતિ, સુખાકારી અને શાંતિ માટેસૌ નાગરિકો પરસ્પર ભાઈચારો અને એકતાની ભાવના સાથે આગળ વધે અને રાજ્યને વધુ સમૃદ્ધ, સશક્ત તથા વિકાસશીલ બનાવવામાં પોતાનું યોગદાન આપે.રાખડીના પવિત્ર દોરાથી સંબંધોમાં સ્નેહ વધે, પરિવારમાં સુખ-શાંતિ જળવાય અને સમગ્ર ગુજરાત પ્રેમ, એકતા તથા ભાઈચારાથી પ્રગતિના પંથે આગળ વધે — એવી હાર્દિક શુભકામનાઓ.''

# જસદણના ઘેલા સોમનાથ ખાતે પાંચ દિવસ 'શ્રાવણ ઉત્સવ-૨૦૨૬'નો પ્રારંભ

## ગ્રામ્ય કલા-કારીગરી, હસ્તકલા અને સ્વસહાય મહિલાઓ ચીજ વસ્તુને વિશાળ બજાર મળશે





રાજકોટ,

ગ્રામ્ય અર્થતંત્રને વેગ આપવા,ગ્રામ્ય કારીગરો તથા સ્વસસહાય જૂથોની મહિલાઓ દ્વારા ઉત્પાદિત પરંપરાગત હસ્તકલા અને સ્થાનિક ઉત્પાદનોને વિશાળ બજાર ઉપલબ્ધ કરાવવા તેમજ ગુજરાતની લોકકલા અને સાંસ્કતિક વિરાસતને પ્રોત્સાહન આપવાના હેતુથી ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની અને ગ્રામ વિકાસ વિભાગ ગુજરાત સરકાર દ્વારા રાજકોટના વિંછીયા સ્થિ ત ઘેલા સોમનાથ મંદિર નજીક 'શ્રાવણ ઉત્સવ-૨૦૨૬'ના ઉદ્ઘાટન સમારોહનો શુભારંભ કુંવરજીભાઈ બાવળિયા અને જિલ્લા પંચાયતના પ્રમુખ સંજયભાઈ પીપળીયાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે શ્રાવણ માસ ગુજરાત સહિત સમગ્ર દેશમાં ધાર્મિક અને સાંસ્કંતિક દ્દષ્ટિએ વિશેષ મહત્ત્વ ધરાવે છે આવા પવિત્ર પ્રસંગને ગ્રામ્ય વિકાસ અને આજીવિકા સાથે સાંકળીને 'શ્રાવણ ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે એક તરફ શ્રાવણ માસની પરંપરા અને આસ્થાની ઉજવણી થશે તો બીજી તરફ ગ્રામ્ય કારીગરો અને સ્વસહાય જૂથોને તેમના ઉત્પાદનોના પ્રદર્શન અને વેચાણ માટે મંચ મળશે.

આ પ્રકારના આયોજનો દ્વારા ગ્રામ્ય મહિલાઓમાં આત્મનિર્ભરતા, ઉદ્યોગ સાહસિકતા અને આર્થિક સશક્તિકરણને પ્રોત્સાહન મળે છે સાથે સાથે શહેરના નાગરિકોને પણ સીધા ગ્રામ્ય ઉત્પાદકો પાસેથી ગુણવત્તાયુક્તિ અને પરંપરાગત ઉત્પાદનો ખરીદવાની તક પ્રાપ્ત થાય છે 'સ્થાનિકમાંથી વૈશ્વિક'ની દિશામાં આગળ વધવાની તકો ઊભી થાય તે માટે આ પ્રકારના ઉત્સવો મહત્વપૂર્ણ બની રહ્યા છે.

# સદર ઈદેમિલાદના ઝુલુશને ગ્રીન સીગ્નલ આપી પ્રસ્થાન કરાવતા ડીસીપી ક્રાઈમ શ્રી જગદીશ બંગરવા

## પોલીસ ઓફીસરોનું સન્માન કરાયું ઝુલુશનું હિન્દુ લોકોએ સન્માન કરી આપસમાં ઈદમુબારકની ભલી શુભેચ્છાઓ પાઠવી : હબીબભાઈ ગનીબાપુ કટારીયા

રાજકોટ

મુસ્લીમ અગ્રણી જનાબ હબીબભાઈ ગનીબાપુ કટારીયાની યાદિમાં જણાવ્યા મુજબ હઝરત મહંમદ પયગમ્બર સાહેબ (સ.અ.વ.) ના વિલાદત પર્વ નિમિતે સદર વિસ્તારનું વિરાટ ઝુલુસ નાણાવટી ચોક, રૈયા સર્કલ, બ્રહમ સમાજ ચોક, નહેરૂનગર, સદર ખાટકીવાસ, આલાભાઈનો ભઠ્ઠો, લક્ષ્મીનગર, બજરંગવાડી, મોચીનગર, રેલનગર વગેરે વિસ્તારના ઝુલુસ સદર ફુલછાબ ચોક પાસે પહોંચેલ અને ત્યાં રાજકોટ શહેરના જાબાંજ નવનિયુક્ત નાયબ પો. કમિશ્નર ક્રાઈમ શ્રી જગદીશ બંગરવા સાહેબે ઈદે મિલાદના ઝુલુશને ગ્રીન સીગ્નલ આપીને કોમી એખલાસ અને ભાઈચારાની ભાવના સાથે વિરાટ ઝુલુશને પ્રસ્થાન કરાવેલ હતું આ પ્રસંગે પ્ર.નગરના પી.આઈ. એમ. બી. મકવાણા સાહેબ તથા ચાપરાજભાઈએ મુસ્લીમ સમાજને ઈદની ભલી શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે ઉપરોકત પો. અધિકારીઓનું સન્માન કરવામાં આવેલ તથા હજરત ગેબનશાપીર દરગાહ ખાતે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં હાજરી આપી અને રકતદાતા તથા હજરત ગેબનશાપીર દરગાહ ટ્રસ્ટના પ્રમુખ યુસુફભાઈ હાજીબાબુભાઈ દલ, અહેસાનભાઈ ચૌહાણ, સૈયદ અજરૂદીનબાપુ, વકારભાઈ બ્લોચ, ફિરોજખાન પઠાણ તથા સદરૂદીનભાઈ બાદી વિગેરે ટ્રસ્ટી મંડળને ભલી શુભેચ્છાઓ પાઠવી હતી.













આ પ્રસંગે બજરંગ મિત્ર મંડળના રોહીતભાઈ કારીયા, ચિરાગભાઈ ધામેચા, રાજુભાઈ બુધ્ધદેવ, ધૈર્યભાઈ રાજદેવ, સંજયભાઈ પાટડીયા, નરેશભાઈ મકવાણા, રણજીભાઈ પઢીયાર, રમજુભાઈ ચાનીયા નિવૃત પી.એસ.આઈ. તથા મુસ્લીમ અગ્રણી જાહીદભાઈ દલ, હાજી ફારૂકભાઈ બાવાણી, એજાજબાપુ બુખારી, હનીફ હાજી બાબુ જાનમહમદભાઈ, ફારૂકભાઈ કટારીયા, ફરદીન બ્લોચ, ઈમરાન શેખ, એડવોકેટ સોહીન મોર, યુનુસભાઈ કટારીયા, મહમદભાઈ વડતરીયા, સૈયદ રફીકબાપુ, હાજી અવેશભાઈ કામદાર, એન્જીનીયર અમીયલ બાદી સાહેબ, હનીફભાઈ મલેક, કાસમભાઈ શેખ, વોરા સમાજના યુસુફભાઈ જોહરકાર્ડવાળા, સાકીરભાઈ સાદીકોટ, જુજરભાઈ ભારમલ વગેરે મોટી સંખ્યામાં જોડાયને ઝુલુશને સફળતા લક્ષી હતી. તેમ હબીબભાઈ ગનીબાપુ કટારીયા, એજાજબાપુ બુખારી તથા હાજી ફારૂકભાઈ બાવાણીની સંયુક્ત યાદીમાં જણાવેલ છે.

# ટીવીએસ મોટર દ્વારા ટીવીએસ જ્યુપિટરની નવી ડ્યુઅલ ટોન સ્પેક્ટ્રલ રેન્જ રજૂ કરાઈ

અમદાવાદ,

ટીવીએસ વેણુની ગ્રૂપ કંપની તથા વિશ્વની અગ્રણી ટુ- અને થ્રી-વ્હીલર ઉત્પાદક ટીવીએસમોટર કંપનીએ આજે ભારતના અગ્રણી ફેમિલી સ્કૂટરટીવીએસજ્યુપિટરની નવી ડ્યુઅલ ટોન સ્પેક્ટ્રલ રેન્જ રજૂ કરી છે. આ નવી સીરીઝમા ૧૧૦જ્ઞ્સ સેગમેન્ટમાં પ્રથમવાર સ્પેક્ટ્રલ બ્લુ અને સ્પેક્ટ્રલ કોપર જેવા વિશિષ્ટ ડ્યુઅલ-ટોન કલર્સ ઉપલબ્ધ બનાવાયાં છે. આકર્ષક રંગોની સાથે સ્કૂટરની ડિઝાઇન, આરામ અને ટેકનોલોજીમાં પણ ઘણાં મહત્વપૂર્ણ ફીચર્સનો ઉમેરો કરવામાં આવ્યો છે. આ નવી એડિશનના લોન્ચિંગ પ્રસંગે બોલતાંટીવીએસમોટર કંપનીના સીનિયર વાઇસ પ્રેસિડેન્ટ -હેડ કમ્યુટર અને ઈવીબિઝનેસ તથા હેડ કોર્પોરેટ બ્રાન્ડ અને મીડિયા, અનિરૂદ્ધ હલ્દારે જણાવ્યું હતું કે, ભારતના યુવાનો અને શહેરી પરિવારો નવી અનુભૂતિઓ, ડિઝાઇન અને ટેકનોલોજીથી વધુને વધુ પરિચિત થઈ તેને અપનાવી રહ્યા હોવાથી તેમની રોજિંદી મુસાફરી અંગેની આકાંક્ષાઓ ઝડપથી બદલાઈ રહી છે. લાખો પરિવારોનો પ્રેમ અને વિશ્વાસ હાંસલ કરીને શ્ઈ૩૯;ભારતના સ્કૂટરશ્ઈ૩૯; તરીકેનું બિરુદ મેળવનારાટીવીએસ જ્યુપિટરે દેશના સ્કૂટર માર્કેટમાં અગ્રણી ભૂમિકા ભજવી છે. વર્ષ ૨૦૨૪માં ૨૯ બેસ્ટ-ઈન-ક્લાસ અને સેગમેન્ટમાં પ્રથમવાર ઉપલબ્ધ ફીચર્સ સાથે રજૂ થયેલા ટીવીએસજ્યુપિટરે આ સફળતાને વધુ આગળ ધપાવી હતી. આ સ્કૂટર શક્તિશાળી ૧૧૩.૩ જ્ઞ્સ સિંગલ-સિલિન્ડર, ૪-સ્ટ્રોક એન્જિનથી સજ્જ છે, જે TVS iGO Assist ટેકનોલોજી દ્વારા ૫.૯ કેવીપાવર અને ૯.૮ એનએમ ટોર્ક જનરેટ કરે છે. જેનાથી બહેતર માઈલેજની સાથે સાથે વધુ જબરદસ્ત પિક-અપ મળે છે.

# શનિવારે રાજકોટ શ્રી બાલાજી હનુમાનજી મંદિરે ધ્વજા આરોહણ - ડ્રાયફ્રુટ અન્નકૂટ મહોત્સવ

રાજકોટ,



બાલાજી હનુમાનજી મહારાજના મંગલમય સાનિધ્યમમાં (કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ) આગામી તા.૨૯ ને શનિવારે ભક્તિસભર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. કષ્ટભંજન દાદાના દરબારમાં 'શ્રી ધ્વજા આરોહણ ઉત્સવ અને ડ્રાયફ્રુટ અન્નકૂટ દર્શન' ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવશે.

કાર્યક્રમની રૂપરેખા પવિત્ર દિવસની શરૂઆત સવારે ૬:૪૫ કલાકે દાદાની સવારની આરતી સાથે થશે. આ પાવન અવસરે બાલાજી દાદાને વિશેષ રૂપે ડ્રાયફ્રુટનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવશે. સવારથી લઈને સાંજ સુધી તમામ દર્શનાર્થીઓ આ મનોરમ્ય અને આકર્ષક ડ્રાયફ્રુટ અન્નકૂટના દર્શન કરી ધન્યતા અને પરમ શાંતિ અનુભવી શકશે.

સાંજે ૦૫:૩૦ કલાકે ઢોલ-નગારાના સથવારે અને ભારે ઉત્સાહ સાથે વાજતે-ગાજતે દાદાના મંદિરના શિખર પર પવિત્ર ધ્વજાઆરોહણ કરવામાં આવશે. ધ્વજારોહણની મંગલ વિધિ બાદ સાંજે ૭:૧૫ કલાકે ભવ્ય સંધ્યા આરતી ઉતારવામાં આવશે.

આ સમગ્ર મહોત્સવ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાયશ્રી રાકેશપ્રસાદજી મહારાજના શુભાશીષ અને શ્રી બાલાજી સેવા સમિતિના વિશેષ અને મુખ્ય સહયોગથી યોજાઈ રહ્યા હોવાનું . મંદિરના આયોજક મહંતશ્રી વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી શ્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી શ્રી મુનિવત્સલદાસજી સ્વામી દ્વારા જણાવાયું છે.

# સોમનાથ મહાદેવને અદભૂત રંગબેરંગી વસ્ત્ર દર્શન શ્રૃંગાર

વેરાવળ,

પવિત્ર શ્રાવણ માસની સુદ ચતુર્દશીના પાવન અવસરે



પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવને ભાવિક ભક્તો માટે અલૌકિક અને મનોહર 'રંગબેરંગી વસ્ત્ર દર્શન શૃંગાર' અર્પણ કરવામાં આવ્યો હતો. આ વિશેષ શૃંગાર અંતર્ગત દેવાધિદેવ મહાદેવને વિવિધ રંગીન પીતાંબર, સુગંધિત પુષ્પો તથા સુખડ-ચંદન સહિતના દિવ્ય દ્રવ્યોથી સુશોભિત કરવામાં આવ્યા હતા. માનવ જીવન હંમેશાં પરિવર્તનશીલ રહ્યું છે.

જીવનમાં ક્યારેક કેસરી વસંત જેવો ઉત્સાહ અને આનંદ હોય છે, તો ક્યારેક સંઘર્ષ કે વિષમ પરિસ્થિતિઓનો સામનો પણ કરવો પડે છે. જે રીતે અલગ-અલગ રંગો મહાદેવના શૃંગારની દિવ્યતા અને સુંદરતામાં વૃદ્ધિ કરે છે, તે જ રીતે જીવનમાં આવતી સુખ-દુઃખની વિવિધ પરિસ્થિતિઓ મનુષ્યને પરિપક્વ અને જીવનને અર્થપૂર્ણ બનાવે છે.

જીવનના દરેક ઉતાર-ચઢાવમાં વિચલિત થયા વિના સ્થિર રહે અને મહાદેવ પર અતૂટ શ્રદ્ધા રાખી હંમેશાં સકારાત્મક દ્રષ્ટિકોણ જાળવી રાખે, તે જ સાચો શિવભક્ત છે. આ આધ્યાત્મિક અને જીવનપ્રેરક સંદેશ સાથે આજના દિવસે ભોળાનાથને રંગબેરંગી વસ્ત્રોથી આભૂષિત કરી વિશેષ પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ આ અલૌકિક દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# પવિત્ર રક્ષાબંધનના પર્વ નિમિત્તે સમગ્ર ગુજરાતની જનતાને ડૉ. ભરતભાઈ બોઘરા દ્વારા સ્નેહપૂર્ણ શુભેચ્છાઓ

રાજકોટ,ભાઈ-બહેનના અતુટ સ્નેહ, વિશ્વાસ અને રક્ષાના પ્રતીક સમાન પવિત્ર પર્વ રક્ષાબંધન નિમિત્તે સમગ્ર ગુજરાત રાજ્યના નાગરિકો અને ભાઈ-બહેનોને પૂર્વ ધારાસભ્ય ડૉ. ભરતભાઈ બોઘરાએ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે.

આ પ્રસંગે શુભેચ્છા પાઠવતા ડૉ. ભરતભાઈ બોઘરાએ જણાવ્યું હતું કે, રક્ષાબંધન એ માત્ર એક દોરો બાંધવાનો તહેવાર નથી, પરંતુ એ ભાઈ અને બહેન વચ્ચેના પવિત્ર સંબંધ, સમર્પણ અને એકબીજા પ્રત્યેની જવાબદારીનું રક્ષાસૂત્ર છે. આપણી ભારતીય સંસ્કૃતિના આ પવિત્ર પર્વ



પર હું રાજ્યની તમામ બહેનોના સુખ, સમૃદ્ધિ, દીર્ઘાયુ અને સુરક્ષા માટે પ્રાર્થના કરું છું.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સમાજમાં નારી શક્તિનું સન્માન અને સુરક્ષા એ આપણી સૌની પ્રાથમિકતા છે. રક્ષાબંધનનો આ તહેવાર સમગ્ર ગુજરાતમાં પ્રેમ, એકતા અને પરસ્પરભાઈચારાની લાગણીને વધુ સુદ્રઢ બનાવે તેવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના.

આ પવિત્ર તહેવાર નિમિત્તે ડૉ. ભરતભાઈ બોઘરાએ ગુજરાતના તમામ પરિવારજનોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી છે.

# લોધિકા સંઘમાં ૫ બેઠકો પર બળવો : ૧૦ બીન હરિફ

રાજકોટઃરાજકોટ-લોધિકા સહકારી સંઘની ચૂંટણીમાં ભાજપમાં પાંચેક બેઠકો પર બળવો થયો છે. ફોર્મ પાછા ખેંચવાના આજના અંતિમ દિવસે અનેક ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચી લીધા હોવા છતાં પાંચ બેઠકો પર ઉમેદવારો સામસામા છે. ત્રંબા, માધાપર, પાડાસણ, કુવાડવા તથા ખોખડદડની બેઠકો પર ચૂંટણી થવાના સંજોગો સર્જાયા છે.





પાર્ટીના બેનર હેઠળ જ લોધિકા સંઘની ચૂંટણી લડવાનું જાહેર કરનાર ભાજપ દ્વારા ગઈકાલે સાંજે ઉમેદવારોના નામો પસંદ કરી લેવામાં આવ્યા હતા. પાકીના ઉમેદવારોને રૂબરૂ બોલાવીને ફોર્મ પાછા ખેંચવાની સુચના આપવામાં આવી હતી.મોટા ભાગના ઉમેદવારોએ પાર્ટી લાઇનમાં રહેવાનું અને પાર્ટી સુચના આપે તે મુજબ નિર્ણય લેવાનું અગાઉ જ જાહેર કર્યું હતું એટલે અનેક ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચવાનું શરૂ કરી દીધું જ હતું જેને પગલે ચાંદલીની બેઠક પરથી મનસુખ સરધારા, કોઠાપીપળીયાથી સંજયભાઇ, ખાંભાથી ગોપાલસિંહ જાડેજા, સણોસરાથી અશ્વિન લીબાસીયા, તરઘડીયાથી લખમણ પરસાણા તથા સાંગણવાથી છગન પટોળીયા બીન હરિફ થયા હતા.

તેઓ સતાવાર ઉમેદવાર જાહેર થયા હતા અને હરિફોએ ફોર્મ પાછા ખેંચી લીધા હતા. સરધારથી નીતીન ઢાંકેચા તથા ખીરસરાથી નરેન્દ્રસિંહ જાડેજા અગાઉ જ બીન હરિફ થઇ ગયા હતા. હડમતીયાથી મનુભાઇ ડાંગર તથા મઘરવાડાથી પરસોતમભાઇ પણ બીનહરિફ થવાનું નિશ્ચિત હતું.

સૂત્રોએ કહ્યું કે ત્રંબા બેઠક પરથી ભાજપે નીતિન રૈયાણી, માધાપરથી ઘોઘુભા જાડેજા, પાડાસણથી મહેશ આસોદરીયા, કુવાડવાથી અરવિંદ રૈયાણી તથા ખોખડદડ બેઠક પરથી બાબુ નશીતના નામ જાહેર કર્યા છે પરંતુ આ બેઠકો પરથી હરિફ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચવાનું નકારતા બળવાની સ્થિતિ હતી.

# રમતગમત આપણને ફક્ત ચેમ્પિયન બનવાનું જ નહીં પણ વધુ સારા સ્પર્ધક બનવાનું પણ શીખવે છે,પીએમ મોદી

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના જનરલ-ઝેડ સાથે સીધો સંવાદ કર્યો : ખેલો ઈન્ડિયા ડાયલોગ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો



નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશના જનરલ-ઝેડ સાથે સીધો સંવાદ કર્યો. ખેલો ઈન્ડિયા ડાયલોગ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાયા. પીએમ મોદીએ કહ્યું કે યુવાનો પાસે નવા વિચારો હોવા જોઈએ. રમતગમત આપણને જીવનના પડકારોનો સામનો કરવાનું શીખવે છે.

પીએમ મોદીએ કહ્યું, "આ ૧૫મી ઓગસ્ટે, મેં લાલ કિલ્લા પરથી રાષ્ટ્ર સમક્ષ ભારતનું રમતગમત દ્રષ્ટિકોણ રજૂ કર્યું. જ્યારે હું રમતગમત વિશે વાત કરું છું, ત્યારે તે ફક્ત મેડલ જીતવા વિશે નથી. તે વિકસિત ભારતના નિર્માણમાં ભારતની રમતગમતની ક્ષમતા અને યુવા શક્તિને એક કરવા માટેનું અભિયાન છે."

પીએમ મોદીએ કહ્યું, "જેઓ રમે છે, તેઓ ખીલે છે, અને રમતગમતમાં 'મોર' થવાનો અર્થ ફક્ત મેદાન પર જીતવાનો નથી. તેનો અર્થ વ્યક્તિ અને પરિવારનો વિકાસ થાય છે, તેમજ દેશને સન્માન મળે છે. જ્યારે કોઈ ખેલાડી સફળ થાય છે, ત્યારે તે સફળતા ફક્ત તેમની નથી. તે તેમના પરિવારની ઓળખ, તેમની શાળા અને કોલેજની પ્રતિષ્ઠા વધારે છે અને તેમના જિલ્લા અને રાજ્યની ઓળખને મજબૂત બનાવે છે. વિશ્વ તે શહેર કે રાજ્યને તે રમતવીરના નામથી ઓળખવાનું શરૂ કરે છે."

યુવા રમતવીરોને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું, "આપણે ૨૦૩૬ ઓલિમ્પિક્સ માટે રમતવીરોને તૈયાર કરવાની જરૂર છે. આપણે રમતવીરોને ઓળખવા માટે ટેલેન્ટ હબ કાર્યક્રમ ચલાવવાની જરૂર છે. દરેક રમતમાં મેડલ જીતવા માટે, ભારતે રમતગમતની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવી જોઈએ." ચંદ્રકોની સંખ્યા વધારવા માટે, દરેક રમતને આગળ વધારવી જરૂરી છે. પાંચ થી ૧૫ વર્ષની વયના ખેલાડીઓની ઓળખ કરવી જોઈએ. સરકાર રમતગમત માટે જરૂરી તમામ સહાય પૂરી પાડશે. ઓલિમ્પિકમાં ભાગીદારી વધારવા પર ભાર મૂકવો જોઈએ. આ હાંસલ કરવા માટે, સરકાર ખેલાડીઓને શક્ય તમામ સહાય પૂરી પાડશે.

# અનામત સુધારા આંદોલનના પ્રતિનિધિઓએ કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા સાથે મુલાકાત કરી

નવીદિલ્હી,

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડા અને ૨૧ ઓગસ્ટના રોજ જંતર મંતર ખાતે અનામત સુધારા વિરોધ પ્રદર્શનનું આયોજન કરતી ટીમના સભ્યો આજે (ગુરુવારે) નવી દિલ્હીમાં મળ્યા હતા. બંને પક્ષોએ આ બેઠકને સૌહાર્દપૂર્ણ ગણાવી હતી, અને એવું પણ કહેવામાં આવ્યું હતું કે આગામી બેઠક ૭ સપ્ટેમ્બરના રોજ યોજાશે.

આ બેઠક અંગે, જેપી નડ્ડાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી હતી, "૨૧ ઓગસ્ટના રોજ જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શન પછી, પૂર્વનિર્ધારિત સમય મુજબ, ટીમના સભ્યો હર્ષ દુબે, રણ બહાદુર સિંહ ચૌહાણ અને મૃત્યુંજય પાઠક સાથે સૌહાર્દપૂર્ણ ચર્ચા થઈ હતી. અમે આ સંદર્ભમાં ટૂંક સમયમાં ફરી મળીશું."

હર્ષ દુબેએ પણ પોસ્ટ કર્યું હતું, "બધા સમાજના હિતમાં એક સકારાત્મક પહેલ. આજે, અમારી ટીમ જેપી નડ્ડા સાથે મળી હતી. આ દરમિયાન, અમે ૨૧ ઓગસ્ટના રોજ વિરોધ પ્રદર્શન અંગે તેમની સાથે ટૂંકી ચર્ચા કરી હતી. આ બેઠક સંવાદ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. અમે ખૂબ જ ટૂંક સમયમાં ફરી મળીશું અને બધા સમાજના હિતમાં સકારાત્મક અને ન્યાયી નિર્ણય સાથે આગળ વધવાનો પ્રયાસ કરીશું."

પોતાની પોસ્ટમાં, હર્ષ દુબેએ આગળ લખ્યું, "અમારો ઉદ્દેશ્ય કોઈપણ વર્ગ વિરુદ્ધ નથી, પરંતુ સમાન તક, ન્યાયી વ્યવસ્થા અને રાષ્ટ્રીય હિતમાં જરૂરી સુધારા માટે લોકશાહી અને શાંતિપૂર્ણ રીતે અમારા વિચારો રજૂ કરવાનો છે. વધુ માહિતી અને નિર્ણયો ટૂંક સમયમાં સત્તાવાર રીતે જણાવવામાં આવશે."

જેપી નડ્ડા સાથે મુલાકાત કર્યા પછી, હર્ષ દુબે, રણ બહાદુર સિંહ ચૌહાણ અને મૃત્યુંજય પાઠકે મીડિયાને સંબોધન કર્યું. તેમણે કહ્યું કે અમારા વિરોધમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો, ત્યારબાદ અમને વચન આપવામાં આવ્યું હતું કે અમને કેન્દ્રીય નેતૃત્વ સાથે વાત કરવાની મંજૂરી આપવામાં આવશે.

# બરેલીમાં મેયરના રક્ષાબંધન કાર્યક્રમમાં ઉમટેલી ભીડને કારણે અંધાધૂંધી સર્જાઈ

## મહિલાઓ અને બાળકો ગૂંગળામણને કારણે બેભાન થઈ ગયા

બરેલી,

બરેલી ક્લબ ખાતે આયોજિત રક્ષા બંધન કાર્યક્રમમાં ભારે અંધાધૂંધી ફાટી નીકળી હતી. મેયર ઉમેશ ગૌતમ અને પાર્થ ગૌતમ ફાઉન્ડેશનના પ્રમુખ પાર્થ ગૌતમ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મહિલાઓની મોટી ભીડ ઉમટી પડી હતી. ઘણી મહિલાઓ અને બાળકો ગૂંગળામણને કારણે બેભાન થઈ ગયા હતા અને તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

કાર્યક્રમના મંચ પરથી ગુમ થયેલા બાળકો વિશે સતત જાહેરાતો કરવામાં આવી રહી હતી. મહિલાઓએ આરોપ લગાવ્યો હતો કે તેમને કાર્યક્રમ સ્થળે લઈ જવા માટે બસો ઉપલબ્ધ હતી, પરંતુ તેમના ઘરે પાછા ફરવા માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. ભીડના કારણે બરેલી ક્લબ તરફ જતા તમામ રસ્તાઓ પર ભારે ટ્રાફિક જામ થઈ ગયો હતો.

માહિતી મળતાં, સીઓ ફર્સ્ટ પોલીસ ફોર્સ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા. પોલીસે પરિસ્થિતિને કાબુમાં લેવાના પ્રયાસો શરૂ કર્યા. એવું કહેવાય છે કે કાર્યક્રમમાં મહિલાઓને સાડીઓનું વિતરણ કરવામાં આવી રહ્યું હતું, જેના કારણે ભીડ વધુ ઉમટી પડી હતી. ૪૦ વર્ષીય રેખા પણ સાડી લેવા માટે પહોંચી હતી અને ગરમીને કારણે પડી ગઈ હતી. તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

# ભારતનું ઈલેક્ટ્રિક વાહન બજાર ૨૦૩૦ સુધીમાં ૨૦ લાખ કરોડનું થઈ જશે : નીતિન ગડકરી

## ઈવી ક્ષેત્ર ભારતમાં રોજગાર અને વ્યવસાયનું મુખ્ય એન્જિન બની શકે

નવીદિલ્હી,

ભારતમાં ઈલેક્ટ્રિક વાહન (ઈવી) બજાર આગામી વર્ષોમાં મોટી છલાંગ લગાવવા માટે તૈયાર છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ બુધવારે જણાવ્યું હતું કે ૨૦૩૦ સુધીમાં ભારતનું ઈવી બજાર આશરે ૨૦ લાખ કરોડનું થઈ શકે છે. વધુમાં, આ ક્ષેત્ર અંદાજે ૫૦ મિલિયન નોકરીઓનું સર્જન કરે તેવી પણ અપેક્ષા છે. જો આ અંદાજ સાચો સાબિત થાય, તો ઈવી ક્ષેત્ર ભારતમાં રોજગાર અને વ્યવસાયનું મુખ્ય એન્જિન બની શકે છે.

સીઆઈઆઈ આઈટીસી સેન્ટર ફોર એક્સેલન્સ ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં, ગડકરીએ જણાવ્યું હતું કે દેશમાં હાલમાં આશરે ૫.૭ મિલિયન ઈલેક્ટ્રિક વાહનો નોંધાયેલા છે. તેમણે જણાવ્યું હતું કે ભારતમાં ઈફ બજાર હિસ્સો હાલમાં આશરે ૭% છે. ભવિષ્યમાં ઈલેક્ટ્રિક વાહનોની માંગ વધવાની ધારણા છે.

ગડકરીએ ઈલેક્ટ્રિક બસો અંગે પણ મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. તેમના મતે, ભારતમાં વાર્ષિક આશરે ૧૦૦,૦૦૦ ઈલેક્ટ્રિક બસોની માંગ છે, પરંતુ દેશમાં હાલમાં વાર્ષિક માત્ર ૫૦,૦૦૦-૬૦,૦૦૦ ઈફ બસોનું ઉત્પાદન કરવાની ક્ષમતા છે. આનો અર્થ એ છે કે માંગ અને ઉત્પાદન વચ્ચે નોંધપાત્ર અંતર છે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે સરકારનું લક્ષ્ય આગામી પાંચ વર્ષમાં ભારતના ઓટોમોબાઈલ ઉદ્યોગને વિશ્વનો નંબર વન ઉદ્યોગ બનાવવાનું છે. તેમણે જણાવ્યું હતું કે આ લક્ષ્ય મુશ્કેલ છે, પણ અશક્ય નથી. ગડકરીના મતે, ભારતમાં તાલીમ પામેલા માનવશક્તિ છે, અને દેશમાં ઉત્પાદિત વાહનો ઉચ્ચ ગુણવત્તાવાળા અને ખર્ચ-સ્પર્ધાત્મક છે. તેમણે સમજાવ્યું કે જ્યારે તેમણે પરિવહન મંત્રીનું પદ સંભાળ્યું ત્યારે ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગનું કદ આશરે ૧૪ લાખ કરોડ હતું. હવે, તે આશરે ૨૨-૨૩ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે. સરખામણીમાં, યુએસ ઓટો સેક્ટર આશરે ૭૮ લાખ કરોડનું છે, અને ચીનનું આશરે ૪૭ લાખ કરોડનું છે.

ગડકરીએ જણાવ્યું હતું કે ભારત દર વર્ષે આશરે ૨૨ લાખ કરોડના અશ્મિભૂત ઈંધણની આયાત કરે છે. આનાથી દેશના આયાત બિલ અને પ્રદૂષણમાં વધારો થાય છે. આવી સ્થિતિમાં, ઈલેક્ટ્રિક વાહનો, બાયોફ્યુઅલ અને સુધારેલ પરિવહન પ્રણાલી ભવિષ્ય માટે મહત્વપૂર્ણ બની શકે છે.

# વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઉઝબેકિસ્તાન-કિર્ગિસ્તાનની ત્રણ દિવસની મુલાકાતે જશે

## આતંકવાદ સહિત મુખ્ય મુદ્દાઓ પર બંન્ને દેશના વડા સાથે ચર્ચા કરશે

નવીદિલ્હી,

વિદેશ મંત્રાલયે ગુરુવારે જાહેરાત કરી હતી કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી બે મહત્વપૂર્ણ વિદેશ મુલાકાતો પર જશે.એમઈએ સચિવ (પશ્ચિમ) સિબી જ્યોર્જે જણાવ્યું હતું કે વડા પ્રધાન ૨૯-૩૦ ઓગસ્ટના રોજ ઉઝબેકિસ્તાનની મુલાકાત લેશે. ત્યારબાદ તેઓ ૩૧ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર સુધી કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં રહેશે. સિબી જ્યોર્જના જણાવ્યા મુજબ, ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિના આમંત્રણ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૯ અને ૩૦ ઓગસ્ટના રોજ ઉઝબેકિસ્તાનની મુલાકાત લેશે. ભારત અને ઉઝબેકિસ્તાન છેલ્લા ઘણા વર્ષોથી દ્વિપક્ષીય અને બહુપક્ષીય સ્તરે વ્યાપક અને અર્થપૂર્ણ વાતચીત કરી રહ્યા છે. ભારત અને ઉઝબેકિસ્તાને ૨૦૧૧ માં તેમના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડ્યા. ત્યારથી, બંને દેશો વચ્ચેના સંબંધો ઘણા ક્ષેત્રોમાં સતત મજબૂત થયા છે.

એમઈએ સચિવે જણાવ્યું હતું કે વડા પ્રધાનની મુલાકાત ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે ગાઢ, બહુપક્ષીય અને સતત વિકસતી વ્યૂહાત્મક ભાગીદારીને ફરીથી પુષ્ટિ આપશે. મુલાકાત દરમિયાન, બંને પક્ષો પરસ્પર હિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે અને દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવવા માટે નવા માર્ગો શોધશે. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલતા સાંસ્કૃતિક સંબંધોને પણ પ્રકાશિત કરવામાં આવે તેવી અપેક્ષા છે.

# ઉત્તરાખંડમાં શ્રીનગરની આસપાસનો ૨૨% થી વધુ વિસ્તાર ભૂસ્ખલન માટે સંવેદનશીલ

## નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીએ ભૂસ્ખલન જોખમ અંગેનો નકશો તૈયાર કર્યો

દહેરાદૂન,

ઉત્તરાખંડમાં શ્રીનગર અને તેની આસપાસના વિસ્તારોનો ૨૨% થી વધુ વિસ્તાર ભૂસ્ખલન માટે સંવેદનશીલ છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીએ એક જોખમ નકશો તૈયાર કર્યો છે. આ નકશો ભવિષ્યની વિકાસ યોજનાઓ બનાવવામાં મદદરૂપ સાબિત થશે. ડિસ્કવર જીઓસાયન્સ જર્નલમાં તાજેતરમાં એક સંબંધિત અભ્યાસ પ્રકાશિત થયો હતો.



ઉત્તરાખંડમાં ભૂસ્ખલન સામાન્ય છે, અને ચોમાસા દરમિયાન તેમની આવર્તન વધે છે. વિવિધ વિભાગો અને સંસ્થાઓ આ પડકારનો સામનો કરવા અને જોખમોનું મૂલ્યાંકન કરવા માટે કામ કરી રહી છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના સિવિલ એન્જિનિયરિંગ વિભાગના ડૉ. વિકાસ પ્રતાપ સિંહ અને મોહમ્મદ શોએબે શ્રીનગર અને તેની આસપાસના વિસ્તારમાં ભૂસ્ખલન માટે સૌથી વધુ સંવેદનશીલ વિસ્તારોનો અભ્યાસ કરીને જોખમ નકશો તૈયાર કર્યો છે, જે આશરે ૭૦ ચોરસ કિલોમીટરને આવરી લે છે.

આ પછી, એક જોખમ નકશો તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં જણાવાયું છે કે શ્રીનગર અને તેની આસપાસનો ૨૨ ટકા વિસ્તાર ભૂસ્ખલન માટે સંવેદનશીલ છે.

# પુખ્ત વયના પુરુષ અને સ્ત્રીને અંગત જીવન અંગે સ્વતંત્ર નિર્ણયો લેવાનો અધિકાર

## હિમાચલ પ્રદેશ હાઈકોર્ટે પુખ્ત વયના લિવ-ઈન કપલને સાથે રહેવાની મંજૂરી આપી

શિમલા,

હિમાચલ પ્રદેશ હાઈકોર્ટે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા પુખ્ત વયના પુરુષ અને સ્ત્રીને મોટી રાહત આપી છે, જેમાં તેમને સાથે રહેવા અને તેમની ઈચ્છા મુજબ તેમના સંબંધ ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે. કોર્ટે જણાવ્યું હતું કે જ્યારે બંને વ્યક્તિઓ પુખ્ત હોય છે અને પોતાની સ્વતંત્ર ઈચ્છાથી નિર્ણયો લઈ રહ્યા હોય છે, ત્યારે તેમને તેમના અંગત જીવન અંગે સ્વતંત્ર નિર્ણયો લેવાનો અધિકાર છે.

મુખ્ય ન્યાયાધીશ ગુરમીત સિંહ સંધાવાલિયા અને ન્યાયાધીશ બિપિન ચંદ્ર નેગીની ડિવિઝન બેન્ચે મહિલા દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. કોર્ટને જાણ કરવામાં આવી હતી કે બંને લગભગ ૨૧ વર્ષના છે અને જાન્યુઆરી ૨૦૨૬ થી લિવ-ઈન રિલેશનશિપમાં રહી રહ્યા છે.

આ કિસ્સામાં, યુવાનના માતાપિતા શરૂઆતમાં તેમના સંબંધનો વિરોધ કરતા હતા. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે યુવકના માતા-પિતા તેને કાંગડા સ્થિત પોતાના ઘરે લઈ ગયા અને તેની મરજી વિરુદ્ધ ત્યાં રાખ્યો. સુનાવણી દરમિયાન યુવકના માતા-પિતા પણ કોર્ટમાં હાજર હતા.

# જલગાંવના અમલનેરમાં એક જ પરિવારના ચાર સભ્યોની ટ્રેન નીચે કૂદીને આત્મહત્યા

જલગાંવ,

જલગાંવ જિલ્લાના અમલનેર તાલુકાના ટાકરખેડામાં એક જ પરિવારના ચાર સભ્યોએ ચાલતી ટ્રેન નીચે કૂદીને આત્મહત્યા કરી હતી. પશ્ચિમ રેલ્વેના અધિકારીઓએ સવારે ૪:૪૦ વાગ્યે અમલનેર પોલીસને ઘટનાની જાણ કરી હતી. માહિતી મળતાં, પોલીસ ઈન્સ્પેક્ટર દત્તાત્રેય નિકમની દેખરેખ હેઠળ પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહોની તપાસ હાથ ધરી.

મૃતકોની ઓળખ સુનિલ અમૃત ભીલ (પતિ), પાર્વતી ભીલ (પત્ની), સન્ની (બીજા ધોરણમાં અભ્યાસ કરતો મોટો દીકરો) અને રાજ (નાનો દીકરો જે આંગણવાડીમાં ભણતો હતો) તરીકે થઈ છે. અહેવાલો અનુસાર, ભીલ પરિવાર સવારે ૪ વાગ્યાની આસપાસ અચાનક પોતાના ઘરેથી નીકળ્યો હતો અને ત્યારબાદ તેમણે ધારણગાંવ અને અમલનેર વચ્ચે રેલ્વે લાઈન પર ચાલતી ટ્રેનની આગળ કૂદી પડ્યો હતો.

પ્રાથમિક અહેવાલો સૂચવે છે કે આત્મહત્યા કૌટુંબિક ઝઘડાને કારણે થઈ હોઈ શકે છે, પરંતુ પોલીસ ચોક્કસ અને સત્તાવાર કારણ નક્કી કરવા માટે સંપૂર્ણ તપાસ કરી રહી છે. એક જ પરિવારના બે માસૂમ બાળકો અને તેમના માતા-પિતાના મૃત્યુએ સમગ્ર ટાકરખેડા વિસ્તાર અને જલગાંવ જિલ્લામાં શોકની લાગણી ફેલાવી દીધી છે.

તાજેતરમાં, છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં ૧૯ વર્ષીય યુવકે ટેકરી પરથી કૂદીને આત્મહત્યા કરી હતી. તેને બચાવવાનો પ્રયાસ કરતી વખતે તેના પિતા પણ પડી ગયા અને તેમનું મૃત્યુ થયું, જ્યારે તેમની માતાએ તેમને પડતા જોઈને પણ કૂદી પડી. પોલીસે જણાવ્યું કે આ ઘટના વાલુજ એમઆઈડીસી પોલીસ સ્ટેશન હેઠળના તીસગાંવ વિસ્તારમાં ખાવડ્યા ટેકરી પર બની હતી.

દરમિયાન, લાતુર જિલ્લામાં, ઉદગીર પોલીસે બુધવારે ઈમરજન્સી નંબર ૧૧૨ પર ફોન કરીને એક પરિણીત મહિલાને આત્મહત્યા કરતા અટકાવી. એક સત્તાવાર પ્રકાશન અનુસાર, પોલીસને વહેલી સવારે એક ફોન આવ્યો જેમાં તેમને જાણ કરવામાં આવી હતી કે એક મહિલા ઘરેલુ ઝઘડાને કારણે બાંશેલકી ડેમમાં કૂદી પડવાની યોજના બનાવી રહી છે.

# દેવામાં ડૂબેલો હિમાચલ પ્રદેશ હવે લોટરી પર આધાર રાખે છે, ભાજપે નારાજગી વ્યકત કરી

## ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે નાણા વિભાગ દ્વારા જારી કરાયેલ ટેન્ડર તાત્કાલિક પાછું ખેંચવાની માંગ કરી

શિમલા,

આર્થિક સંકટનો સામનો કરી રહેલા હિમાચલ પ્રદેશમાં સરકારી લોટરી પરત ફરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. લોટરી ફરી શરૂ કરવા તરફ એક મોટું પગલું ભરતા, રાજ્ય સરકારે કાગળ અને ઓનલાઈન લોટરીના વેચાણ માટે એકમાત્ર વેચાણ એજન્ટોની નિમણૂક કરવા માટે ઈ-ટેન્ડર જારી કર્યું છે. જોકે, લોટરી હજુ શરૂ થઈ નથી. પહેલા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થશે, ત્યારબાદ પસંદ કરાયેલી એજન્સીને જવાબદારી સોંપવામાં આવશે, અને જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ થયા પછી લોટરી શરૂ થશે.

જો ટેન્ડર પ્રક્રિયા નિર્ધારિત સમય મુજબ પૂર્ણ થાય તો સરકાર દિવાળીની આસપાસ પ્રથમ મોટી લોટરી ડ્રો યોજવાની યોજના ધરાવે છે. લોટરી ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે વેચવાનું આયોજન છે. આનો અર્થ એ છે કે લોકો અધિકૃત વેચાણ આઉટલેટ્સમાંથી ટિકિટ ખરીદવા ઉપરાંત ડિજિટલ રીતે ટિકિટ ખરીદી શકશે. ટ્રેઝરી, એકાઉન્ટ્સ અને લોટરી ડિરેક્ટોરેટે ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સોલ સેલિંગ એજન્ટની નિમણૂક માટે ઈ-ટેન્ડર જારી કર્યું છે. ઉપલબ્ધ માહિતી અનુસાર, ઓનલાઈન બિડ સબમિશન પ્રક્રિયા ૩ સપ્ટેમ્બરથી શરૂ થશે, અને ૧૪ સપ્ટેમ્બર સુધી અરજીઓ સ્વીકારી શકાશે. ટેકનિકલ બિડ ૧૫ સપ્ટેમ્બરે ખોલવામાં આવશે. નાણાકીય બિડ ખોલવાની તારીખ પછીથી નક્કી કરવામાં આવશે. નાણાકીય બિડ ખોલવાના ૩૦ દિવસની અંદર પસંદ કરાયેલી એજન્સીને એવોર્ડ લેટર જારી કરવામાં આવશે. આ પછી, જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ થયા પછી લોટરી કામગીરી શરૂ થશે.

સરકારનો પ્રાથમિક ઉદ્દેશ લોટરી દ્વારા રાજ્યની આવકમાં વધારો કરવાનો છે. સરકાર વાર્ષિક આશરે ૫૦ કરોડ ઉત્પન્ન કરવાની અપેક્ષા રાખે છે. આર્થિક કટોકટી અને ૧ લાખ કરોડથી વધુના દેવા વચ્ચે, સરકાર નવા આવક સ્ત્રોતો શોધી રહી છે. સરકારે પંજાબ અને કેરળ જેવા રાજ્યોમાં લોટરી આવકના ઉદાહરણો આપ્યા છે.

લોટરી ચલાવવા માટે પસંદ કરાયેલા એકમાત્ર વેચાણ એજન્ટોએ વાર્ષિક લાઈસન્સ ફી તરીકે સરકારને ૧૦ કરોડ ચૂકવવા પડશે. આ ફી દર વર્ષે ૫ ટકાના વધારાને આધીન છે. વધુમાં, એજન્સીએ વાર્ષિક ૬ કરોડની ઓછામાં ઓછી ગેરંટીવાળી રકમ પૂરી પાડવી પડશે અને લોટરીના કુલ ટર્નઓવરના ઓછામાં ઓછા ૨ ટકાના મહેસૂલ હિસ્સા માટે બોલી લગાવવી પડશે. એજન્સીએ ૩૦ કરોડની સુરક્ષા ડિપોઝિટ પણ પૂરી પાડવાની રહેશે. આ અફર બેંક ગેરંટી અથવા નિયુક્ત બેંક સાથે હ્લદ્ઘઈ ના રૂપમાં પૂરી પાડી શકાય છે. ટેન્ડરમાં ભાગ લેનાર કંપનીએ ૨ કરોડનો ઈએમડી અને ૫ લાખનો ટેન્ડર ફી પણ ચૂકવવાનો રહેશે. નવી સિસ્ટમ હેઠળ, એક જ દિવસમાં મહત્તમ ૧૨ લોટરી ડ્રો યોજી શકાય છે.

# મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશ સ્ટાર્ટઅપ નીતિ અને સ્ટાર્ટઅપ મિશન પોર્ટલ લોન્ચ કર્યું

## નવા ઈન્ક્યુબેટર્સને માન્યતા પ્રમાણપત્રો અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન પ્રમાણપત્રોનું વિતરણ

લખનૌ,

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશ સ્ટાર્ટઅપ નીતિ-૨૦૨૬ પુસ્તિકાનું વિમોચન કર્યું અને ઉત્તર પ્રદેશ સ્ટાર્ટઅપ મિશન પોર્ટલનું લોન્ચ કર્યું, જેનો હેતુ ઉત્તર પ્રદેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને નવી ગતિ આપવાનો છે.

લોક ભવન સભાગૃહમાં આયોજિત એક કાર્યક્રમમાં, તેમણે સ્ટાર્ટઅપ નીતિ હેઠળ ૧૦૭ સ્ટાર્ટઅપ્સને ૩.૪૨ કરોડ રૂપિયા અને નવ ઈન્ક્યુબેટર્સને ૧.૭૯ કરોડ રૂપિયાના પ્રોત્સાહનો તેમજ નવા ઈન્ક્યુબેટર્સને માન્યતા પ્રમાણપત્રો અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન પ્રમાણપત્રોનું વિતરણ કર્યું. કાર્યક્રમને સંબોધતા, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, "અમે રાજ્યના યુવાનોને એક સાથે ત્રણ વસ્તુઓ પૂરી પાડી રહ્યા છીએ: પ્રોત્સાહન ભંડોળ, ઈન્ક્યુબેટર્સ માટે ભંડોળ, અને સ્ટાર્ટઅપ્સ માટે વાતાવરણ બનાવવું અને પ્રોત્સાહન આપવું. ૨૦૧૭ પહેલા, યુપીમાં ૧૨૦ સ્ટાર્ટઅપ્સ હતા; આજે ૨૪,૦૦૦ થી વધુ છે. રાજ્ય સરકાર આ માટે પ્રોત્સાહન અને વાતાવરણ પૂરું પાડી રહી છે. ૨૦૧૭ પહેલા, ખાડાવાળા રસ્તાઓ અને અંધકાર યુપીની ઓળખ હતા. તહેવારો પહેલાં રમખાણો થતા અને કર્ફ્યુ લાદવામાં આવતો. પાંચ વર્ષમાં ૭૦૦ રમખાણો થયા. આવા વાતાવરણમાં, શિક્ષણ, રોજગાર, સ્ટાર્ટઅપ્સ અને વિકાસ વિશે વાત કરવી એક સ્વપ્ન હતું. તે સમયે, ન તો નીતિ હતી કે ન તો સરકારની ઈચ્છાશક્તિ. લોકો મજબૂર હતા વિચિત્ર વાતાવરણમાં રહેવા માટે."

સીએમ યોગીએ કહ્યું કે વિદેશી પ્રતિનિધિમંડળો આવીને કહે છે કે રાજ્યની ૨૫૦ મિલિયન વસ્તી એક પડકાર હશે. અમે કહીએ છીએ કે યુપીમાં વિશ્વનું સૌથી યુવા કાર્યબળ છે. ૨૪,૦૦૦ સ્ટાર્ટઅપ્સમાંથી અડધા મહિલાઓ દ્વારા ચલાવવામાં આવે છે. આજે, યુપી તળિયેથી ટોચના ત્રણમાં ખસી ગયું છે. રાજ્યમાં મહિલાઓની ભાગીદારી ત્રણ ગણી વધી ગઈ છે, અને મોટા ઉદ્યોગો ત્રણ ગણા વધી ગયા છે. આ એક નવું યુપી છે.

આ પ્રસંગે, આઈટી અને ઈલેક્ટ્રોનિક્સ મંત્રી સુનીલ શર્માએ



કહ્યું કે ૨૦૧૭ પહેલા, યુપીમાં સ્ટાર્ટઅપ્સ એક ગુનો હતો, પરંતુ સીએમ યોગી આદિત્યનાથે ગુનાને નિયંત્રિત કર્યા અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપ્યું. આજે, યુપી રોકાણ મેળવી રહ્યું છે. યુપી સ્ટાર્ટઅપ્સનું પાવરહાઉસ બની શકે છે. સ્ટાર્ટઅપ્સ વ્યવસાયો નથી, પરંતુ નવીન વિચારો છે. સીએમ યોગીએ જનતા પર કોઈપણ કર વધાર્યા વિના રાજ્યનું બજેટ ૯.૫૯ લાખ કરોડ સુધી વધારી દીધું છે.

# હમણાં આવું છું' કહીને બે દિવસ પૂર્વે ઘરેથી નીકળેલા વિપ્ર યુવકની લાલપરી તળાવમાંથી લાશ મળી



રાજકોટ:રાજકોટ શહેરના માર્કેટિંગ યાર્ડ નજીક આવેલી મનહર સોસાયટીમાં રહેતા અને ઈલેક્ટ્રિકનું કામકાજ કરતા ૨૫ વર્ષીય સાગર રાજેશભાઈ ભગલાણી નામના યુવકનો મૃતદેહ આજે લાલપરી તળાવમાંથી મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં મૃતક યુવાન પોતે પોતાના કાકાનું બાઈક લઈ બે દિવસ પૂર્વે હમણાં આવું છું કહી ઘરેથી નીકળી ગયો હોવાનું સામે આવ્યું છે હાલ પોલીસે અકસ્માત મોત અંગે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગત ૨૫.૦૮.૨૦૨૬ના રોજ રાત્રે સાગર રાજેશભાઈ ભગલાણી (ઉ.વ.૨૫) પોતાના પરિવારજનોને 'હું હમણાં આવું છું' તેમ કહીને ઘરેથી નીકળ્યો હતો પરંતુ કલાકો વિત્યા બાદ પણ તે મોડે સુધી પરત ન ફરતાં પરિવારજનો ચિંતામાં મુકાયા હતા અને સંબંધીઓ, મિત્ર વર્તુળ તેમજ આસપાસના તમામ વિસ્તારોમાં તેની સતત શોધખોળ હાથ ધરી હતી જો કે બે દિવસ બાદ પણ સાગરનો કોઈ પત્તો ન મળતાં આખરે ગઈકાલે પરિવારજનો દ્વારા રાજકોટ બી ડિવિઝન પોલીસમાં ગુમ થયો હોવાની સત્તાવાર નોંધ કરાવવામાં આવી હતી.

દરમિયાન આજે લાલપરી તળાવ કિનારેથી એક મોટરસાયકલ બિનવારસી હાલતમાં મળી આવ્યું હતું પોલીસે બાઈકના રજિસ્ટ્રેશન નંબરના આધારે તાત્કાલિક તપાસ હાથ ધરતા માલૂમ પડ્યું હતું કે આ બાઈક સાગરના કાકા કલ્પેશભાઈનું છે અને સાગર ઘરેથી આ જ બાઈક લઈને નીકળ્યો હતો. તળાવ કિનારેથી બાઈક મળી આવતાં જ બનાવની ગંભીરતા સમજી પોલીસે તળાવના પાણીમાં શોધખોળ શરૂ કરાવી હતી. જે બાદ આજે સાગરનો મૃતદેહ પાણીમાંથી મળી આવતા પોલીસે મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો.

પોલીસ તપાસમાં મૃતક સાગર ત્રણ ભાઈઓમાં બીજા નંબરનો ભાઈ હતો અને તેના પિતા ઈ્ એજન્ટ તરીકે કામ કરતા હોવાનું સામે આવ્યું છે. સાગરને સંતાનમાં એક નાનો દીકરો છે જેને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો છે. બનાવ અંગે પરિવારજનો પણ અજાણ હોવાથી બી ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વૃદ્ધા પર દુષ્કર્મમાં નિષ્ફળતા મળતા રોષે ભરાઈ પતાવી દીધા હતા

## સાઈકો કિલર રિક્ષા ચાલક રમેશ વૈધુકિયા (ઉ.વ.૩૩)ની પુછપરછમાં ચોંકાવનારા ખુલાસા

### ત્રણેય ગંભીર ગુનામાં વકીલ રોકવા માટે પણ પૈસા ન હતા

રાજકોટ : સાઈકો કિલર રમેશ આ પહેલા ત્રણ-ત્રણ મર્ડર કેસમાં પકડાયો હતો. તેની પાસે વકીલ રોકવા માટે પણ પૈસા ન હોવાથી ત્રણેય કેસમાં તેને સરકાર તરફથી વકીલો મળ્યા હતા. ત્રણેય કેસમાં તેનો છુટકારો પણ થઈ ગયો હતો. હવે તેના વિરુદ્ધ ચોથો રેપ વિથ મર્ડરનો ગુનો નોંધાયો છે. આ વખતે પુરાવાના અભાવે છુટી ન જાય તે માટે પોલીસે તપાસમાં કોઈ કચાશ ન રહે તેનું ધ્યાન રાખવાનું નક્કી કર્યું છે. પોલીસ આ કેસમાં સાયકોલોજીસ્ટ કે સાયકિયાટ્રિસ્ટની મદદ લે તેવી પણ સંભાવના નકારાતી નથી. કેવા સંજોગોમાં ગુના આચરતો હતો તે વિશે પોલીસ જાણવા માંગે છે. જેથી ભવિષ્યમાં આવા બીજા સાઈકો કિલર ઊભા ન થઈ શકે.



રાજકોટ : કુવાડવા રોડ પરના સાત હનુમાન મંદિરની બહાર બેસી ભિક્ષાવૃતિ કરતા લીલાબેન સોલંકી નામના ૭૬ વર્ષના વૃદ્ધાને રીક્ષામાં લઈ જઈ ધોકાના ઘા ઝીકી અર્ધબેભાન કરી દીધા બાદ રિક્ષામાં દુષ્કર્મ ગુજારી તેમની ઘાતકી રીતે હત્યા કરી લાશ આજી ડેમમાં ફેંકી દેવાના જઘન્ય કૃત્યમાં સંડોવાયેલા સાઈકો કિલર રિક્ષા ચાલક રમેશ વૈધુકિયા (ઉ.વ.૩૩)ની ધરપકડ બાદ પુછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા છે.

ત્રણ વર્ષની બાળકીનું અપહરણ કરી તેની ઉપર દુષ્કર્મ ગુજારી હત્યા કરવાના ગુનામાં તેને રાજકોટની સેશન્સ કોર્ટે ફાંસીની સજા ફરમાવી હતી. જોકે હાઈકોર્ટે છોડી મુકવાનો હુકમ કર્યો હતો. છ મહિના પહેલા જેલમાંથી બહાર આવ્યાના અઢી મહિના પછી હવસ સંતોષવા ભાવનગર રોડ પરના રેડલાઈટ એરીયામાં રૂપલલના સાથે શરીર સુખ માણ્યું હતું. એકાદ માસ બાદ ફરીથી ભાવનગર રોડ પરના જ રેડલાઈટ એરીયામાં શરીર સુખ માણ્યું હતું.

ગઈ તા.૧૯ના રોજ અચાનક વાસનાનો કીડો સળવળતા શિકારની શોધમાં હતો. તેવામાં સાત હનુમાન મંદિરની બહાર લીલાબેનને બેસેલા જોઈ તેમને શિકાર બનાવવાનું નક્કી કર્યું હતું.

### આરોપીના લગ્ન જ થતાં ન હતા, હવે ભૂલ થઈ ગયાનું રટણ

રાજકોટ : સાઈકો કિલર રમેશને બે બહેન અને એક મોટો ભાઈ છે. ત્રણેયના લગ્ન થઈ ગયા છે. રમેશના લગ્ન થયા નથી. તે ઘણાં સમયથી રખડતું-ભટકતું જીવન વ્યતિત કરે છે. પોતાના ઘરે પણ જતો નહીં. દરરોજ કોઠારીયા ચોકડી પાસે આવેલા પરબે જઈ સૂઈ રહેતો હતો. પોલીસ સમક્ષ તેણે મગરના આંસૂ સારી ભૂલ થઈ ગયાનું રટણ કર્યું છે.

લીલાબેનની નજીકમાં રિક્ષા લઈ જઈ ચાલો માજી બેસી જાવ તેમ કહેતા લીલાબેને ભાડું પુછતાં રૂા.૪૦ કહ્યું હતું. પરંતુ લીલાબેને રૂા.૨૦ આપવાની તૈયારી બતાવતા રિક્ષામાં બેસાડી રસ્તામાં તેમને ધોકાના ઘા ઝીકી અર્ધબેભાન બનાવી દીધા હતા.

આ જ હાલતમાં તેમને લઈ આજી ડેમ નજીક પહોંચ્યો હતો. જ્યાં રિક્ષામાં જ તેમની ઉપર દુષ્કર્મનો પ્રયાસ કરવા જતાં નિષ્ફળતા મળી હતી. આ સ્થિતિમાં રોષે ભરાઈ ધોકાના ઘા ઝીકી હત્યા કરી નાંખી હતી. ત્યારબાદ નજીકમાં પડેલો કોથળો લાશ ઉપર ઢાંકી લાશ આજી ડેમના કાંઠે ફેંકી દીધી હતી. આ પછી કંઈ ન બન્યું હોય તેમ કોઠારીયા મેઈન રોડ પરના પરબે જઈ સુઈ ગયો હતો. બીજા દિવસે ફરીથી રિક્ષાના ભાડા શરૂ કરી દીધા હતા.આજી ડેમ પોલીસની હદમાં બનેલી આ ધૃણાસ્પદ ઘટનાની તપાસ ભક્તિનગર પોલીસને સોંપાતા પીઆઈ જે.ડી.પરમાર અને રાઈટર નિલેશ મકવાણાએ હવે સજ્જડ પૂરાવા એકત્રિત કરવા તપાસનો દોર આગળ ધપાવ્યો છે. આવતીકાલે પોલીસ રિમાન્ડની માગણી કરશે.

# મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે ઓળખ આપી રાજકોટમાં વૃદ્ધ દંપતીને ડિજિટલ અરેસ્ટ કરી રૂા.૫૫ લાખ પડાવ્યા




રાજકોટ :

શહેરના પંચનાથ પ્લોટ-૫માં ગૌતમ બુદ્ધ એપાર્ટમેન્ટના ત્રીજા માળે રહેતા અને નિવૃત જીવન વ્યતિત કરતા મિતાબેન ભાયાણી (ઉ.વ.૭૫) અને તેમના પતિ ભુપતરાયને ડિજિટલ અરેસ્ટ કરી સાયબર ગઠિયાઓએ રૂા.૫૫ લાખ પડાવી લીધા હતા. મોટાભાગના ડિજિટલ અરેસ્ટમાં વિદેશથી ઓપરેટ કરતી ગેંગની સંડોવણી ખૂલે છે. આ કેસમાં કમ્બોડિયાની ગેંગની સંડોવણીની શક્યતા સાયબર ક્રાઈમ પોલીસે દર્શાવી છે.

ગઈ તા.૧૮ ઓગસ્ટના રોજ મિતાબેનને એક કોલ આવ્યો હતો. કોલરે પોતાની ઓળખાણ મુંબઈ ક્રાઈમ બ્રાંચના અધિકારી તરીકે આપી હતી. એટલું જ નહીં મિતાબેનનું નામ બોલી તેમને કહ્યું કે, તમારા નામે રહેલો અન્ય મોબાઈલ નંબર ગંભીર ગુનામાં સંડોવાયેલો છે. જેથી ગભરાઈ ગયેલા મિતાબેને મે કોઈપણ પ્રકારનું ખોટું કામ કર્યું નથી તેમ કહ્યું હતું.

તે સાથે જ કોલરે પરિવારમાં કોણ-કોણ રહે છે તેની માહિતી મેળવી હતી. ત્યારબાદ મિતાબેનને પતિ સાથે વાત કરાવવાનું કહ્યું હતું. વાતચીત કર્યા બાદ તેમના પતિનો મોબાઈલ નંબર લીધો હતો. આ પછી પોતાના સિનીયર અધિકારી કોલ કરશે તેમ કહીં ફોન કાપી નાંખ્યો હતો.

તે જ દિવસે સાંજે તેમના પતિના મોબાઈલ નંબર ઉપર વોટ્સએપ કોલ આવ્યો હતો. કોલરે પોતાની ઓળખાણ મુંબઈ ક્રાઈમ બ્રાંચના એસપી સંજયસિંહ તરીકે આપી કહ્યું કે, તમારા આધારકાર્ડ અને અન્ય મોબાઈલ નંબરોનો સાયબર આતંકવાદ જેવી ગંભીર પ્રવૃત્તિમાં ઉપયોગ થયો છે. જેથી તમને ડિજિટલ અરેસ્ટ કરવામાં આવે છે.

સાથોસાથ મુંબઈ લઈ જઈ શારીરિક રીતે ધરપકડ કરવાની અને ગંભીર ગુનામાં ફસાવવાની બીક બતાવી હતી. એમ પણ કહ્યું કે, પોતે કહે તેમ કરશે તો જ આ ગુનામાંથી નીકળી શકશે. આ પછી મિતાબેનને વોટ્સએપ પર આરબીઆઈના સહી-સિક્કા સાથેના બે દસ્તાવેજો મોકલ્યા હતા. જેના આધારે તેમને વિશ્વાસમાં લઈ એક બેંક એકાઉન્ટ નંબર આપી તેમાં રૂા.૫૫.૫૦ લાખ જમા કરાવવાનું કહ્યું હતું.

ગભરાઈ ગયેલા મિતાબેન અને તેમના પતિએ રકમ આપી દેવાનું નક્કી કર્યું હતું. ગઈ તા.૨૪ના રોજ મિતાબેનના બેંક ઓફ ઈન્ડિયામાં આવેલા ખાતામાંથી રૂા.૫૫.૫૦ લાખ આરટીજીએસથી ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ રીતે સફળ થઈ ગયાનું જણાતા સાયબર ગઠિયાઓએ તમામ ફિક્સ્ડ ડિપોઝિટ તોડી તેની રકમ પણ બેંક ખાતામાં રાખવાની સૂચના આપી હતી. જેને કારણે મિતાબેનને શંકા જતાં તા.૨૫મી ઓગસ્ટે મુંબઈ રહેતી પુત્રી ફાલ્ગુની સ્નેહલ શાહને જાણ કરી હતી.

પરિસ્થિતિ પામી ગયેલા ફાલ્ગુનીબેને તત્કાળ રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસના અધિકારીઓનો સંપર્ક કરતા તેમણે મિતાબેનને આશ્વાસન આપી વધુ રૂા.૪૧ લાખ ટ્રાન્સફર કરતા અટકાવ્યા હતા. નિયમ મુજબ સાયબર ક્રાઈમના હેલ્પલાઈન નંબર ઉપર ફરિયાદ બાદ ગઈકાલે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

### કોલકત્તાના બેંક ખાતામાં રૂા.૫૫ લાખ જમા થયા હતા

રાજકોટ : ડિજિટલ અરેસ્ટના મોટાભાગના કેસોમાં કરન્ટ એકાઉન્ટનો ઉપયોગ થાય છે. આ સ્થિતિમાં પોલીસ કરન્ટ એકાઉન્ટ ખોલાવતી વખતે હવે પોલીસે વેરિફિકેશન ફરજિયાત બનાવાય તે બાબત ઉપર ભાર મુક્યો છે. મિતાબેન અને તેમના પતિએ ટ્રાન્સફર કરેલા રૂા.૫૫.૫૦ લાખ કોલકત્તાના બેંક ખાતામાં જમા થયા હતા. બીજા ખાતા નંબર પણ આપવામાં આવ્યા હતા. જે બીજા શહેરોના છે. રૂા.૫૫.૫૦ લાખમાંથી માત્ર રૂા.૬થી ૭ લાખ ફ્રીઝ થઈ શક્યાનું સાયબર ક્રાઈમ પોલીસે જણાવ્યું હતું. મિતાબેન અને તેમના પતિ અગાઉ બિઝનેસ કરતા હતા. હાલ બંને નિવૃત્ત જીવન વ્યતિત કરે છે.

# ટેલિગ્રામ પર અશ્લીલ ગ્રુપ્સમાં 'કોલગર્લ' તરીકે વૃદ્ધના નંબર વાયરલ કરનાર આરોપી સામે FIR નોંધાઈ

## વયોવૃદ્ધ નાગરિકોને ગંભીર માનસિક ત્રાસ આપવાનો અત્યંત ચોંકાવનારો કિસ્સો



રાજકોટ:રાજકોટ શહેરમાં સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ્સનો દુરુપયોગ કરીને નિર્દોષ વયોવૃદ્ધ નાગરિકોને ગંભીર માનસિક ત્રાસ આપવાનો અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક સંસ્થા સાથે જોડાયેલા ૨ વૃદ્ધો સાથેના અંગત રાગદ્વેષનો બદલો લેવા માટે દેવેન પંત નામના શખ્સે હલકી મનોવૃત્તિનું પ્રદર્શન કરી બંનેના અંગત મોબાઈલ નંબર ટેલિગ્રામના અશ્લીલ ગ્રુપ્સમાં વાયરલ કરી દીધા હતા.

આ ઉપરાંત ઓનલાઈન શોપિંગ સાઈટ પર ખોટા ઓર્ડર્સ કરીને વૃદ્ધોને મુશ્કેલીમાં મૂકી દેવાયા હતા. સમગ્ર મામલાની ગંભીરતા જોઈ રાજકોટ પોલીસે આરોપી સામે ગુનો નોંધી તેને ઝડપી લેવા માટે સઘન તપાસ શરૂ કરી છે.

રાજકોટની એક સંસ્થા સાથે સંકળાયેલા ૨ વયોવૃદ્ધ વ્યક્તિઓ સાથે આરોપી દેવેન પંતને કોઈ બાબતે અંગત વૈમનસ્ય ઊભું થયું હતું. આ અદાવતનો બદલો લેવા માટે આરોપીએ અત્યંત નીચ કક્ષાનું કૃત્ય આચરી બંને વૃદ્ધોના અંગત ફોન નંબરો ટેલિગ્રામ પર વલ્ગર અને અશ્લીલ સાહિત્ય પીરસતી ચેનલો તેમજ વિવિધ ગ્રુપ્સમાં શેર કરી દીધા હતા.

આટલેથી ન અટકતાં તેણે તે નંબરો સાથે 'આ કોલગર્લના નંબર છે' તેવી આપત્તિજનક અને ખોટી પોસ્ટ પણ મૂકી હતી, જેના કારણે અજાણ્યા વિકૃત લોકો સતત વૃદ્ધોને ફોન કરીને અશ્લીલ વાતો અને શારીરિક સંબંધ માટે ભાવતાલ પૂછીને ભારે માનસિક ત્રાસ આપવા લાગ્યા હતા.

આરોપીએ વૃદ્ધોને વધુ પરેશાન કરવાના ઈરાદે તેમના નામ, સરનામા અને મોબાઈલ નંબરનો દુરુપયોગ કરીને ઈ-કોમર્સ પ્લેટફોર્મ ફ્લિપકાર્ટ પર ફેક એકાઉન્ટ્સ ઊભા કર્યા હતા. આરોપી દ્વારા સતત અલગ-અલગ વસ્તુઓના ઓર્ડર મૂકવામાં આવતા હોવાથી વૃદ્ધોના મોબાઈલ પર વારંવાર OTP ના મેસેજ આવવા લાગ્યા હતા અને તેમના ઘરના સરનામે અણધાર્યા પાર્સલોની ડિલિવરી થવા લાગી હતી. આ અજીબોગરીબ ઘટનાક્રમથી વૃદ્ધ પરિવારો ભારે મૂંઝવણ, ડર અને અસમંજસની સ્થિતિમાં મુકાઈ ગયા હતા.

વારંવાર આવતા અશ્લીલ ફોન કોલ્સ અને સતત ડિલિવરી થતા પાર્સલોથી ત્રસ્ત થઈને આખરે ભોગ બનનાર પક્ષે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને ડિજિટલ પુરાવાઓના આધારે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરતાં આ સમગ્ર ષડયંત્ર પાછળ દેવેન પંતનો જ હાથ હોવાનું સ્પષ્ટપણે બહાર આવ્યું હતું. પોલીસે આ મામલે આરોપી વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધીને તેને સત્વરે દબોચી લેવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે.

# યુવકનો આપઘાત:પત્ની, સંતાનોને ફરવા લઈ ગયા બાદ ઘરે આવી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

રાજકોટ:રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર આવેલા પરસાણાનગર વિસ્તારમાં મૂળ બિહારના ૩૧ વર્ષીય યુવાને પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં ભારે અરેરાટી અને શોકનું મોજું ફરી વળ્યું છે. કારખાનામાં રજા હોવાથી દિવસ દરમિયાન પત્ની અને બે માસૂમ સંતાનોને બહાર ફરવા લઈ ગયેલા યુવકે રાત્રે ઘરે પરત ફર્યા બાદ અગમ્ય કારણોસર આ અંતિમ પગલું ભરી લીધું હતું. બનાવ અંગે જાણ થતાં જ ભક્તિનગર પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, પરસાણાનગર શેરી નંબર ૯ માં બાબા પાન પાસે રહેતા અને મૂળ બિહારના વતની જીત્તુબીંદ ચેક્તુબીંદ (ઉં.વ. ૩૧) એ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને જાણ થતાં તુરંત ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. ૧૦૮ ના તબીબે તપાસીને યુવકને મૃત જાહેર કરતાં ઘટના અંગે ભક્તિનગર પોલીસ મથકને વાકેફ કરવામાં આવ્યું હતું.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે મૃતક જીત્તુબીંદ સ્થાનિક કારખાનામાં મજૂરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. કારખાનામાં રજાનો દિવસ હોવાથી તે ગત રાત્રે પોતાની પત્ની અને બંને બાળકોને બહાર ખુશી-ખુશી ફરવા લઈ ગયો હતો. બહારથી પરત ફર્યા બાદ કોઈ અણધાર્યા કારણોસર તેણે ઘરમાં ગળાફાંસો લગાવી આપઘાત કરી લીધો હતો.પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે અને અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# રાજકોટના ગુંદાવાડી બજારમાં ગ્રાહક સાથે વેપારીની દાદાગીરી

### બિલના વિવાદમાં વેપારી બંધુનો શિક્ષિકાના પરિવાર પર હુમલો: બાળકને ફડાકો ઝીંક્યો

રાજકોટ:

રાજકોટના ગુંદાવાડી બજારમાં કપડાંની ખરીદી કરવા ગયેલા શિક્ષિકા અને તેમના પરિવાર પર વેપારી અને તેના સ્ટાફે હિચકારો હુમલો કર્યાની શરમજનક ઘટના સામે આવી છે. પોલીસે વેપારી બંધુ સહિત ૩ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ નવા થોરાળા વિસ્તારમાં રહેતા અને ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા કાજલબેન ચૌહાણ તેમના પતિ મેહુલભાઈ, સાત વર્ષના પુત્ર ધ્વનિત અને પરિવારજનો સાથે ગુંદાવાડી શેરી નં. ૧૭માં આવેલી 'આસોપાલવ' નામની દુકાને કપડાં ખરીદવા ગયા હતા.

દુકાનના સ્ટાફે રૂ.૧૩૫૦ લેખે કપડાં બતાવ્યા હોવા છતાં કાઉન્ટર પર વેપારી પ્રશાંત મનસુખ દેસાઈએ બે જોડી કપડાનું રૂ.૩૦૦૦નું બિલ બનાવી દીધું હતું. બિલમાં રૂ.૩૦૦ વધારે ઉમેરતા ગ્રાહકે ખરીદી કરવાની ના પાડી બહાર નીકળવાનો પ્રયાસ કર્યો હતો. આથી ઉશ્કેરાયેલા વેપારી અને તેના સ્ટાફે ગ્રાહક સાથે ગાળાગાળી કરી "લુખ્ખીના ઘરે રહેતા હો તો કપડાં લેવા અવાય જ નહીં' તેમ કહી હુમલો કર્યો હતો.

વેપારીએ સ્ટીલનો પાઈપ લઈ મારવા દોડી મહિલા અને તેમના પતિ સાથે મારામારી કરી હતી. આ દરમિયાન વેપારીએ પોતાના ભાઈ આશિષ દેસાઈને પણ બોલાવી લેતા તેણે વચ્ચે પડેલા શિક્ષિકાના ૭ વર્ષના પુત્ર ધ્વનિતને પણ લાફો ઝીકી દીધો હતો.ઘટના અંગે ૧૧૨ નંબર પર જાણ કરાતા પોલીસ કાફલો દોડી આવ્યો હતો. ભક્તિનગર પોલીસે વેપારી બંધુઓ અને મહિલા સ્ટાફ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રક્ષાબંધન પૂર્વે જ બે બહેનોએ એકનો એક વહાલસોયો વીરો ગુમાવ્યો

રાજકોટ:રાજકોટ નજીક આવેલા શાપર રાજન ગેટ પાસે રહી એક ફોર્જિંગ કંપનીમાં મજૂરીકામ કરી ગુજરાન ચલાવતા મૂળ બિહારના સુમનભાઈ રવાણીનો ૮ વર્ષનો પુત્ર ઋતુરાજ ગઈકાલે સાંજે આશરે છ વાગ્યાના અરસામાં ઘર નજીકથી પસાર થઈ રહ્યો હતો.

તે દરમિયાન અચાનક એક કૂતરું તેની પાછળ ભસતાં ગભરાયેલો ઋતુરાજ દોડીને ભાગવા ગયો હતો. દોડતી વખતે નજીકમાં વરસાદી પાણી ભરેલા ખાબોચિયામાં પગ પડી ગયો હતો.

આ ખાબોચિયામાં સબ સ્ટેશનમાંથી ખુલ્લો પડી ગયેલો જીવંત વીજવાયર પડેલો હતો, જેના કારણે સમગ્ર પાણીમાં કરંટ પ્રસર્યો હતો. બાળકનો પગ પડતાં જ તેને જોરદાર વીજકરંટ લાગ્યો હતો.બાળકે જીવ બચાવવા માટે ચીસ પાડતાં આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા. સ્થાનિકો દ્વારા તાબડતોબ ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ઈએમટી દ્વારા સ્થળ પર પહોંચી તપાસ કરતાં માસૂમ ઋતુરાજને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.શાપર પોલીસને જાણ કરાતાં પોલીસે સ્થળ પર પહોંચી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બે બહેનોના એકના એક ભાઈના આકસ્મિક મોતથી શ્રમિક પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ છે.

# પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચરનાર નરાધમ જેલમાં ધકેલાયો

રાજકોટ:રાજકોટ શહેરના થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક ૧૫ વર્ષની બાળકીને કેટર્સમાં કામ કરવા જતી વખતે ભોમેશ્વર વિસ્તારના અમૃત બેલમ નામના શખ્સ સાથે પરિચય થયો હતો. આ પછી તેને પ્રેમજાળમાં ફસાવી અલગ અલગ દિવસે ચાર વખત ઓફિસમાં લઈ જઈ નરાધમે દુષ્કર્મ આચરી મોબાઈલમાં ફોટા પાડ્યા હોવાના આક્ષેપ સાથે ફરિયાદ નોંધાતા પોલીસે ગણતરીની કલાકોમા જ આરોપી અમૃતની બેલમની ધરપકડ કરી શુક્રવારે જેલ હવાલે કરવામાં આવ્યો છે.



રાજકોટના ડીસીપી રાકેશ દેસાઈએ જણાવ્યું હતું કે, ગત તારીખ ૨૬.૦૮.૨૦૨૬ના રોજ રાજકોટના થોરાળા પોલીસ સ્ટેશનમાં સગીરાના વાલીએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, આજથી ૫ મહિના પહેલા તેની ૧૫ વર્ષની દીકરી કેટરર્સના કામે જતી હતી ત્યાં તેનો પરિચય સાથે કામ કરતાં ભોમેશ્વર વિસ્તારના શખ્સ અમૃત ઉર્ફે સન્ની બેલમ સાથે થયો હતો જે બાદ બન્નેએ એક બીજાના મોબાઈલ નંબરની આપલે કરી હતી. ત્યારબાદ બન્ને એક બીજા સાથે વાતચીત કરતા હતા દરમિયાન અમૃતએ સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યાર બાદ ૨૭.૦૬.૨૦૨૬થી ૨૬.૦૮.૨૦૨૬ સુધી સમય દરમિયાન સગીરાને પોતાના વાહનમાં બેસાડી જ્યુબેલી ચોક પાસે આવેલ એક બિલ્ડિંગમાં ઓફિસમાં લઈ જઈ ચાર વખત સગીરાની મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું અને તેના મોબાઈલ ફોનમાં ફોટા પણ પાડ્યા હતા.આ પછી આરોપી અમૃતએ સગીરાને કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા ગભરાઈ ગયેલી સગીરાએ પોતાની આપવીતી પરિવારને જણાવતા સગીરાની માતાએ થોરાળા પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીની કલાકમાં જ આરોપીની ધરપકડ કરી ગુરુવારે ૨૭.૦૮.૨૦૨૬ના રોજ જેલ હવાલે કરવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે પોલીસ તપાસમાં આરોપી દ્વારા જે જગ્યાએ દુષ્કર્મ આચરવામાં આવ્યું તે જમીન મકાન લે વેચનું કામ કરતા ધંધાર્થીની હોવાનું અને આરોપી અગાઉ ત્યાં કામ કરતો હતો એ સમયે ગુનાને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યુંછે. સગીરાના આક્ષેપ મુજબ દુષ્કર્મ દરમિયાન ફોટા પાડ્યા હતા તેમ કહેતા આરોપીના મોબાઈલ ફોનની તપાસ કરવામાં આવતા કોઈ ફોટા મળી ન આવતા પોલીસ આરોપીનો મોબાઈલ ફોન કબ્જે કરી હ્લજીન્માં મોકલી તપાસ હાથ ધરી છે.

# જુગાર ધમધમ્યા : ચાર મહિલા સહિત ૧૮ ઝબ્બે,૫૧૪૨૦ની રોકડ કબ્જે કરાઈ

રાજકોટ:સનાતન પાર્ક, ભગવતીપરા અને રામનગરમાં જુગાર ધમધમ્યા હોય તેમ અલગ અલગ પોલીસની ટીમોએ દરોડા પાડી ચાર મહિલા સહિત ૧૮ શખ્સોને દબોચી રોકડ કબ્જે કરી હતી. દરોડાની વિગતો મુજબ, આજીડેમ પોલીસ મથકના સ્ટાફે સનાતન પાર્ક શેરી નં.૫ પીરવાડી પાસે શેરીમાં જાહેરમાં જુગાર રમતા ચાર મહિલા સહિત સાત શખસોને ઝડપી લીધા હતાં.



જેમાં વિશાલ ગોવિંદ કેશુર, નિલેશ વિનુ ખોલીયા, વિવેક ભગવાનજી સોલંકી, સોનલબેન રાજુ કેલૈયા, કોમલબેન ધવલ રાદડીયા, કિરણબેન મુકેશ સંચાણીયા અને અલ્કાબેન હસમુખ ટાંકનો સમાવેશ થાય છે. પોલીસે પટમાંથી રોકડ રૂ. ૧૫,૩૭૦ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બીજા દરોડામાં બી ડિવિઝન પોલીસ પોલીસ મથકના પીએસઆઈ એન.આર.ડોબરીયા તથા ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે ભગવતીપરા શેરી નં.૨૨ ડંકીવાળા ચોક પાસે રહેતા અલ્પેશ પરમારમાં મકાનમાં દરોડો પાડી અહીં જુગાર રમતા સાત શખસોને ઝડપી લીધા હતાં.જેમાં જુગાર રમાડનાર અલ્પેશ હરી પરમાર, જગદીશ કેશવજી રાઠોડ, ઉમેશ દેવજી મકવાણા, રમેશ મેઘજી સોલંકી, પ્રવિણ ગોપાલ ચુડાસમા, વિજય મનસુખ શુકલ અને ભરત બચુ પરમારનો સમાવેશ થાય છે. પોલીસે રોકડ રૂ. ૨૬,૦૫૦ કબજે કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ત્રીજા દરોડામાં થોરાળા પોલીસ મથકના પીએસઆઈ બી.આર.સાવલીયા તથા ટીમે રામનગર શેરી નં. ૧ માં જાહેરમાં જુગાર રમતા આશીષ ચુની સોલંકી, નિલેષ મનસુખ સોલંકી, પ્રફુલ કિશન સોલંકી અને મુકેશ અમરશી ગોરસવા સહિત ચારને ઝડપી લઈ રૂ. ૧૦,૯૦૦ ની રોકડ કબ્જે કરી હતી.